

# ખોજ

જીવન એક અવિરત ખોજ

નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૭
વર્ષ ૧ અંક ૬

## વિજયનગરનું સત્ય

**આ છે વજેપુરનું 'ગાઢું જંગલ'**
**જેને માટે નિર્દોષોનો ભોગ લેવાયો**

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*

*- Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

જાન્યુઆરી - ફેબ્રુઆરી ૦૮
વર્ષ ૨, અંક ૧


| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો / પ્રતિભાવો | | ૫ |
| **તળિયેથી . . . .** | | |
| - એ તો ભરણ બાકી હતું ને એટલે. . . | રાજેશ મિશ્રા | ૦૭ |
| - જંગલોનું ફેરણું પણ ચાલુ કરી દીધું છે. . . | તૃપ્તિ પારેખ | ૦૯ |
| **સાંપ્રત** | | |
| નેનો એક સ્વપ્નકથા | તૃપ્તિ પારેખ | ૧૧ |
| સમાચાર-સારણી | | ૧૩ |
| **અગ્રલેખ** | | |
| - આંતરસુબાનું સત્ય | તૃપ્તિ / અંબરીષ | ૧૫ |
| - ચૂંટણી પરિણામ : થોડી આંતરખોજ | અંબરીષ મહેતા | ૨૫ |
| **સંવાદ** | | |
| વાતચીત - લોર્ડ મેઘનાથ દેસાઇ સાથે . . . | અનુ. રાજેશ મિશ્રા | ૩૦ |
| **લેખ** | | |
| રેશનાલિટી : આધુનિક વિભાવના | જયંતી પટેલ | ૩૩ |
| પરમાણુ શસ્ત્રવાદ : રુગ્ણ માનસની દ્યોતક? | દિનેશ શુક્લ | ૩૭ |
| જસ્ટિસ ખન્ના - સત્તા સામે ન્યાયનો અવાજ | | ૪૦ |
| વાંચનનો મહિમા | કર્દમ ર.મોદી | ૪૧ |


**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

પહેલા મુખપૃષ્ઠ પરના ફોટોગ્રાફ માટે ચાર્લ્સ કિસ્પોતા અને છેલ્લા પૃષ્ઠના ફોટોગ્રાફ માટે સિદ્ધાર્થ શાહના આભારી છીએ

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ (ARCH)ના નામે મોકલવા વિનંતી છે.
બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

'ખોજ'માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

## સંપાદકીય

આ અંક માટેની છેવટની તૈયારી કરી રહ્યા હતા ને સાબરકાંઠાના વિજયનગર તાલુકામાં પોલીસ ગોળીબારમાં બે આદિવાસીઓના મોત થયાના સમાચાર આવ્યા. પોલીસના કહેવા પ્રમાણે આદિવાસીઓના ટોળાએ આંતરસુબા આશ્રમ ખાતેની રેન્જ ફોરેસ્ટ ઓફિસ ઉપર તીર-કામઠાં અને અન્ય તીક્ષ્ણ હથિયારો સાથે ત્યાં સ્થિત સરકારી કર્મચારીઓને મારી નાંખવાના ઈરાદા સાથે હુમલો કરેલો અને એટલે એને સ્વબચાવમાં ગોળીબાર કરવાની ફરજ પડેલી. ત્યાર પહેલાં આ આદિવાસીઓ ત્યાંનાં ગાઢાં જંગલોમાં મોટા પાયે વૃક્ષો કાપી રહ્યા હોવાની અને નરમ નકસલવાદ પ્રસરી રહ્યો હોવાની વાતો પણ વન વિભાગે વહેતી કરી હતી. આ વાતો સહેલાઇથી માની શકાય એવી નહોતી. અને એટલે 'ખોજ'ના અંકના કામને બાજુ પર મૂકીને ત્યાં ખરેખર શું થયેલું તેની ખોજ કરવાનું નક્કી કર્યું. આદિવાસી મહાસભાના નેજા હેઠળ કરેલી આ તપાસમાં ઘણી ચોંકાવનારી વાતો બહાર આવી છે. આ અંકનો અગ્રલેખ 'વિજયનગરનું સત્ય' એની વિગતે ચર્ચા કરે છે.


સૌથી પહેલી વાત તો એ છે કે આદિવાસીઓએ મોટાપાયે જંગલો કાપ્યાની વાત જ સાવ ખોટી અને ઉપજાવી કાઢેલી છે. એમણે માત્ર બે નાની છાપરી બનાવી છે. એ પણ એટલા માટે કે જે જમીનો તેઓ પહેલા ખેડતા હતા પણ વન વિભાગે છોડાવી દીધેલી એ જમીન પર તેમનો હક્ક છે એ દર્શાવવા માટે જ. નવા 'વન અધિકાર કાયદા'ની જોગવાઈઓ મુજબ આ જમીનો પણ એમને મળવી જોઈએ એટલી જ તેમની રજૂઆત હતી. અને તેઓ આમ કરવાના છે તેની વન વિભાગને અગાઉથી જાણ પણ કરેલી. ખરેખર તો આવી છાપરી બાંધવાની કોઈ જરૂર જ નહોતી કારણ કે વન અધિકાર કાયદામાં આવી જમીનો પરના હક્કોને માન્યતા આપવાની જોગવાઈ છે જ. એટલે ત્યારે જ વન વિભાગે એમને કાયદાની સાચી સમજ આપી હોત તો કોઈ સવાલ જ પેદા ન થયો હોત. પરંતુ એ સીધો રસ્તો અપનાવવાને બદલે વન વિભાગે એમને આ છાપરી બાંધવા દીધી અને પછી 'લોકો મોટા પાયે જંગલો કાપી રહ્યા છે અને નવી જમીનો ખોલી રહ્યા છે'ની સાવ ખોટી બુમરાણ મચાવી દીધી અને લોકો તેમજ સરકારી તંત્રને ગુમરાહ કર્યા. આમ કરવા પાછળનો એનો મકસદ વન અધિકાર કાયદાને તેમજ આદિવાસીઓને બદનામ કરવાનો જ હતો, કે જેથી આ કાયદાના અમલ પર જ રોક આવે.

બીજી બાજુ પોલીસ તેમજ જિલ્લા વહીવટી તંત્રે પણ 'લોકો મોટાપાયે જંગલો કાપી રહ્યા છે'ની વન વિભાગની વાતને ચકાસ્યા વગર જ સ્વીકારી લીધી અને આદિવાસીઓને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. અને સાવ મામૂલી ફરિયાદનું ઓઠું લઈને જાણે કોઈ ખૂંખાર આતંકવાદીઓને પકડવા જતા હોય એમ પોલીસે મળસ્કે અંધારામાં ગામોમાં રેડ પાડી અને કોઈ પણ જાતની માહિતી આપ્યા વગર છ વ્યક્તિઓને ઊઠાવી ગઈ. એની પ્રતિક્રિયામાં લોકો સ્વાભાવિક જ પોતાના માણસોની ભાળ કાઢવા માટે આંતરસુબા આશ્રમ ખાતેની રેન્જ ઓફિસે ગયા અને ગેટની બહાર ઢોલ નગારા વગાડતા વગાડતા પોતાના માણસોને છોડવાની માંગણી કરી રહ્યા હતા. ત્યારે એમની એ માંગણીનો યોગ્ય જવાબ આપવાને બદલે કોઈ પણ જાતની ચેતવણી આપ્યા વગર ૨૦ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યો અને પાંચ માણસોને ઢાળી દેવાયા, જેમાંથી બે સ્થળ પર જ મૃત્યુ પામ્યા અને બાકીના ત્રણ ગંભીર રીતે ઘવાયા. અને પછી એના બચાવમાં લોકોએ હુમલો કર્યો હતો એવો ખોટો કેસ ઊભો કર્યો.

આમ, સાવ મામૂલી ઘટનાનો ઉપયોગ કરીને એના આધારે વન અધિકાર કાયદાને બદનામ કરવાની વન વિભાગની રમત કરુણાન્તિકામાં ફેરવાઈ ગઈ. એના મકસદથી વિપરીત, આ બનાવને કારણે વન અધિકાર કાયદાનો ઝડપી અમલ રાજ્યભરમાં શરૂ થઇ ગયો છે. પરંતુ એથી વિજયનગરનાં આ આદિવાસી પરિવારોને ન્યાય નથી મળી જતો. એ તો એમના પરના ખોટા કેસ પાછા ખેંચવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં લેવામાં આવે તેમજ એમને યોગ્ય વળતર આપવામાં આવે ત્યારે જ મળ્યો ગણાશે. એમ થશે ખરું ?

- સંપાદક

## પત્રો / પ્રતિભાવો




આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :


આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩, ૬૫૩૩૪૩૬
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦


ગયો અંક (વર્ષ-૧, અંક-૬) નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૦૭ ખરેખર સરસ હતો - વિવિધ વિષયોને કારણે અને તેની છણાવટને કારણે. ડિસ્મલ સાયન્સનો ઈતિહાસ વાંચતાં એવું લાગ્યું કે જેમને આપણે મહાન ચિંતક માનતા હતા, તેઓ પણ તેમના જમાનામાં કેવું વિચારતા હતા!

*- દિનેશ શુક્લ, અમદાવાદ*

''ખોજ''નો નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૭નો અંક ૬ મળ્યો. A very attractive and interest-arousing title picture.

સંપાદકીય લેખમાં આપે જે ટૂંકી સમીક્ષા કરી છે, તે યોગ્ય છે. શ્રી મોદી એકલે હાથે પક્ષનાં જ સગાંવહાલા તથા વિરોધ પક્ષના વિરોધના તોતીંગ માનસિક ભાર નીચે જીવી ગયા અને વિજયી નીવડ્યા એ એમના ભારે આત્મવિશ્વાસ અને લોકમાનસ પરની પકડના જાદુની કરામત છે. શ્રીમતી સોનિયાબેને મોદીને મહાત કરવાની ઉતાવળમાં એમના હાથમાં જીતનું પત્તું મૂકી દીધું. આપના વિશેષ અભ્યાસકીય નોંધની આવતા અંકે પ્રતીક્ષા.

નંદીગ્રામની કરુણાંતિકા આખા વિશ્વના રંગમંચ પર છવાઈ ગઈ છે. સામ્યવાદીઓની ચાલ ઉઘાડી પડી ગઈ છે. પૂ. બાપુ જીવતા હોત તો નોઆખલીની જેમ ત્યાં દોડી જાત.

હિન્દ સ્વરાજ મંડળની જૂની ૧૯૯૦ની પત્રિકા, જે આજે પણ એટલી જ સચોટ છે, તે પ્રતિભાવ રૂપે રજૂ કરી ગરીબોની માનસિક તાણ, આર્થિક ખેંચ અને જીવનની ઘેરી સમસ્યા છતી કરી છે. ગરીબોનો કોઈ બેલી નથી. કાયદા ગરીબોને બેડી બાંધવા જ વધુ ઉપયોગી હોઈ શકે.

વિજ્ઞાન અને અધ્યાત્મની જથી કડી વધુ ને વધુ ઘેરી બની રહી છે. આ ક્ષેત્રને ભેદવાની ગુરુચાવી મન છે. મન એ જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ છે.

છેલ્લે ટીપ્પણી કરતાં લખીશ. ''ખોજ''નું ભવિષ્ય ઉજ્જવળ છે, પણ એને એની શોધમાં વધુ ને વધુ એકેડેમિક બનાવશો તો વાચકોનો રસ ઊડી જશે. કારણ સ્પષ્ટ છે – ઊંડા-ગૂઢાર્થ લેખો કોને ગમશે ?

*- બી.એ. પંડ્યા, સુરત*

''ખોજ''ના નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૭ના અંકમાં ''બજારની કાર્યસાધકતા અને નૈતિકતા'' લેખ ખૂબ ગમ્યો. આ પ્રકારના લેખો ''ખોજ'' સિવાય અન્યત્ર વાંચવા મળતા નથી. તદુપરાંત ''ગીરના માલધારી-સાવજ'' અંગે લેખ પણ સરસ માહિતીપ્રદ છે. ''ખોજ''ના નામને સાર્થક કરતી વાંચનસામગ્રી પ્રસિદ્ધ થાય છે. તેનું ખૂબ જ આકર્ષણ રહે છે.

*- બાબુલાલ ગોર, ભુજ*

સાંપ્રત સમસ્યા વિભાગમાં વન અધિકાર કાયદો . . . કેટલો છેટે ? તૃપ્તિ પારેખનો લેખ રસપૂર્વક વાંચ્યો. સંકલન અને માહિતી ખૂબ ગમ્યા. ગીરના માલધારી - સાવજ અંગે વાસુદેવ વોરાના લેખથી સાવજ વિષેની માહિતી રસપ્રદ અને ઉપયોગી છે. લેખકને ધન્યવાદ

*- રસિકલાલ એસ. વ્યાસ, ભાવનગર*

ગુલાગ પરનો મારો લેખ છાપવા બદલ આભાર. પરંતુ એમાં જે કાપકૂપ થઈ એને કારણે અધવચ્ચે જ અચાનક પૂરો થઈ જતો હોય એવી છાપ પડે છે. એ અધૂરપ દૂર કરવાને હવે પછીના અંકમાં આટલી પૂરવણી છાપવા વિનંતી છે :

અહીં ખાસ વાત એ નોંધવા જેવી છે કે સોવિયેટ યુનિઅનના પતન પછી પણ ત્યાંના શાસકો કે લોકોમાં ગુલાગના ભોગ બનેલાઓ માટે કોઇ વિશેષ કરુણાની લાગણી કે નિસબત નથી

દેખાતી. દક્ષિણ આફ્રિકામાં બનેલું તેમ, ત્યાં કોઇ ''truth commission'' સ્થાપવામાં આવ્યું. યેલ્તસિને સામ્યવાદી પક્ષ સામે કાનૂની કાર્યવાહી કરી, પરંતુ ધીરેધીરે તે અપ્રસ્તુત બની ગઇ અને કોઇએ તેની ખાસ નોંધ પણ લીધી નહિ. બે દાયકાનો દેશવટો ભોગવ્યા પછી સોલ્ઝેનિત્સિન જ્યારે સ્વદેશ પાછા ફર્યા ત્યારે ત્યાંના લિબરલ બુદ્ધિજીવીઓએ તેમને ઠંડો આવકાર જ આપેલો અને ગુલાગ આર્કિપેલેગોના વાંચનારાઓની સંખ્યા પણ બીજે કરતાં વધારે નથી. અલબત, મેમોરિઅલ હ્યુમન રાઇટ્સ સેંટર જેવાં કેટલાક જૂથો કેમ્પ પર કામ કરી રહ્યાં છે, પણ રશિયન સમાજની તેના પ્રત્યે કોઇ સંવેદનશીલતા નથી.

૧૯૯૧ના ઓગસ્ટમાં KGB ના નેતૃત્વ હેઠળ નિષ્ફળ બળવો થયો અને ત્યાર પછી લુબ્યાન્કા (મોસ્કોની કેન્દ્રીય જેલ)ની બહાર દેખાવકારો ભેગા થયા અને થોડા જ સમયમાં સોવિયેટ છૂપી પોલીસના જનક ફેલિક્સ ઝરઝિન્સ્કીનું પૂતળું તોડી પાડવામાં આવ્યું. નવા યુગની આ કદાચ શરૂઆત હતી. પરંતુ વક્રતા એ છે કે ત્યાર પછી મેમોરિઅલ નામની સંસ્થાના સભ્યો સોલોવેટસ્કીથી મોટો પત્થર લઇ આવ્યા અને લુબ્યાન્કાની બહાર મૂકયો અને જયારે દમનખોર સોવિયેટ શાસનના ભોગ બનેલાઓને આ પત્થર સમર્પિત કરવામાં આવ્યો ત્યારે માંડ સોએક જેટલા લોકો હાજર હતાં અને પ્રસાર માધ્યમોએ પણ એની ખાસ નોંધ નહોતી લીધી. આજે પણ કયારેક મૃતાત્માઓનાં જથ્થામાં દાટેલાં હાડકાંઓથી ભરેલો ખાડો કયાંક આકસ્મિક રીતે મળી આવે તો થોડા સમય માટે વંટોળ ઊભો થાય પણ પછી તે શમી જાય છે. એપલબોમ પ્રમાણે ઘણી જગ્યાએ આ સિવાય વિશેષ કંઇ બદલાયું નથી. છૂપી પોલીસ અને તેનાં ઉપકરણો - કાડર, સાધનો, ઓફિસો - લગભગ જેમનાં તેમ છે. રશિયાને સોવિયેટ સત્તા વારસામાં મળી છે અને પોતાના અતીતની યાતનાયુક્ત સ્મૃતિઓની ગેરહાજરીમાં આધુનિક રશિયામાં કાયદો કે ન્યાયને લગતા સુધારા માટે અત્યંત ઓછો અવકાશ છે, તેવી છાપ પડે છે.

છેલ્લે સમાપનરૂપે એ કહેવું જ રહ્યું કે : સૈદ્ધાંતિક રીતે સોવિયેટ યુનિઅન શ્રમજીવીઓનું રાજ્ય હોવા છતાં વિરોધાભાસ એ છે કે શ્રમજીવીઓને જ વેઠપ્રથાનો ભોગ બનાવવામાં આવ્યા. બીજું, સોવિયેટ યુનિઅન અનેક વંશીય અસ્મિતાઓનો બનેલો દેશ છે તે જાણીતી વાત છે. ગુલાગાં જે લોકોને કેદી તરીકે મોકલવામાં આવતા તેમાં ગુનાઇત કૃત્ય કર્યું હોય તેવા લોકો ઉપરાંત લોકો જે હતા તે માટે પણ ગુલાગમાં મોકલી આપવામાં આવતા! હિટલરની બાબતમાં તો વાત બહુ સ્પષ્ટ હતી : યહુદીઓ સાંસ્કૃતિક પ્રદૂષકો હોવાને કારણે તેમનો વંશવિનાશ કરવાની વાત હતી. પરંતુ અહિં તો નાગરિકોને કોઈ કારણ યા વજૂદ વગર ગુલાગમાં મોકલવામાં આવતા !

વક્રતા એ છે કે વિકાસ, મુકિતવાદી વિચારધારા કે રાષ્ટ્ર-નિર્માણ કે પશ્ચિમની મૂડીવાદી અને ઔદ્યોગિક લોકશાહીની તુલનામાં ટકાઉ, વિશ્વસનીય અને નૈતિક રીતે ચડિયાતી રાજકીય/આર્થિક વ્યવસ્થાને નામે વેઠપ્રથા, ભયંકર શિક્ષાઓ અને અન્ય દૂષણો/વિકૃતિઓનો આશરો લેવાતો. સોવિયેટ યુનિઅન જ્યારે અસ્તિત્વમાં હતું ત્યારે આર્થિક અને વૈજ્ઞાનિક સિદ્ધિઓના તેણે જે કોઇ દાવાઓ કર્યા તેને ગુલાગે ઊભી કરેલી વેઠપ્રથા સાથે સીધો સંબંધ હતો. આ વેઠપ્રથા વગર સોવિયેટ યુનિઅન કથિત આર્થિક વિકાસ સાધી શકયું હોત કે કેમ તે ચર્ચાનો મુદ્દો છે. ■

*- પ્રો. યોગેન્દ્ર માંકડ, અમદાવાદ*

### 'ખોજ'નું લવાજમ નીચેનાં સ્થળોએ પણ સ્વીકારાય છે


| | |
|---|---|
| ડો દક્ષાબેન /રશ્મિભાઈ | : આર્ય દવાખાનું, નગરીયા, ધરમપુર. ફોનઃ ૦૨૬૩૩-૨૯૩૨૩૨. |
| શ્રી રાહુલ દવે | : ૫૮, સહજધામ રો હાઉસ, હની પાર્ક રોડ, અડાજણ, સુરત. ફોન ૯૮૨૫૧૩૨૬૧૫. |
| બરોડા બુક કોર્પોરેશન | : ૨૦ સ્ટોપ એન્ડ શોપ પ્લાઝા, ઓફટેલ ટાવર, આર.સી.દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ફોન ૨૩૫૮૭૩૬. |
| ડો. મહેન્દ્ર ચોટલીયા | : એમ.બી.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, ફોન ૯૮૭૯૫૨૮૧૨૯. |
| પ્રશાંત ચાવડા | : ૩૨-૨, બીમાનગર, ઉમિયા વિજય બસ સ્ટેન્ડ પાછળ, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ફોન ૨૬૩૦૨૩૨૨. |
| ડૉ. મહેબુબ દેસાઈ | : સુકૂન, ૪૦૫, પ્રભુદાસ તળાવ, ભાવનગર. ફોન (૦૨૭૮) ૨૪૩૯૨૨૬ |
| સૌરભ પુસ્તક ભંડાર | : બી-૨૦, સ્થાપત્ય એપાર્ટમેન્ટ, સ્ટર્લીંગ હોસ્પીટલ પાસે, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૫૧૪૦૦. |
| નવકાર મેગેઝીન એજન્સી | : બી-૮, અરિહંતનગર, વિશ્રામનગર સામે, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ ફોન ૨૭૪૭૫૦૯૭. |
| પીયૂષ મેગેઝીન વર્લ્ડ | : એફ-૮, પ્રથમ માળ, મુલ્કી ભવન, એસ. ટી. બસ સ્ટેન્ડની પાસે, મહેસાણા ફોન (૦૨૭૬૨) ૨૨૦૩૫૦. |

# એ.. તો.. ભરણ બાકી હતું ને એટલે . . .

*- રાજેશ મિશ્રા*

અચાનક બપોરે વડોદરા જવાનું નક્કી કર્યું. બસનો ટાઇમ છે કે નહીં તેનીયે ચિંતા કર્યા વગર નીકળી પડયો. બસ ડેપોએ પહોંચ્યો. થોડી વારે ખાનગી મીની લકઝરી મુકાઇ, તેમાં બેઠક લીધી. થોડી અકળામણ હતી કે હવે ભરાશે ત્યારે નીકળશે, પરંતુ જોતજોતાંમાં તો ભરાઈ ગઇ. આમ પણ ખાનગી વાહનના સંચાલકોએ નિશ્ચિત સમયે વાહન ઉપાડવું જ પડે કેમ કે તેની પાછળ જેનો વારો હોય તેનું દબાણ હોય. આગલું કનેકશન ચુકાઇ જશે તો પડી રહેવું પડશે તેવી બીક નહોતી કેમકે બોડેલીથી દર અડધા કલાકે જીપ કે લકઝરી બસો વડોદરા માટે મુકાતી રહે છે. ચા પીવાનું મન થતાં ચા પીવા જાઉં છું. મારી સામે જ ભરાતી જીપ ઊપડવાની છે પણ ચિંતા નથી કેમ કે તેની પાછળ બીજી જીપ તૈયાર જ છે. ચા પીને જીપમાં જગ્યા લઉં છું. શરૂઆતની પાંચેક મિનિટ હું એકલો જ છું. જીપના સંચાલક-માલિક ડ્રાયવર અને કન્ડકટર બોય આંટા મારે છે, બૂમો પાડે છે અને પાંચેક જણના એક કુટુંબને લઇ આવે છે. તેમને બેસતાં જોઇ બીજા પણ એકલદોકલ મુસાફરો આવી જાય છે. અને દરેક સીટની ક્ષમતા કરતાં બે પેસેન્જર વધારે ભરે છે, આગળપાછળ થઇ સાંકડેમાંકડે બધા ગોઠવાઈ જાય છે અને જીપ ઊપડે છે. જીપ માંડ દસેક માઈલ ગઇ હશે અને ત્યાં દૂરથી પોલીસોનું ઝૂંડ વાહનોને અટકાવતું જોવા મળે છે. એક પેસેન્જરે નોંધ લીધી કે અમુક જીપ-વાહનોને જવા દે છે અમુકને ઊભાં કરી દે છે. અમારી જીપને ઇશારો કરી પોલીસે સાઇડમાં ઊભી રખાવી દીધી. એક બહેન પેસેન્જર બોલી પડે છે, હવે બધાએ ઊતરવું પડશે કે શું ? માલિક-ડ્રાયવર ધરપત આપે છે કે ચિંતા ના કરો. થોડી વારમાં તે પાછો ફરે છે અને સાવ જ શાંતિથી સ્વાભાવિકપણે ગાડી સ્ટાર્ટ કરે છે. મેં પૂછપરછ કરતાં એકદમ જ સરળ જવાબ આપે છે. એ તો ચાલુ મહિનાનું ભરણ બાકી હતું એટલે ઊભી રખાવેલ. હું આમ તો બરાબર પહોંચાડી દઉં છું, પણ આ વખતે ઉપરાછાપરી ખર્ચા આવ્યા એટલે થોડું લંબાઇ ગયું. પણ ખબર જ હતી કે આજકાલમાં અટકાવશે એટલે કવર તૈયાર જ રાખેલું તે આપ્યું અને કામ પત્યું. ગાડી સ્ટાર્ટ કરી ચાલુ ગાડીએ મોબાઇલ પર કોઇ સાથે વાત કરે છે. ‘‘દીપક : મેન સાહેબને વાત કરી દેજે કે ૯૨૯૮નું ભરણ આવી ગયું છે હોવે લા–ગામડી પોલીસથાણાવાળા રસ્તામાં જ ઊભેલા, પતાવી દીધું છે પણ તું એક વાર મેન સાહેબને ટચ કરી લેજે એટલે ટેન્શન નહીં’’. મોબાઇલ બંધ કરી રીમોટથી સીડી ટેપ ચાલુ કરે છે. મારા સારા નસીબે જૂનાં ગીતોનો શોખીન હોઇ તે સંભળાવા ચાલુ થાય છે. અવાજ પણ ખાસ ઊંચો નથી રાખ્યો એટલે આજે માથું ચઢવાનું નથી. મેં તેને પૂછયું, કેટલા આપવા પડયા ? ડ્રાઈવર મારી સામે જુએ છે, પણ ચૂપ રહે છે. ફરી પૂછ્યું એટલે સરળતાથી બોલ્યો, દર મહિનાનું ભરણ તો ભરવું જ પડે ને! ના ભરે તો ગાડી ઊભી રખાવે. એટલે મેં ફરી પૂછયું, પણ કેટલું, મહિને સો-દોઢ સો ? અને તરત જ તેની સ્વાભાવિક શાંતિ અને નમ્રતા બાજુએ મૂકી એકદમ બોલી ઊઠયો, શું વાત કરો છો તમે! વચ્ચેનાં થાણાંઓ ગામડી-ડભોઇ-વાડી-નવાપુરા (વડોદરા સીટી)ના પાંચસો અને બોડેલીના એક હજાર રૂપિયા તો ભરવાના જ અને તેમાંય ટ્રાફિક પોલીસ અને એસ. ટી. સ્કવોડની ખાતરી નહીં, પકડાયા અને પતી જાય તો પતી જાય. નહી તો મેમો ફાટે અને મોટો દંડ ભરવો પડે. આ તો જબરી જફા છે, પણ શું કરવાનું? એટલે મેં કહ્યું, તો આગળ ડભોઇવાળા ઊભા જ હશે. એણે હસીને કહ્યું, તેમનું કવર તૈયાર જ રાખ્યું છે. મળશે તો આપી દઇશ. તેમ કરતાં ડભોઇ પહોંચ્યા, પણ ત્યાં કોઇ ન હતું. વડોદરામાં દાખલ થતાં જ ફરી બે-ત્રણ પોલીસવાળા વાહનોને અટકાવતા દેખાયા એટલે એક બહેન પેસેન્જર બોલી ઊઠ્યાં, યમરાજાઓ ઊભા છે. માલિક ડ્રાયવરે સ્મિત કરતાં કહ્યું કે ગઇકાલે તેમનું પતાવી દીધું છે. અમારી જીપ તેઓની નજીક આવી, પોલીસે નજર નાંખી અને અમારા માલિક ડ્રાયવર સાથે સ્મિત એક્ષચેન્જ કર્યું અને ગાડી આગળ વધી. આખા રસ્તે પોલીસ અને ભ્રષ્ટાચાર પર પેસેન્જરો પોતપોતાની ઉગ્રતા ઠાલવતા રહ્યા : ‘‘એમને બીજો કામધંધો જ નથી. મહેનતનું કમાનારાને હેરાન કરી પૈસા વસૂલ કરો. પગાર તો સીધો બેંકમાં જમા કરાવવાનો. મહિનાનો ખર્ચો તો ભરણ હપ્તાથી જ વસૂલ કરી લેવાનો. સરકાર પણ મહીંની મહીં જ છે, કોણે કીધું કે તેને આ બધી ખબર નથી ? વહીવટના નામે મીંડું જ. બસ, ખાવાનું જ, ખાવ અને ખાવા દો....’’ વગેરે, વગેરે.

અમારી નજીકના ગામથી જિલ્લાના મુખ્ય મથક સુધીના આશરે ૩૦ કિ.મી.ના અંતરમાં વચ્ચે ત્રણ પોલીસ સ્ટેશનો તથા જિલ્લા મથકે ડીએસપી એમ ચાર પોલીસ કચેરીઓ પણ છે.



આ ૩૦ કિ.મી.ના રસ્તા પર અત્યારે ત્રીસ જેટલા ખાનગી છકડા ચાલે છે અને ત્રણ ચાર જીપો ચાલે છે. વિસ્તારના લોકો માટે આ ખાનગી સગવડ આશીર્વાદરૂપ છે. હવે કોઇ પણ, ક્યારે પણ રસ્તા પર આવીને ઊભો રહે અને આસાનીથી એકાદ કલાકમાં તેના મુકામે પહોંચી જાય છે. આ પાંત્રીસ જેટલા છકડા-જીપોના સંચાલકોએ માર્ગમાં ત્રણ પોલીસ સ્ટેશનો અને ડીએસપી કચેરીના ડ્રાયવર સુધ્ધાંને હપ્તા તરીકે દર મહિને રૂ. ૨૫૦૦ ચૂકવવા પડે છે. ૩૫ વાહન ગણીએ તો દર મહિને રૂ. ૮૭,૫૦૦ અને વરસે રૂ. ૧૦,૫૦,૦૦૦ હપ્તા તરીકે ચૂકવાય છે. સ્વાભાવિક જ લોકોના પરસેવાની, છકડા-જીપોના સંચાલકોની રાતદિવસની મહેનતની કમાણી ભ્રષ્ટ માર્ગે વેડફાય છે. આ તો એક જ રસ્તાની વાત છે, પરંતુ અમારા વિસ્તારના નાના નાના ૧૦ જેટલા લોકલ રસ્તા છે અને વડોદરા કે ડભોઇ જેવાં શહેરોના ત્રણ મોટા રસ્તા છે. આખા ગુજરાતના રસ્તાની - ગામડાઓ વચ્ચેના, જિલ્લાના મુખ્ય મથકે પહોંચવાના, બીજાં નાનાં નગરો સુધીના રસ્તાઓની, ગણતરી માંડીએ તો માથું ભમી જાય તેટલી લોકોની અબજો રૂપિયાની કમાણી ભ્રષ્ટ માર્ગે વહીવટીતંત્રનાં તથા કેટલાક કિસ્સામાં તો સ્થાનિક રાજકરણી, ડોન કે ધારાસભ્યોનાં ખિસ્સામાં જઇ રહી છે.

છકડા-જીપોની ખાનગી સગવડ આશીર્વાદરૂપ છે. એક દાખલો આપું. માંગરોળ દવાખાને ૨૦૦-૩૦૦ કિ.મી.ના અંતરેથી - છેક મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર સુધીના પણ -દર્દીઓ સમયસર આવી પહોંચે છે અને દવા લઇ રાતે ઘેર પહોંચી શકે છે કેમ કે એક જીપ-છકડા પરથી ઊતરો કે આગલા સ્ટેન્ડ માટે બીજું વાહન ઊભું જ હોય. લોકોની જરૂરિયાત હશે તો માલ-સર્વિસ પૂરાં પાડવા કોઇ ને કોઇ મળી જ જાય. માલ-સેવાઓ પૂરાં પાડનાર પર જેટલાં નિયંત્રણો ઓછાં તેટલા માલ-સેવા પૂરાં પાડનાર સપ્લાયર વધારે અને જેટલાં નિયંત્રણો વધુ તેટલો ભ્રષ્ટ્રાચાર વધુ અને તેટલા વહાલાંદવલાંની વગ વધારે. અત્યારે ગેરકાયદે ગણાતી આ ધંધાકીય પ્રવૃત્તિમાં એક માહિતી મુજબ, લાંબા અંતરના રૂટના સંચાલકોમાં વગદાર પોલીસ અધિકારીઓ, ધારાસભ્યો, પ્રધાનો મોટી સંખ્યામાં છે. વળી, નિયંત્રણો - અધિકારીની સત્તા જેટલી વધારે તેટલી ગ્રાહકની સોદાશક્તિ ઓછી અને તેટલી સેવાઓ ને માલની ગુણવત્તા યે ઓછી.

ઉપર જણાવેલ કિસ્સાની વાત કરીએ તો, છકડા-જીપના સંચાલકોને હાલ જે દર મહિને રૂ. ૨૫૦૦ આપવાના થાય છે તે જો આપવા ના પડે તો તે એક ફેરામાં જે ઓવરલોડ મુસાફરો ભરી જાય છે તે ઓછા ભરે અને છકડાને થતું નુકસાન બચાવવાનું પસંદ કરે. વળી, ઓછા મુસાફર ભરે તેથી પાછળના છકડાનો નંબર વહેલો આવે. છેવટે હાલ જે ૩૦-૩૫ છકડા-જીપ છે તેમાં વધારો થાય. આમ, નવા રોજગાર સર્જાય અને ગ્રાહકને સારી ને ઝડપી સેવા મળે.

એટલે હકીકતમાં તો છકડા-જીપો કે લકઝરી બસો પરનાં નિયંત્રણો હટાવી લેવાં જોઇએ અને આ સેવાઓ ગેરકાયદેસર છે તે વાત જ નીકળી જવી જોઇએ. આવાં મુસાફરી સેવાઓ આપતાં વાહનોને પોલીસ અટકાવે, હેરાન કરે તેવાં નિયંત્રણો હટી જવાં જોઇએ. વળી, અત્યારે તો આવાં વાહનો ગેરકાયદેસર ગણાતાં હોઇ અકસ્માત થાય તો મુસાફરોને વીમાકવરનો લાભ નથી મળતો. મુસાફરી સેવાઓ પૂરી પાડવા માટેની વાર્ષિક કે કાયમી અમુક ફી ઠેરવી શકાય. અત્યારે ખાનગી વાહન-સંચાલકોએ દર મહિને રૂ. ૭૫૦ થી રૂ. ૨૫૦૦નો હપ્તો આપવાનો થાય છે. તેના બદલે જો મહિને રૂ. ૫૦૦ કે વરસના રૂ. ૬૦૦૦ સરકારમાં ભરી આખું વરસ પોલીસની રોકટોક વિના ગમે ત્યાં ફરી શકવાનું ગોઠવી દેવાય તો છકડા-જીપ-લકઝરીના સંચાલકો હોંશે હોંશે આ રકમ ભરવા તૈયાર થશે. અને એકદમ સીધી વાત છે કે આ રકમ ખાનગી ગજવાઓમાં જવાને બદલે સરકારી તિજોરીમાં આવશે. જીપ-છકડા-લકઝરી વાહનોના માલિકોની પરસેવાની કમાણી, લાખો લાકોએ ભાડા તરીકે ચૂકવેલ પ્રામાણિક મૂડી સરકારમાં જમા થઇ ગુજરાતની જનતાજનાર્દન માટે ઉપલબ્ધ થશે. આવી વ્યવસ્થા ગોઠવવામાં સ્વાભાવિક જ નાનીમોટી મુશ્કેલીઓ સપાટી પર આવશે. આદિવાસી વિસ્તારોમાં ફરતા જીપો-છકડાઓના માલિકોએ વાયા વાયા સેકન્ડ-થર્ડ હેન્ડ ખરીદી કરેલ હોય છે અને કોઇની પાસે વીમા કે માલિકીના કે કોઇપણ જાતના કાગળો હોતા નથી. તેથી આવાં વાહનો માટે એક બે મહિનામાં વાહન રેગ્યુલર કરવાનું અભિયાન કરવું પડે, જેમાં ઓછી ઝંઝટે ઓછા કાગળિયા કર્યેથી હાલના માલિકના નામે વાહનની નોંધણી થઇ જાય.

અહીં, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વહીવટની વાત ના કરીએ તો અધૂરું ગણાશે. બાજુના રાજય મધ્યપ્રદેશમાં ભાજપના શાસનકાળમાં જ ત્યાંના મ.પ્ર પરિવહન નિગમનું પીંડું વાળી દેવામાં આવેલ છે. અને ખાનગી વાહન સંચાલકોને પરમિટ આપી સરકારી ડેપો પરથી જ બસો ઉપાડવાની છૂટ આપવામાં આવી છે. મ.પ્ર.ની નાણાંકીય સ્થિતિ અત્યંત કથળી ગયેલ તેથી ત્યાં ભારે વિરોધ-વંટોળ વચ્ચે આ પગલું લેવું પડેલ. ગુજરાતની સ્થિતિ સદ્ધર છે પણ તેનો અર્થ એવો તો ના જ કરી શકાય કે ભલે ખોટ કરીએ પણ સરકારી પરિવહન તો કરીશું જ અને લોકોનાં નાણાં વેડફાવા દઇશું. જનતા પાસે કોઇ વિકલ્પ ના હોય અને સરકારે બોજ વેઠીને પણ પરિવહન સગવડ આપવી પડે તે વાત બરાબર છે, પરંતુ ઉપર જણાવ્યા મુજબ ખાનગી વાહન સંચાલકો લોકોની સેવામાં હાજર છે અને ખડે પગે ચોવીસ કલાકની નિયમિત, સસ્તી અને ભરોસો કરી શકાય તેવી સેવાઓ આપી રહ્યા છે.

અમારો તો આંખે દેખ્યો અનુભવ છે કે અમારા ગામમાં દિવસમાં છ વખત આવતી બસો પૈકી ચાર વખતની બસમાં આવતા-જતાના કુલ મળીને માંડ પચાસ મુસાફરો બેસતા હશે, બાકીના બે ટાઈમ સ્કુલ બસના છે, જે ફેરા ફુલ જાય છે. જો કે તેમાં પણ બરાબર દસના સમયે આવી સ્કુલે બરાબર અગિયારના ટકોરે ઉતારી દે તેવી રીતે નિયમિત બસ તો મહિનામાં માંડ અડધા દિવસ પણ નહીં આવતી હોય. ગામડાંનાં બાળકો નિશાળે મોડાં પહોંચે, શિક્ષકોની વઢ ખાય, નિશાળ બહાર ઊભા રહેવાની સજા-અપમાન વેઠે. પરીક્ષાના દિવસોમાં તો મોટાભાગના વાલીઓ-બાળકો ઉચ્ચક જીવે હોય અને વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી રાખે છે. ટૂંકમાં, જે વર્ગના ગરીબો, બહેનો, કે વિદ્યાર્થીઓ રાજ્ય પરિવહનની સેવાનો લાભ લઈ શકે છે તે વર્ગ પણ આ સેવાના ભરોસે રહેતો નથી અને હકીકતમાં તો ખાનગી વિકલ્પોનો ઉપયોગ કરતો થઇ ગયો છે. તેથી આ વર્ગ માટે પણ કરોડોની ખોટ વેઠીને વાહન પરિવહન નિગમ ચલાવી ના શકાય. જરૂરતમંદો, વિદ્યાર્થીઓ તથા વિકલાંગ કે જેઓ રાહતદરના બસપાસનો ઉપયોગ કરે છે, તેમને રાહત જેટલી રકમ સીધી બેન્કચેક કે બેન્કમાં રજૂ કર્યે ચૂકવી દેવાય તેવા વાઉચર આપીને કરી શકાય.

જો ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ બંધ કરી દેવામાં આવે તો તે ગુજરાતના લોકોનાં આર્થિક હિતોનું રક્ષણ કર્યું ગણાશે. હાલના સ્ટાફની સમસ્યા આવે, પરંતુ તેના ઉકેલો શક્ય છે. ગુજરાતના કરોડો મુસાફરોના પ્રવાસ દરમિયાન તથા જીપ-છકડા-ખાનગી વાહનચાલકોની સખત મહેનત થકી ઊભી થતી કર રૂપની આવક, અમુક અધિકારીઓ, વગદારો કે રાજકારણીઓનાં ગજવાંમાં જવાને બદલે સરકારી તિજોરીમાં જાય અને જનતાના કામમાં લાગે તે વર્તમાન સમયની માંગ છે. રાજ્ય શાસનના આયામો રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રવાહોના સંદર્ભમાં બદલવા પડે. તેમ કરવા જતાં સ્થાપિત હિતો તરફથી વિરોધના વાવંટોળ ઊભા થાય, પરંતુ તેમાં જ સબળ શાસન અને સબળ નેતૃત્વની કસોટી છે. ■

## અમે તો જંગલોનું ફેરણું પણ ચાલુ કરી દીધું છે. . .

*- તૃપ્તિ પારેખ*

તા. ૨૫ જાન્યુઆરીની કડકડતી ઠંડીભરી સવાર હજુ તો આળસ મરડીને બેઠી થતી હતી. સાંકળી ગામ (દેડિયાપાડા)ની તરાવ ખાડીના ભાઠામાં આસપાસનાં ૧૭-૧૮ ગામનાં સ્ત્રી-પુરુષો ભેગાં થઇ રહ્યાં હતાં. નાયલોન, પોલીસ્ટર અને કોઇક જોર્જટની લાલ-લીલા-પીળા રંગની, જાતજાતની ડિઝાઇનવાળી સાડીઓ પહેરીને આવેલી બહેનોના હસુ હસુ થઇ રહેલા મોઢા પર ડોકિયા કરતો ઉત્સાહ ચેપ લગાડનારો હતો. સૌને એટલી ખબર હતી કે એમની ખેડાણ જંગલ જમીનો હવે નામે થવાની. ગોળ વહેંચાયો અને સૌએ મીઠું મોઢું કર્યું. સૌની ખુશાલીનો પાર નહોતો. ૧લી જાન્યુઆરીએ વર્ષોની લડત અને મહેનત બાદ છેવટે વન અધિકાર કાયદો અમલી બન્યો હતો. અને એના નિયમો પણ બહાર પડ્યા હતા.

જેઓ ડાહ્યા (મોટી ઉંમરના) હતા, એમની નજર સામે છેલ્લાં વીસ વરસો પસાર થઇ ગયાં. જુલાઇ ૧૯૮૮ના ધોધમાર વરસાદમાં જંગલખાતાએ વાંદરી અને સિંગલગભાણ ગામોના લોકોની એમની ખેડાણ જમીનો પરથી હકાલપટ્ટી ચાલુ કરી દીધેલી. વાંદરી એટલે નર્મદા ડેમની દક્ષિણે આવેલું દેડિયાપાડાનું ગામ, જે ડુબાણમાં જતાં રાજપીપલા તાલુકાનાં મોખડી અને સુરપાણ ગામોની દક્ષિણે આવેલું છે. વાંદરીના મારગીયા પીંગલીયા વસાવા, મંગા જીરીયા વસાવા, પારસીંગ વેસ્તા વસાવા વગેરે ત્યારે તો વીસ-બાવીસ વર્ષના જુવાનિયા. નર્મદાના સંગઠન અને લડતને ધ્યાનથી જોઇ રહેલા. ઝેર ગામમાં જંગલ ખાતાએ શરૂ કરેલી તવાઇ અને એના પગલે હાઇકોર્ટમાં કરેલી પીટીશનની વાતો પણ વાંદરી સુધી પહોંચી ગયેલી. તેથી જંગલખાતાની હેરાનગતિ સામે લડવા માટે સંગઠન બનાવવાનું એમણે ઠાની લીધેલું. કેટલીય વાર તેઓ માંગરોળ આવી ગયા. અમે હજુ આનાકાની કરીએ. પણ લોકોની હાડમારી જોઇને ના પાડી દેવાની હિંમત નહોતી. જુલાઇ ૮૮ના ધોધમાર વરસતા વરસાદમાં હું અને રાજેશ રાજદૂત પર ડુંગરોની વચ્ચે વેલીમાં વસેલા વાંદરી ગામે પહોંચ્યા. લોકોને મળ્યા, એમનાં ખેતરો જોયાં. ડુંગરો પર જંગલો પણ ઊગે અને લોકો પોતાનાં ખેતરોમાં ખેતી પણ કરી શકે. કોઇ વિરોધાભાસ નહોતો. છતાં જંગલખાતું કેમ લોકોને ખદેડતું હતું ? ચોરી છૂપીથી હળ-લાકડું લઇને ખેતર ખેડવા જાય, અને બીટગાર્ડ-ફોરેસ્ટરને આવતા દેખીને નાસી જાય. ઉંદર-બિલાડીની આ રમત એમને માટે રોજનું જીવન બની ગયેલું. જંગલમાં આટ-આટલાં સાગનાં ઝાડો, આટ-આટલાં વાંસનાં ઝૂંડો - પણ તેઓ ન તો ઘર સમારી શકે કે ન મગતાં (મોટાં) કરી શકે. ઘરમાં ધાન ન હોય, ત્યારે જંગલમાંથી જંગલી કેળાં કે કાંદો લાવીને બાફીને ખાય. એ અમને પણ ચાખવા આપ્યાં. બસ, પછી તો પાછું વાળીને જોવાપણું ન રહ્યું. શરૂ થઇ વીસ વર્ષની લાંબી લડત અને મથામણો.

૨૫મીની સવારે ચિત્રપટની જેમ એ વર્ષો ઝડપથી પસાર થઇ ગયાં. આજે એ જમીનો હક્કથી ખેડવાનો વારો આવી ગયો છે. એ જમીન ટૂંક સમયમાં ૭×૧૨ (રેવન્યુ રેકર્ડ)માં નોંધાશે, એનાં કટિયાં મળશે. એના પર પાળા બાંધીને જમીન ધોવાણ અટકાવીને વધુ મકાઇ, તુવેર કે ડાંગર પકવી શકાશે. કોણ કહે છે કે દેશના અર્થતંત્રમાં આ લોકોનું કોઇ પ્રદાન નથી? એ જ દિવસે સવારે માંગરોળથી દેડિયાપાડા જતાં રસ્તામાં સાંકળીના રામાએ જે કહેલું એ ખૂબ સૂચક છે. વાતવાતમાં એણે કહેલું, ''દેડિયાપાડાના ૩-૪ વેપારી શેઠ (જેઓ લોકો પાસેથી તુવેર, મકાઇ, કપાસ વગેરે ખરીદે છે) ઘણી વાર તમને યાદ કરે છે. તેઓ કહે છે, ''રામા, આટલાં વર્ષોમાં તમારું જીવને ય સુધર્યું અને અમારો વેપાર પણ વિકસ્યો.''

લોકોનો હરખ સ્પર્શી શકાય એવો હતો, palpable હતો. સાથે જ, 'રખેને કદાચ આ કાયદાનો પણ અમલ ન થાય તો'? નો થડકો અને અંદેશો પણ. એમની બીક અસ્થાને નથી. રોજગારીનો કાયદો હોય કે કલ્યાણકારી યોજનાઓ હોય - એનો અમલ (હા, માહિતી અધિકાર કાયદાના અમુક અંશે થઇ રહેલા અમલને બાદ કરતાં) નહીંવત્ છે.


આમ તો સૌની સાથે કાયદાની જોગવાઈઓની ચર્ચા વારંવાર થતી હતી. પણ હવે કાયદો અમલી થઈ ગયો છે એ જાણતાં એમનો વિગતે જાણવાનો ઉત્સાહ અને રસ એકદમ વધી ગયો. જેમ જેમ હું નિયમો સમજાવતી ગઈ તેમ તેમ લોકો સવાલો કરવા માંડયા, જેઓ આજદિન સુધી કશું બોલતા નહોતા, તેઓ પણ. કોઈ બાજુના ગામની સીમમાં ખેડતો હોય તો એણે અરજી પોતાના ગામમાં કરવી કે જે ગામની સીમમાં ખેડતો હોય ત્યાં કરવી ? જંગલ ખાતાએ પલાન્ટેશન માટે આપણો કબજો છીનવી લીધો હોય ત્યાં શું કરવું ? ગ્રામસભામાં તલાટી રહેશે, તો એ અરજીઓ નામંજૂર નહીં કરી દે ? ગ્રામસભાનો ઠરાવ અને અરજીઓને પ્રાંત કક્ષાની સમિતિને તલાટી પહોંચાડશે ? જંગલ વિસ્તારમાં તો બાજુના ગામના લોકો પણ ઢોર ચારવા કે ટીમરુ પાન વગેરે લેવા આવે. તો ગૌણ પેદાશો માટે અને જંગલ સાચવણી માટે વહેંચણી કેવી રીતે કરવી ? ગયા વર્ષે કાયદો પસાર થઈ ગયા પછી લોકોએ જંગલ સાચવણી ચાલુ કરી દીધી છે. અને ફેરણું કરી રહ્યા છે. એ જંગલમાંથી સીપીએમ વાંસ કાપતી હોય તો શું કરવું ? ડાહ્યાઓના જવાબ સ્ટેમ્પ પેપર પર હોવા જોઈએ કે સાદા કાગળ પર ચાલે ? ગામમાં બે ફાંટા હોય તો વન અધિકાર સમિતિ કેવી રીતે બનાવવી ? વગેરે વગેરે.

આ કાયદો માત્ર જમીનના વ્યક્તિગત પટ્ટા જ નથી આપતો, પણ સાથે સાથે જંગલોને ટકાઉપણે સાચવવાનો અને વાપરવાનો અધિકાર પણ આપે છે. એમાં પાંખાં જંગલોને નવપલ્લવિત કરવાનો રામબાણ ઈલાજ પણ રહેલો છે. મેં લોકોને પૂછ્યું : આ જંગલો તમારાથી સચવાશે? અમારી જમીન અમે નથી સાચવતા? કોઈને અમારો ઊભો પાક ભેલાડી મારવા દઈએ ? એવું જ જંગલોનું પણ. અમે તો જંગલોનું ફેરણું પણ ચાલુ કરી દીધું છે...'' દોઢ સદી પછી લોકો સામે પડકાર ઊભો થયો છે. લોકોને અધિકાર મળે તો એ ઝીલી લેવા તૈયાર છે.

બીજા કાયદાઓ અને આ કાયદામાં એક પાયાનો તફાવત છે. સરકારી ખાતાઓમાં યાદીઓ તૈયાર થવાને બદલે કે અરજીઓ સ્વીકારવાને બદલે ગામોની ગ્રામસભા જ અરજીઓ સ્વીકારશે, ચકાસણી કરશે અને મંજૂર/નામંજૂર કરતા ઠરાવ કરશે. ઉપલા અધિકારીઓને એ માન્ય/અમાન્ય કરવાનો અધિકાર તો જો કે રહેશે જ. પણ ગ્રામસભા મારફતે કરવાની કાર્યવાહીમાં લોકોની સક્રિય ભાગીદારી રહેશે અને આખી કાર્યવાહી પારદર્શી થશે. સાથે જ, લોકોને ધીમેધીમે એ પણ ખ્યાલ આવતો જાય છે કે આ આખી કાર્યવાહી કરવાનું કામ કેટલું અઘરું છે, કેટલી મોટી જવાબદારીવાળું છે. એક તરફ ઉત્સાહ છે, બીજી તરફ ચિંતા.

જ્યાં સંગઠન છે, જાણકારી છે, ત્યાં લોકો એને માટે સજ્જ થઇ રહ્યા છે. પણ રાજ્યના - દેશના કેટલાય વિસ્તારો કે ગામોમાં આ કાયદા અંગે કોઇ જાણકારી કદાચ ન પણ હોય. સરકારે આમ તો બધે જ એની જાણકારી આપવાની છે. કાયદાના યોગ્ય અમલનો બહુ મોટો આધાર લોકોમાં એની જાણકારી હોય એના પર છે. સ્થાનિક લોકો એમાં કેટલા મોટી સંખ્યામાં ભળે છે એના પર છે, અને રાજકારણ પેઠા વગર પારદર્શી અને કાયદેસરની પ્રક્રિયા ચાલે એના પર છે. ■

[નોંધ: જંગલ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ ઉપરાંત જંગલ વિસ્તારમાં ત્રણ પેઢીથી રહેતા બિન-આદિવાસીઓ, માલધારીઓ, વિચરતી જાતિઓને પણ આ કાયદો લાગુ પડે છે. આ તમામ સમુદાયો સાથે કામ કરનાર મિત્રોને કાયદાની નકલ અને માહિતી કેન્દ્ર સરકારના આદિજાતિ મંત્રાલયની વેબસાઇટ (http://tribal.nic.in) પરથી મળી શકશે. કાયદો અને નિયમો અને એનો અમલ કેવી રીતે કરવો એ અંગેની સરળ માહિતી આપતી એક સાવ નાની (૩.૫×૪.૫'') ૩૨ પાનાંની માર્ગદર્શિકા અમે તૈયાર કરી છે. એની કિંમત રૂ. ૨ છે. જેમને પણ જોઇતી હોય તેઓ છૂટક અથવા જથ્થામાં નીચેના સરનામા પરથી મંગાવી શકશે. આર્ચ, ઈ-૭૦૨ સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ, ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ, વડોદરા-૩૯૦૦૦૨ ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩]



# ચલતી કા નામ ગાડી - નેનો એક સ્વપ્નકથા

*-તૃપ્તિ પારેખ*

કોઈને પણ સપનું હોય કે પોતાનું એક ઘર હોય; ઘરને આંગણે એક ગાડી હોય, જેમાં કુટુંબ સાથે મન ફાવે ત્યાં ને ત્યારે સફર કરી શકાય. કોઈ પણ સામાન્ય વ્યક્તિને આવું કોઈ સપનું હોઇ શકે. એ માનવસહજ છે. રેલાની જેમ પસાર થઇ જતી ગાડીઓને જોઇને કોઇની આંખોમાં સપનું ડોકાઇ જાય કે મારી પાસે પણ આટલી મોટી ના સહી, નાની શી પણ એક ગાડી હોય; ટાટાની નેનો એ સપનું સાકાર કરી શકવાની હોય તો એમાં ખોટું શું છે? પાંચ વર્ષ પહેલાં રતન ટાટાએ બે બાળકો અને પતિ-પત્નીને સ્કુટર પર જતાં જોઈને ગાંઠ વાળેલી કે ૧ લાખ રૂપિયામાં 'લોકોની ગાડી' બનાવવી. બે દસકા પહેલાં મારુતિ ઉદ્યોગે મારુતિ ૮૦૦ આપીને ઓટોમોબાઈલ ક્ષેત્રે ક્રાંતિ આણી હતી, આજે ટાટા નેનો એને ઉપલા ચઢાણ પર લઈ જઈ રહી છે. એની ખૂબી એ છે કે મારુતિ ૮૦૦ કરતાં અડધી કિંમતની અને ૨૦ ટકા નાની હોવા છતાં એનાથી ૨૧ ટકા જેટલી વધુ મોકળાશ (space) આપશે. લીટરે લગભગ ૨૦-૨૨ કિ.મી.નું એવરેજ માઈલેજ આપશે. એની મૌલિક ડિઝાઈન, એન્જિનિયરિંગ કૌશલ્ય અને સુંદરતા દુનિયાભરમાં તાજ્જુબીની બીના બની ગઈ છે. એની ડિઝાઈન અને એન્જિનિયરિંગ પાર્ટ્સ માટે ૩૪ જેટલી પેટન્ટ માટે ટાટા મોટર્સે અરજી કરી છે.

દિલ્હીના રિક્ષાવાળાઓએ નેનોને પબ્લિક ટ્રાન્સપોર્ટ તરીકેનું લાયસન્સ આપવા માટેની માંગણી શરૂ કરી દીધી છે. વિશ્વના ખૂણેખૂણે આ સમાચાર પળવારમાં પ્રસરી ગયા અને ઠેરઠેરથી - ચીન-રશિયાથી લઈને આફ્રિકાના દેશો અને બ્રાઝિલ જેવા દક્ષિણ અમેરિકાના દેશોમાંથી પોતાને ત્યાં પણ એનું ઉત્પાદન કરવા ફેક્ટરીઓ નાખવાનાં કહેણ ટાટા પર આવવા લાગ્યાં છે. એના સૌથી નજીકના હરીફ મારુતિના સીઈઓએ તો પ્રશ્ન પુછાતાં કહી દીધું : વી આર સીમ્પલી નોટ ઈન એ પોઝીશન ટુ કમ્પીટ ધીસ. અમે રૂ.૧ લાખમાં કાર આપી શકીએ એમ નથી.

### પણ પર્યાવરણનું શું ?

દેશનાં લાખો - કરોડો કુટુંબોને રોમાંચક હરખની લાગણી થઈ રહી છે ત્યારે ઘણાની, ખાસ કરીને પર્યાવરણવાદીઓની રાતની ઊંઘ વેરણ બની ગઈ છે. મુખ્ય બે કારણોસર નેનોની ટીકા થઈ રહી છે.

એક તો, ઘણાને પરવડતી હોવાથી દેશના રસ્તાઓ પર આટલી બધી ગાડીઓ ફરતી થઇ જશે તો આજે જેને નાથવાની કોશિશમાં યુદ્ધના ધોરણે મંડી પડવું જોઇએ એ ગ્લોબલ વોર્મિંગનું શું થશે? આટલી બધી ગાડીઓથી ગ્રીન હાઉસ ગેસ અને કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન કેટલું બધું વધી જશે, એની ચિંતાથી એમની ઊંઘ હરામ થઇ ગઇ છે. બીજી ચિંતા એ છે કે ભારતનાં શહેરોની ટ્રાફિકની સમસ્યા વધુ વકરશે.

આ બન્ને ચિંતા અસ્થાને નથી. એ હકીકત છે કે વધતી જતી આવકને કારણે ઓછી કિંમતની નેનો વધારે વ્યક્તિઓને પરવડશે. આજે સ્કુટર વસાવનારાઓમાંથી ઘણા નેનો વસાવવાનું પસંદ કરશે. તેથી ગાડીઓ વધવાને લીધે પર્યાવરણ તેમજ ટ્રાફિકના પ્રશ્નો, અકસ્માતો અને પાર્કિંગના પ્રશ્નો વગેરે વધશે એમાં શંકાને કોઈ સ્થાન નથી.

ગ્લોબલ વોર્મિંગનો જે હાઉ ઊભો કરવામાં આવ્યો છે તે કેટલો વાજબી છે એ સવાલ બાજુ પર મૂકીએ તો પણ એક બાબત સમજી લેવા જેવી છે. સૌથી પહેલામાં પહેલું તો આપણે એ સવાલ કરવાની જરુર છે કે પ્રશ્ન નેનોનો છે કે આપણી ખરાબ નીતિઓનો છે. એક બાજુ આપણે વાતો કરીએ છીએ ગ્રીન હાઉસ ઉત્સર્જન અને પ્રદૂષણની, પણ એને જ વધારતી નીતિઓ ચાલુ રાખીએ છીએ. આજે દુનિયા આખીમાં પેટ્રોલિયમ પેદાશો (પેટ્રોલ, ડીઝલ, કેરોસીન)ના ભાવ દસગણા વધીને બેરલ દીઠ ૯૫ થઇ ગયા છે, પણ ભારતમાં એ બમણા માત્ર થયા છે. ડીઝલ પેટ્રોલ કરતાં પણ સસ્તું રાખવામાં આવ્યું છે, એટલે ડીઝલથી ચાલતી ગાડીઓનું ઉત્પાદન આપણે ત્યાં સૌથી વધુ થાય છે. ડીઝલના ધુમાડાનાં P-૧૦ અને P-૨૫ જેવા ઘાતક સસ્પેન્ડેડ પાર્ટીકલ્સ હોય છે. સ્વામીનાથન ઐયર (ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ૧૩-૧-૦૮) કહે છે તેમ આર.કે.પચૌરીને નેનોને લીધે દુઃસ્વપ્ન (nightmares) આવે છે, દિલ્હી-સ્થિત સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટના ડાયરેક્ટર સુનિતા નારાયણને માત્ર નેનો નહીં પણ બધી જ ગાડીઓને લીધે દુઃસ્વપ્ન આવે છે, ત્યારે એ કહે છે કે એમને મૂરખ સરકારી નીતિઓને કારણે દુઃસ્વપ્ન આવે છે. એ કહે છે : પ્રદૂષણ વધારતી નીતિઓ સામે લડો, નેનો સામે નહીં!

અને એ રીતે જોઇએ તો નેનો તો હકીકતમાં ભારત સ્ટેજ IIIનાં અને દુનિયામાં એકદમ કડક ગણાતાં યુરો ૪નાં ઉત્સર્જનનાં ધોરણો જાળવે છે. તેથી પર્યાવરણની દૃષ્ટિએ એને વધુ સારી ગણવામાં આવી છે. અને આ દૃષ્ટિએ જોઈએ તો મોટી ગાડીઓ પર્યાવરણને વધુ હાનિકારક છે. તેથી મોટી ગાડીઓને બદલે સામાન્ય માણસને પરવડી શકે એવી નેનો પર દોષનો ટોપલો ઓઢાડવાનો કોઈ મતલબ નથી.

આખી જિંદગી ઢસડબોળો કરીને, પાઇ-પાઇ બચાવીને સ્કુટર (કે લોન પર) વસાવનારાં આજનાં મધ્યમ વર્ગીય, ખાસ કરીને નીચલા મધ્યમ વર્ગીય કુટુંબો પાસે જ્યારે ગાડીનું છત્ર મળવાનું થયું છે ત્યારે એની સામે જે ટીકાઓ થઈ રહી છે એને ઘણા eletism કહે છે. તો જાણીતા કટારલેખક જગ સૂર્યા એને eletism નહીં, પણ castism કહે છે. કારણ કે eletism તો વધુ સુસંસ્કૃત થવાની, આગળ આવવાની પ્રક્રિયા છે, જેમાં કોઈપણ વ્યક્તિ આગળ આવી શકે છે. જ્યારે castismમાં તો વ્યક્તિને પોતાના વર્ણના કુંડાળામાંથી બહાર આવવા પર જ બંધી હોય છે. ત્યારે એક વિચાર આવી જાય છે કે ‘કૃષ્ણ કરે એ લીલા, બીજા કરે એ છીનાળાં ?’ નાનપણમાં મારાં બાએ કહેલી એક વાર્તા યાદ આવી જાય છેઃ સંત નામદેવ પાસે એક સ્ત્રી પોતાના ૮-૯ વર્ષના બાળકને લઇને ગઇ અને સંતને ફરિયાદ કરી : ‘‘મહારાજ, મારા છોકરાને ગોળ ખાવાની ટેવ પડી ગઈ છે. એ છોડતો જ નથી. હવે તો તમે જ એને સમજાવો તો એ માનશે.’’ નામદેવે એ સ્ત્રીને એક મહિના પછી આવવાનું કહ્યું. મહિના પછી એ સ્ત્રી ફરી પાછી બાળકને લઇને ગઇ ત્યારે નામદેવે બાળકને પાસે બેસાડી ખૂબ ગોળ ખાવો કેટલો ખરાબ છે, એ સમજાવીને એને છોડી દેવાની શિખામણ આપી. બાળકને લઇને પાછી જતી એ સ્ત્રીને એક વાત સમજાતી નહોતી. એણે સંતને પૂછ્યું, ‘‘મહારાજ, આ જ વાત મહિના પહેલાં તમે કહી જ શક્યા હોત. તો મને પાછો ધક્કો કેમ ખવડાવ્યો?’’ નામદેવે કહ્યું, ‘‘જો બહેન, તું મહિના પહેલાં આવેલી ત્યારે હું પણ તારા બાળકની જેમ જ ખૂબ ગોળ ખાતો’તો. હવે જ્યારે મને પોતાને જ એ ટેવ હોય તો બાળકને એ છોડવાની શિખામણ કઇ રીતે આપી શકું? પહેલાં તો મારે એ છોડવી પડે. એટલે તને મહિના પછી બોલાવી કે જેથી મહિના દરમિયાન મને ગોળ ન ખાવાનો મહાવરો થઇ જાય અને ટેવ ખરેખર છૂટી ગઇ છે એની ખાતરી પણ થઇ જાય’’. અલબત્ત, એ તો સંત પુરુષ હતા!

અમેરિકાનું Washington Post લખે છેઃ ‘‘ગાડીઓથી ટેવાયેલા પશ્ચિમી સમાજો આજે પોતાની જીવનશૈલી બદલી રહ્યા છે. ટ્રેઇનોનો વધુ ઉપયોગ થાય માટે લંડન ગાડીઓ પર વધુ ટેક્સ નાખી રહ્યું છે, પેરિસ સાઇકલોને પ્રોત્સાહન આપી રહ્યું છે, ન્યુયોર્ક વધુ સાઇકલ-કેડીઓ બનાવી રહ્યું છે. અમે ઇચ્છીએ કે ભારત અને બીજા એશિયન દેશોએ અમારી જૂની ખરાબ ટેવોને બદલે અમારી નવી સારી ટેવોનું અનુકરણ કરવું જોઇએ.’’ દોઢસો-બસો વરસ પહેલાંની ગરીબીમાંથી પશ્ચિમના દેશો ઔદ્યોગિક ક્રાંતિ અને મુક્ત અર્થતંત્ર પર સવાર થઇને આજે સમૃદ્ધિની ટોચ પર પહોંચી ગયા છે. એ પછી તેઓ સાઈકલ પર પાછા ફરવાનું પસંદ કરે કે આપણે ત્યાં પણ એ સુખસગવડ ભોગવનારા જાતે ઓછી સગવડો પર પાછા ફરવા માગે તો એ એમને મુબારક છે. પરંતુ હકીકતમાં આયનો પોતાના તરફ ધરવાની જરૂર છે. જેઓ હજુ એ સ્તરે પહોંચ્યા જ નથી, એમને માટે આવાં પ્રીસ્ક્રીપ્શન આપવાં કેટલે અંશે વાજબી છે?

### ટ્રાફિકનો સવાલ :

બીજો પ્રશ્ન છે ટ્રાફિકનો. આ પ્રશ્ન, અલબત્ત, ખૂબ અગત્યનો છે. ઊબડખાબડ અને સાંકડા રસ્તાઓ પર આજે પણ ટ્રાફિકનો પ્રશ્ન આપણાં શહેરોમાં ખૂબ મોટો છે. તદ્દન રેઢિયાળ અને વિશ્વાસ રાખી ન શકાય એવા પબ્લિક ટ્રાન્સપોર્ટનો તો આજે જેમને ખાનગી વાહન પોસાતાં નથી એવા ગરીબો જ નાછૂટકે ઉપયોગ કરે છે. જેમની પાસે થોડા પણ પૈસા આવે તેઓ યથાશક્તિ સાઈકલ, સ્કુટર કે ગાડી વસાવવાનું પસંદ કરે છે. આ સંજોગોમાં ઘણા લોકો નેનો વસાવશે. તેથી ટ્રાફિકની સમસ્યા વધશે એમાં કોઈ શંકા નથી. હા, આજે સ્કુટરના અકસ્માતોનું પ્રમાણ સૌથી વધુ છે. સ્કુટરને સ્થાને નેનો આવવાથી એ અકસ્માતો કદાચ ઓછા થશે.

પણ, ટ્રાફિકના આ સવાલનો ઉપાય નેનોને ભાંડવામાં નહીં, પણ વધારે પહોળા અને વધુ રસ્તા, પુલો, ફ્લાય-ઓવર, હાઈવે બાંધવામાં રહેલો છે. આ સંદર્ભમાં જયતીર્થ રાવ (ઈન્ડિયન એક્સપ્રેસ ૨૮/૧૨/૦૭માં) લાક્ષણિક રીતે લખે છે : ‘‘એ તો આપણી શાનદાર પ્રણાલિ રહેલી છે કે આયોજન પ્રત્યેની આપણી કટિબદ્ધતા હોવા છતાં આપણે કયારેય કાંઈ પણ આયોજન કરતા નથી. મોટી કટોકટી ઊભી થાય ત્યારે જ આપણે કામે લાગીએ છીએ.’’ ૧૯૬૨માં પહેલા વિશ્વયુદ્ધમાં વપરાતી રાઈફલો અને પાતળા સુતરાઉ યુનિફોર્મમાં આપણા જવાનોને બર્ફીલા હિમાલયમાં મોકલવાનો વારો આવ્યો ત્યારે સફાળા જાગ્યા એ વાત હોય, કે ૧૯૬૬ની અન્ન કટોકટી પછી પીએલ ૪૮૦ના ઘઉં માટે ભીખનું વાસણ અમેરિકા સામે ધર્યા પછી અન્ન ક્ષેત્ર સ્વ-નિર્ભર બનવા અને લાખો-કરોડો લોકોને ભૂખમરામાંથી બચાવવા માટે હરિયાળી ક્રાંતિ અપનાવવાનો કિસ્સો હોય, કે ૧૯૯૧માં વિદેશી હૂંડિયામણ તળિયાઝાટક થઈ જવાથી અચાનક ઉદારીકરણ અપનાવવું પડ્યું હોવાની વાત હોય - કટોકટી એની પરાકાષ્ઠાએ પહોંચી જાય પછી જ આપણે સફાળા એને સુલઝાવવામાં પડી જઈએ છીએ. એટલે રાવ આપણને સધિયારો આપે છે કે નેનો પણ કદાચ આપણા રસ્તા અને ટ્રાફિક જામ સુધારવા માટેનું નિમિત્ત બને તો નવાઈ નહીં.

વિરોધનો એક સૂર એ છે કે નેનો પણ મધ્યમવર્ગનાં કુટુંબોને જ પોસાશે; જ્યારે દેશની ગરીબ પ્રજાને તો એનો કોઈ ફાયદો નથી. આપણે ઇચ્છીએ કે આર્થિક વિકાસની સાથે એમની પાસે પણ એક ઘર અને ઘરને આંગણે એક નેનો હોય. પણ ત્યાં સુધી જેમને એ પોસાતી થઈ છે તેઓ પણ એનાથી વંચિત રહે એવું ઇચ્છવું વાજબી નથી. ■

## સમાચાર-સારણી :

### બિલ્કીસબાનો કેસ - એક મિસાલ

ગોધરા પ્રશ્ચાત્‌ના બિલ્કીસબાનો રેપ કેસમાં મુંબઈની સેશન્સ કોર્ટના ચુકાદાના સમાચાર ૧૮ જાન્યુઆરી ૨૦૦૮ ના રોજ ટીવી પર ફ્લેશ થઇ રહ્યા હતા, ત્યારે કેસની ફરિયાદી અને મુખ્ય સાક્ષી બિલ્કીસબાનો પોતાના ફૂલગુલાબી બાળકને કોર્ટની બહાર બિસ્કીટ ખવડાવતી હતી અને વચ્ચે વચ્ચે બાળકને ચૂમી લેતી હતી. તેની માને જ નહીં, કોઇનેય ચૂમી લેવાનું મન થાય એવું બહારી દુનિયાથી અજાણ એ માસૂમ બાળક હતું. આ દૃશ્ય ટીવી પર વારંવાર દેખાડાઇ રહ્યું હતું, ત્યારે બિલ્કીસબાનો પર ત્રણ આરોપીઓ દ્વારા કરવામાં આવેલા ગેંગ રેપ અને એની ૩ વર્ષની બાળકી સાલેહા સહિત કુલ ૧૪ કુટુંબીઓની હત્યાના કેસમાં વીસમાંથી ૧૩ આરોપીઓને તકસીરવાર ઠેરવવામાં આવ્યા હતા, એના સમાચાર આવી રહ્યા હતા. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં કોમી હુલ્લડોમાં થયેલા બળાત્કારોમાં આ પહેલો કેસ છે જેમાં આરોપીઓને દોષી ઠેરવીને સજા કરવામાં આવી છે. બિલ્કીસબાનોનો આ કેસ ૨૦૦૨ના કોમી હત્યાકાંડના બીજા કેસો માટે પણ મિસાલ સમાન છે. અને એણે બતાવેલી હિંમત ખરેખર સલામને પાત્ર છે.

૩જી માર્ચ ૨૦૦૨ ના રોજ ૧૯ વર્ષની બિલ્કીસબાનો પોતાના કુટુંબીઓ સાથે છુપાઇ છુપાઇને સલામત સ્થળે જઇ રહી હતી ત્યારે એના જ ગામની ત્રીસેક વ્યક્તિઓ એમના પર તૂટી પડી. ત્રણ આરોપીઓએ એના પર બળાત્કાર કર્યો અને એ બેશુદ્ધ થઇ ગઇ હોવાથી મૃત સમજીને એને છોડી દેવામાં આવી. ભાનમાં આવીને પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા ગઇ ત્યારે પહેલાં તો એની ફરિયાદ જ ન લેવાઇ. પછી ફરિયાદ નોંધી, ત્યારે એણે આરોપીઓનાં નામો જણાવ્યાં છતાં તેમનો ઉલ્લેખ ફરિયાદમાં ન કરાયો અને ૫૦૦ જેટલી અપરિચિત વ્યક્તિઓના ટોળાએ હુમલો કર્યો એવી ફરિયાદ લખવામાં આવી. એટલું જ નહીં, મૃતકોનાં શબોને દાટી દીધાં અને એ ઝડપથી માટી સાથે ભળી જાય એ માટે ૬૦ કિ.ગ્રા. જેટલું મીઠું લાવીને પણ ભભરાવવામાં આવ્યું. લીમખેડા જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટે કેસ કાઢી નાખ્યો. ગોધરા પ્રશ્ચાત્‌ના લગભગ બધા જ કેસોમાં આમ જ થવા પામેલું છે. એવે વખતે આ કેસમાં ન્યાય મળ્યો એમ કહી શકાય. કર્મશીલો, માનવ અધિકાર જૂથો, રાષ્ટ્રીય માનવ અધિકાર કમિશન, સુપ્રીમ કોર્ટ, સીબીઆઇ વગેરેના પ્રયત્નો, સાક્ષીઓને રક્ષણની વ્યવસ્થા તેમજ બિલ્કીસબાનોની અડીખમ હિંમતને એ આભારી છે. અલબત્ત, અમુક પોલીસ અધિકારીઓ અને ડોકટર દંપતીએ કેસને રોળી-ટોળી નાખવાના જે પ્રયાસો કરેલા એની સામે ન્યાય મળી નથી શક્યો એનો રંજ રહી જાય છે. ગુજરાત સરકાર એની સામે અપીલ કરશે કે નહીં એ જોવાનું છે.

બીજા કેસો માટે આ ચુકાદો આશાના કિરણ સમાન છે. અલબત્ત, સુપ્રીમ કોર્ટે ગોધરાનો સાબરમતી ટ્રેઈન કેસ, (જેમાં બસોથી વધુ આરોપીઓને પોટા હેઠળ પકડવામાં આવ્યા છે) નરોડા પાટિયા, ગુલબર્ગ સોસાયટી, સરદારપુરા, ઓડ અને કિંડીયાદ જેવા અગત્યના ૧૪ કેસો ચલાવવા પર સ્ટે મૂકી દીધો છે, એ માટે કોર્ટે સક્રિય થવું જોઈએ અને એ કેસો ચલાવવા માટે તાકીદ કરવી જરૂરી છે. ■

### આસામના આદિવાસીઓ સાથેનો બર્બર વ્યવહાર

આસામના ચાના બગીચાઓમાં પેઢીઓથી મજૂરી કરતા ઝારખંડ-બિહારના આદિવાસી મજૂરો પર તારીખ ૨૪ નવેમ્બરના રોજ આસામના પાટનગર ગૌહાટીની સડકો પર, ધોળે દહાડે, ખુલ્લે આમ જે બર્બરતા અને ક્રૂરતાથી જુલમ ગુજારાયો એ જોઇને કોઇને પણ કમકમાં આવી જાય. કોઇ વ્યક્તિએ પોતાના વીડિયો કેમેરામાં એ દૃશ્યો ફિલ્માવી લીધેલાં અને ન્યુઝ ચેનલોને એ બનાવ બન્યાના મહિના પછી મોકલી આપેલાં. એટલે તો દેશના લોકોને એ જોવા મળ્યા. તા. ૨૪મી નવેમ્બરના રોજ ઝારખંડ-બિહારના આ હજારો મજૂરોએ ગૌહાટીમાં રેલી-દેખાવો રાખેલા. તેઓને આસામમાં અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવામાં આવ્યો નથી. તેથી એમને એ દરજ્જો આપવા માટે માંગણી કરવા માટે આ રેલી હતી. એમના દેખાવો દરમિયાન રસ્તા પરની કાર અને દુકાનોમાં થોડી તોડફોડ થઈ. તેનાથી ઉશ્કેરાઈને સ્થાનિક લોકો એમના પર બેરહેમીથી તૂટી પડ્યા. એક યુવતીને નિર્વસ્ત્ર કરી દેવામાં આવી. કેટલાય આદિવાસીઓને ઢોરમાર મારવામાં આવ્યો. આ સમય દરમિયાન પોલીસ બાજુમાં માત્ર ઊભી ઊભી જોઈ રહી હતી. ગૌહાટીના સભ્ય સમાજના લોકોએ જે જુલમ આચરેલો એની બર્બરતા દર્શાવવા માટે અસભ્ય શબ્દ વાપરવો પણ પૂરતો નથી.

લગભગ એક દોઢ સદીથી આસામના ચાના બગીચાઓમાં આજે આશરે ૬૦ લાખ મજૂરો કામ કરે છે. તેઓ મૂળે ઝારખંડ, બિહાર, ઓરિસ્સાના આદિવાસીઓ છે, જેમને વેઠ માટે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં (૧૮૫૦ થી ૧૯૦૦ દરમ્યાન) આસામ લાવવામાં આવેલા. ભારતમાં સૌથી પહેલું ૧૮૩૫માં ઈન્ડિયન ગવર્નમેન્ટે કુમાઉ અને આસામમાં ચાનું પ્લાન્ટેશન શરૂ કરેલું, અને ૧૯૪૨માં સૌથી પહેલી વાર ચાનું ઉત્પાદન કરવામાં આવેલું. પણ પછી ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયાએ ચા

ઉગાડવાનું તથા ઉત્પાદનનું કામ ખાનગી કંપનીને આપી દીધેલું. ચાનું ઉત્પાદન અને નિકાસ ૧૮૫૦થી જ ઉત્તરોત્તર વધતાં જતાં હતાં. ૧૮૫૮-૫૯ માં ૬૦,૦૦૦ પાઉન્ડની નિકાસ ૧૮૭૬-૭૭માં વધીને ચાલીસ ગણી એટલે કે ૨૫૦ કરોડ પાઉન્ડ થઇ ગઇ. ચાના બગીચાઓમાં મજૂરોને વેઠિયા તરીકે રાખેલા. દેશ આખામાં ન હોય એવો વેઠિયા ધારો (slave-law) આસામમાં અમલી કરવામાં આવેલો, જેથી ચાની કંપનીના માલિકો એક વાર જેમની સાથે કરાર કરે, તેઓ કરારના ગાળા દરમિયાન ક્યારેય ત્યાંથી છટકી ના જઇ શકે. અને જો ભાગવા જાય તો એમની ધરપકડ કરવામાં આવે, ઢોરમાર મારવામાં આવે અને દંડવામાં આવે. આ કાયદામાં સજા કરવાની સત્તા પણ માલિકોને આપવામાં આવેલી. ઘણા વહીવટદારોએ એ ક્રૂરતાની નોંધ પોતાના અહેવાલોમાં કરેલી અને એ દંડાત્મક સત્તા ધરાવતા વેઠિયા-ધારાને હટાવવાની માંગણીઓ પણ કરેલી. ચીફ કમિશનર ઓફ આસામ-સર હેનરી કોટને એ મજૂરોનો પગાર એક રૂપિયો વધારવાની માંગણી પણ કરેલી, પણ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાએ કંપનીના દબાણમાં આવીને વેઠિયા આદિવાસી મજૂરોની સ્થિતિ સુધારવા માટે કશું કર્યું નહોતું.

તેઓ મૂળે ઝારખંડ-બિહારમાં અનુસૂચિત જનજાતિના ગણાતા. પણ આસામમાં તેમને અનુસૂચિત જનજાતિનો દરજ્જો અંગ્રેજોએ આપેલો નહીં અને સ્વતંત્ર ભારતે પણ આપ્યો નહીં. તેથી અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાની માંગણી તેઓ ૧૯૫૦થી કરતા આવ્યા છે. એમની દયનીય સ્થિતિ જોઇને લાગ્યા વગર ન રહે કે તેઓ એ મેળવવા માટે લડે એ સ્વાભાવિક છે. અલબત્ત, સવાલ ત્યારે માત્ર એટલો જ રહે છે કે ગૌહાટીની સડકો પર એ માંગણી લઇને ઊતરી આવેલા એ બેહાલ, ચીંથરેહાલ આદિવાસી જુવાનિયાઓ-યુવતીઓ શું ખરેખર એમ માનતાં હશે કે એમને એ દરજ્જો મળી ગયા પછી એમની સ્થિતિ સુધરી જશે?

ખેર, એ સવાલને બાજુ પર મૂકીએ. પણ એ હકીકત છે કે તેઓ જે જીવન જીવી રહ્યા છે એ અત્યંત દયનીય છે. સંમિલિત વિકાસમાં આપણા રાજકર્તાઓ એમને કઇ રીતે સમાવવાના છે ? ■

## વિભાજનકારી રાજકારણ

તાજેતરમાં માન્યામાં ન આવે એવા સમાચાર જોવા-વાંચવા મળ્યા. આમ તો માન્યામાં ન આવે એવા ઘણા સમાચારો બહાર આવી રહ્યા છે. પણ, આ તો માથું ચકરાવે ચડી જાય, અક્કલ બહેર મારી જાય એવા સમાચાર છે. રાજ ઠાકરેએ સૌથી પહેલાં મુંબઇમાં રહેવા છતાં ઉ.પ્ર.ના બ્રાંડ એમ્બેસેડર ગણાવતા અમિતાભ બચ્ચન (એ પણ એક વખતના ગુરુ અને હાલના હરીફ એવા પોતાના કાકા બાલાસાહેબ ઠાકરે સામે સ્કોર સેટલ કરવા માટે) અને ઉ.પ્ર.ના ત્યાં આવીને વસેલા લોકો સામે (મુલાયમસિંહ-લાલુના હિન્દીભાષી લોકોના મતોને બટોરવા માટેના પ્રયાસો) સામે શરૂ કરેલા ઉપાડાની આગ મીડિયાના પવનની મદદથી ‘આમચી મુંબઇ-આમચા મરાઠી માનુસ’ના મુદ્દે મહારાષ્ટ્રનાં નાસિક-પુના અને ઓરંગાબાદ શહેરોમાં ફેલાઇ ગઇ. ઉત્તરપ્રદેશથી મુંબઈ આવીને વસેલા સાવ નાના લોકો-પાનના ગલ્લાવાળા, ચાની લારીવાળા કે ટેક્ષી ડ્રાઇવરોની પિટાઇ અને એમના ગલ્લા, લારી કે ટેક્ષીની તોડફોડ કરવામાં રાજ ઠાકરેએ નવી ઊભી કરેલી પાર્ટીના કાર્યકરો જાણે મર્દાનગી અનુભવતા હતા અને રાજકીય રીતે સાવ નગણ્ય સ્થાન ધરાવતા રાજ ઠાકરે સસ્તી લોકપ્રિયતાના જુવાળ પર સવાર થઇને રાતોરાત રાજકીય લાઇમ લાઇટમાં આવવાનાં સપનાં જોવા લાગ્યા. ધંધા-ધાપા અને નોકરીઓ કરતા મહારાષ્ટ્રીયન લોકો ડરના માર્યા ચુમાઈને રહી ગયા, ઉ.પ્ર.ના ઘણા લોકો બિસ્તરા પોટલાં લઇને ટ્રેઇનો પકડવા લાગ્યા.

બીજી બાજુ, કોંગ્રેસ-એનસીપીની રાજ્ય સરકારે દેશને તોડતી અને બંધારણની ઐસી તૈસી કરનારી આ સીનીકલ ચાલની સામે કાયદાના શાસનને રક્ષવાનો પોતાનો રાજધર્મ કેટલાય દિવસો સુધી ન બજાવ્યો. ઊલટું, એને બદલે રાજની ધરપકડ કરવામાં આવે તો એની રાજકીય અસરો શું થશે, પોતાના પક્ષને ફાયદો કે નુકસાન શું થશે એની ગણતરીઓ કરવામાં પડી ગઇ. દેશના નાગરિકને દેશના ગમે ત્યાં જવાનો, વસવાનો કે ધંધો કરવાનો મૂળભૂત અધિકાર આપણું બંધારણ આપે છે. આવા ટાણે એ મૂળભૂત અધિકારનો હવાલો આપીને અડવાણીએ વળી રાજકીય પુખ્તતા બતાવી એ સારું છે. પણ સીનીકલ રાજનીતિને કારણે લોકતંત્ર પર જે લૂણો લાગી રહ્યો છે, બંધારણનો અને કાયદાના શાસનનો જે હ્રાસ થઇ રહ્યો છે, અને દેશ જે રીતે વિભાજિત થઇ રહ્યો છે એ ઊંડી ચિંતાનો વિષય છે.

‘બહાર’ની વ્યક્તિઓ સાથે આવું ‘અપર મા’ જેવું વર્તન કરતી વખતે એ પાયાની વાત ભુલાઇ જાય છે કે આ કહેવાતી ‘બહાર’ની વ્યક્તિઓનું શહેરના નિકાસમાં કેટલું મોટું યોગદાન છે. જે શહેરનાં દ્વાર જેટલાં ખુલ્લાં, એટલો એ શહેરનો વિકાસ વધુ હોય છે. આજે જો એ સૌ જતા રહે તો મુંબઈ-મહારાષ્ટ્રની સ્થિતિ સુધરશે કે બગડશે ? સુપ્રીમ કોર્ટે રાજ ઠાકરેની આ વિભાજનકારી નીતિને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. પોતાની મતબેંકો ઊભી કરવા માટે અને રાજકીય રોટલો શેકવા માટે લોકોનો ભોગ લેવાની અને દેશને તોડવાની આ ગંદી રાજકીય રમતો સખત રીતે વખોડવાપાત્ર છે. ■ તૃપ્તિ

# વિજયનગરનું સત્ય

*- તૃપ્તિ / અંબરીષ*

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં છેલ્લા થોડા દિવસોમાં ઘટેલી ઘટનાઓ, જેના પરિણામે ૧૩ ફેબ્રુઆરીના રોજ આંતરસુબા આશ્રમ ખાતે ધોળે દિવસે થયેલા પોલીસ ગોળીબારમાં બે આદિવાસીઓનાં મૃત્યુ થયાં અને બીજા ત્રણને ગંભીર ઈજાઓ થઈ, તેનાથી આપણે સૌ હચમચી ગયા છીએ. આ માત્ર આદિવાસીઓનો જ સવાલ નથી. પરંતુ આપણે ત્યાં કાયદાનું શાસન રહેશે કે નહીં અને આપણા બંધારણે કોઈપણ જાતના ભેદભાવ વગર દરેક નાગરિકને જાન-માલની સુરક્ષાનો જે મૂળભૂત અધિકાર આપેલો છે તેનું રક્ષણ થશે કે નહીં તેનો સવાલ છે. એટલે એ આપણા સૌની નિસ્બતની બાબત છે.

આ બનાવો અંગે વન-વિભાગ તેમજ પોલીસે જે ચિત્ર ઊભું કર્યું છે તે કંઈક આવું છે :

> *વિજયનગર તાલુકાના ધોલવાણી ફોરેસ્ટ રેન્જનાં કેટલાંક ગામોના આદિવાસીઓમાં નરમ નક્સલવાદ પ્રસરી રહ્યો હતો અને આદિવાસીઓના સશસ્ત્ર ટોળાં ખેતી માટે નવી જમીનો ખોલવા માટે ત્યાંનાં ગાઢાં જંગલોમાં મોટા પાયા પર આડેધડ વૃક્ષકટાઈ કરી રહ્યાં હતાં. આ વૃક્ષકટાઈ તેઓ તાજેતરમાં બહાર પડેલા વન અધિકાર કાયદા હેઠળ જમીન મેળવવા માટે કરી રહ્યાં હતાં. અને વન-વિભાગના અધિકારીઓ જ્યારે એમને એમ ન કરવા માટે સમજાવવા ગયા ત્યારે એમના પર પણ એમણે હુમલો કરેલો અને મારી નાંખવાની ધમકી આપેલી. ત્યાર પછી પોલીસે એ કેસના આરોપીઓની ધરપકડ કરી, ત્યાર પછી આશરે ૨૦૦-૩૦૦ જેટલા આદિવાસીઓનું ટોળું તીર-કામઠાં અને બીજાં તીક્ષ્ણ હથિયારો સાથે આંતરસુબા આશ્રમ ખાતેની રેન્જ ફોરેસ્ટ ઓફિસ પર ઊતરી આવેલું અને એના પર હલ્લો બોલાવેલો. આ હુમલો તેમણે માત્ર પોતાના માણસોને છોડાવવા માટે નહોતો કર્યો, પરંતુ ઓફિસમાં સ્થિત વન-વિભાગ અને પોલીસના કર્મચારીઓને મારી નાંખવાના ઈરાદે કરેલો. અને એટલે ત્યારે પછી પોલીસે ન છૂટકે સ્વ-બચાવમાં ગોળીબાર કરવો પડ્યો, જેમાં બે વ્યક્તિઓએ પોતાના જાન ગુમાવ્યા અને બીજા ત્રણ ઈજા પામ્યા.*

વિજયનગર તાલુકાનો આ વિસ્તાર રાજ્યના એ જૂજ વિસ્તારો પૈકીનો એક છે જ્યાં જંગલ જમીનનું પ્રમાણ વધારે છે (૫૦ ટકા કરતાં વધુ વિસ્તાર જંગલ તરીકે જાહેર થયેલો છે) અને અરવલ્લીની ડુંગર-માળામાં આવેલાં આ જંગલો હજી પણ ઘણાં સારાં અને ગાઢાં છે. એટલે આવા વિસ્તારમાં મોટા પાયે જંગલકટાઈ થઈ રહી હોવાની વાતો આવે ત્યારે સ્વાભાવિક જ એ સૌ માટે ચિંતાની બાબત બની જાય.

પરંતુ બીજી બાજુ, ગુજરાતના આદિવાસીઓ સાથે જેઓ વર્ષોથી કામ કરતા આવ્યા છે તે સૌને માટે આ આદિવાસીઓ જંગલો અને સરકારી કર્મચારીઓ પર આ રીતે સશસ્ત્ર હુમલો કરે એ વાત કોઈ રીતે માન્યામાં આવે એવી નહોતી. વન અધિકાર કાયદા માટે પણ ગુજરાતના આ આદિવાસીઓએ છેલ્લાં ચાર વર્ષમાં સંપૂર્ણપણે શાંતિમય ઝુંબેશ ચલાવી છે. એ ઉપરાંત, વન અધિકાર કાયદા અંગે વનવિભાગની ભૂમિકા પહેલેથી જ સાશંક રહી છે અને આદિવાસીઓ નવી જમીનો ખુલ્લી કરી રહ્યા છે, એવા આક્ષેપો એણે આ અગાઉ પણ કર્યા જ છે, અને તે પણ કોઈ પણ જાતના આધાર-પુરાવા વગર. ત્યારે એવું લાગ્યા વગર ન રહે કે એમ કરવામાં આદિવાસીઓ અને વન અધિકાર કાયદાને સામાન્ય લોકોમાં બદનામ કરવાની જ એની નેમ રહેલી છે.

એનું એક સૌથી અગત્યનું કારણ તો એ જ છે કે વન અધિકાર કાયદામાં જે જમીનો ૧૩-૧૨-૨૦૦૫ પહેલાંથી ખેતી કે રહેઠાણ માટે આદિવાસીઓના કબજામાં હોય તેને જ નામે કરી આપવાની છે અને નહીં કે આવી નવી ખુલ્લી કરેલી જમીનોને. એટલે ખેડાણ માટે જંગલો કાપીને નવી જમીનો ખુલ્લી કરવાનો એમાં કોઇ જ ઇન્સેન્ટીવ એમાં રહેલો નથી. અને એટલે જ ગુજરાતની આદિવાસી પટ્ટીમાં કોઇ નવાં દબાણો થઇ રહ્યાં નથી. તેમ છતાં, વનવિભાગ આ કાયદા અંગે આવી ગેરસમજો ફેલાવી રહ્યું છે. એનું એક કારણ એ છે કે વન વિભાગ અંદરખાને હજુ પણ ઈચ્છતું નથી કે આદિવાસીઓને વન અધિકારો મળે.

એટલે જ આદિવાસી મહાસભામાં અમે વિજયનગરમાં ખરેખર શું થયું તેની જાત-તપાસ કરીને અહેવાલ તૈયાર કરવા માટે એક સમિતિ બનાવી. આ સમિતિમાં અમારા ઉપરાંત રોહિત પ્રજાપતિ, ઝેવિયર મંચુરન, પ્રસાદ ચાકો, લખનભાઈ, કૃષ્ણકાંત, દીલિપ ગોહિલ, ચાર્લ્સ ક્રિસ્પોતા, હરીશ ડીંડોર, ગોવા પરમાર વગેરે મિત્રો પણ હતા. તા. ૧૬, ૧૭ અને ૨૦ ફેબ્રુઆરીએ વિસ્તારની મુલાકાત લઈને સ્થળતપાસ, સ્થાનિક લોકો અને એ વિસ્તારના સામાજિક કાર્યકરો સાથે ચર્ચા, અધિકારીઓ સાથે ચર્ચા, છાપાઓમાં છપાયેલા સમાચારોનું પૃથક્કરણ, સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા ત્રણ ઇજાગ્રસ્ત આદિવાસીઓની મુલાકાત વગેરેના આધારે 'આંતરસુબાની સાચી વાત' એ અહેવાલ બહાર પાડ્યો છે.

સ્થળતપાસની આ કામગીરી દરમિયાન અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી છે. વિગતવાર આધાર-પુરાવા અને દલીલો સાથે આ અહેવાલ સ્પષ્ટ રીતે જણાવે છે કે આદિવાસીઓ આડેધડ જંગલ કાપી રહ્યા હોવાની કે અધિકારીઓ ઉપર હુમલા કર્યા હોવાની વન વિભાગ અને પોલીસની વાતો સાવ ખોટી અને ઉપજાવી કાઢેલી છે. પહેલાં આપણે આડેધડ જંગલો કપાયા હોવાની વાતને તપાસીએ અને પછી અધિકારીઓ અને રેંજ ફોરેસ્ટ પર હુમલો કર્યો હોવાની વાતને તપાસીશું.

## શું આદિવાસીઓએ જંગલોનો નાશ કર્યો છે ?

વન વિભાગના કહેવા પ્રમાણે તા. ૭ અને ૮ ફેબ્રુઆરીએ આશરે ૩૦૦ જેટલા આદિવાસીઓના ટોળાએ પહેલાં વજેપુર ગામના ગાઢા જંગલમાં મોટા પાયે આડેધડ ઝાડો કાપીને ૧૦૦ હેક્ટર જેટલી જમીનો ખેતી માટે ખુલ્લી કરીને એના પર કબજો જમાવ્યો. અને ત્યાર પછી આભાપુરના પોળોના ગાઢા જંગલમાં પણ એ જ રીતે હજારોની સંખ્યામાં આડેધડ ઝાડો કાપ્યાં. હકીકત શું છે ?

### વજેપુર

વજેપુરમાં અમે જ્યારે 'આ આડેધડ કપાયેલું જંગલ' જોવા ગયા ત્યારે ખબર પડી કે ગાઢું જંગલ હોવાની વાત તો દૂર રહી, ત્યાં નામનું પણ કોઇ જંગલ છે નહીં અને ક્યારેય હતું નહીં. (જુઓ મુખપૃષ્ઠ પરનો ફોટો) તેથી આદિવાસીઓ દ્વારા જંગલ નાશ કરવાનો તો સવાલ જ ક્યાંથી ઊભો થાય? ગામની આ કહેવાતી 'જંગલ જમીન' હકીકતમાં એકદમ સપાટ અને ફળદ્રુપ જમીન છે, જે સૌથી વધારે તો ખેતીને જ લાયક છે. ૨૦૦-૨૫૦ મહુડાનાં ઝાડ સિવાય એના પર બીજાં કોઇ જ



વજેપુર - પ્લાન્ટેશનની સ્થિતિ

વૃક્ષો નથી. ત્યાંના આદિવાસીઓના કહેવા મુજબ આ મહુડાનાં ઝાડ એમના બાપ-દાદાઓએ વાવેલાં અને હાલમાં પણ તેઓ જ એને સાચવે છે અને અમે ગયા ત્યારે પણ એ અકબંધ ઊભેલાં હતાં. એટલે હકીકતમાં તો આ જમીનને અનામત જંગલ તરીકે જાહેર કરવાની જ કોઇ જરૂર નહોતી. તેમ છતાં સર્વે નંબર ૮ની ૭૫ હેક્ટર જેટલી જમીનો (જે ગામના કુલ ભૌગોલિક વિસ્તારના ૩૦ ટકા જેટલી છે)નો પ્રકાર કે ગામલોકોની જરૂરિયાતો અને હક્કોને બિલકુલ ધ્યાનમાં લીધા વગર જ ૧૯૬૪માં 'અનામત જંગલ' તરીકે જાહેર કરી દેવામાં આવેલી. જો આ ગામમાં આદિવાસીઓને બદલે બીજા કોઇપણ સમુદાયના લોકો રહેતા હોત, તો શું આવું થઇ શક્યું હોત ? એને પહેલેથી જ લોકોને ફાળવી દેવામાં આવી હોત. આમ, વજેપુરમાં ગાઢાં જંગલોનો નાશ કર્યો હોવાની વાતનો છેદ ઊડી જાય છે.

એટલે વન વિભાગે પાછળથી ફેરવી તોળ્યું અને એવી વાત વહેતી કરી કે હકીકતમાં તો આ જમીન પર ત્રણ વર્ષ પહેલાં એણે ખેર, બામ્બુ, આંબળાં, સાગ વગેરેનું જે પ્લાન્ટેશન કરેલું એનો આદિવાસીઓએ નાશ કર્યો છે. આ પણ તદ્દન જુઠ્ઠાણું છે. ૨૦૦૫-૦૬માં વન ખાતાએ આ વિસ્તારના ૭ હેક્ટર વિસ્તારમાં તારની વાડ કરી હતી. એ જમીનો ખેડતા લોકોને હટાવીને ખાડા ખોદવામાં આવેલા અને પ્લાન્ટેશન કરવામાં આવેલું. પરંતુ, યોગ્ય કાળજીના અભાવે આમાંના મોટાભાગના રોપા તો ક્યારના મરી ગયેલા. જો રોપા ખરેખર જીવી ગયા હોત તો હાલમાં મોટાં ઝાડ થઇ ગયાં હોત. વન વિભાગના કહેવા મુજબ જો લોકોએ ખરેખર એ ઝાડ કાપ્યાં હોત, તો એની નિશાની રૂપ થડિયાં હજુ દેખાતાં હોત. એવી કોઇ નિશાનીઓ દેખાતી નથી એ જ બતાવે છે કે ત્યાં પ્લાન્ટેશન નાશ કર્યાની વાત પણ ટકી શકે એમ નથી



વજેપુર - બોરવેલ




વજેપુર - વીજળીનું મીટર

આ પ્લાન્ટેશનો સિંચિત હતાં એવી વાત પણ વન વિભાગ કરે છે. પરંતુ, એની પણ કોઇ નિશાનીઓ જોવા મળતી નથી. બોર-વેલ જરૂર ખોદવામાં આવેલો, પણ એમાં નહોતી પાઇપ ઉતારવામાં આવી કે નહોતી મોટર મુકવામાં આવી. પિયત માટેની પાઇપલાઇન પણ નાખવામાં આવી નહોતી. વીજળીનું જોડાણ લેવામાં આવેલું, પણ વીજળી ક્યારેય વાપરવામાં નથી આવી, જે મીટર પરના 0000 ના રીડીંગ પરથી સ્પષ્ટપણે ખ્યાલ આવે છે. સ્થળ પર કોઇ રહેતું નથી. અને દરવાજો કાયમ ખુલ્લો જ રહે છે, અને ગામનાં ઢોર પણ આ જ જમીન પર ચરે છે. આમ, સિંચિત પ્લાન્ટેશનોના નાશની વાત પણ પોતાનાં કુકર્મોને છાવરવા માટે જ કરી હોય એમ જણાય છે.

આમ, આ નિષ્ફળ ગયેલું પ્લાન્ટેશન જ છેલ્લાં ૪૦ વરસમાં જંગલખાતાની એકમાત્ર સિદ્ધિ છે. આ જમીન હજી પણ લોકો જ ખેતી માટે અને ઢોર ચારવા માટે ઉપયોગ કરી રહ્યા છે. અલબત્ત, ખૂબ ઓછી ઉત્પાદકતા સાથે, કારણ કે વન વિભાગ ગમે ત્યારે ખદેડી મૂકે એની તલવાર કાયમ લટકતી રહે છે.

## તો પછી શું આદિવાસીઓએ આ જમીન પર કશું જ નથી કર્યું ?

ના. તેમણે આ જમીન પર એક નાની છાપરી જ ઊભી કરી છે અને એ સિવાય બીજું કશું નથી કર્યું. જ્યારે અમે લોકોને પૂછ્યું કે આ છાપરી તેમણે કેમ ઊભી કરી, ત્યારે તેમણે અમને જણાવ્યું કે ઘણાં વરસો પહેલાંથી આ જમીનો એમના બાપાઓએ ચાલુ કરેલી અને તેઓ પણ વરસોથી એ ખેડતા હતા, પરંતુ ૨૦૦૫-૦૬માં જંગલખાતાએ એમને એમાંથી હાંકી કાઢેલા. અને વન અધિકાર કાયદા હેઠળ ડિસેંબર ૨૦૦૫ પહેલાંથી ખેડતા આવેલા હોય તે બધાને જમીનો નામે કરી આપવામાં આવશે એમ તેમણે જ્યારે સાંભળ્યું ત્યારે, એમને થયું કે ડિસેંબર ૨૦૦૬ પહેલાં તો તેઓ પણ આ જમીનો ખેડતા જ હતા અને એટલે તેમને પણ એ મળવી જોઈએ. પરંતુ કબજો છૂટી ગયો હોવાને કારણે એમને કદાચ એ નહીં મળે એવો એમને ભય હતો. અને એટલે જ એમણે આ છાપરી ઊભી કરેલી. આમ, આ છાપરી બાંધીને તેઓ એ જ બતાવવા માગતા હતા કે આ જમીન પર તેમનો હક્ક દાવો છે અને વન અધિકાર કાયદા હેઠળ બીજા લોકોના હક્કોની જેમ જ એમના આ જમીન પરના હક્કને પણ માન્યાતા મળવી જોઈએ. આમ, આ નાની છાપરી વાસ્તવમાં તો એ જમીન પરનો દાવો બતાવવા માટેનો પ્રતીકાત્મક સંકેત (symbolic gesture) માત્ર જ છે. હકીકતમાં, આમ કરવાની પણ જરૂર નહોતી, કારણ કે જે લોકોને ભૂતકાળમાં ગેરકાયદેસર રીતે હટાવવામાં આવ્યા હોય એમને એ જ જમીન પર અથવા વૈકલ્પિક જમીન પર પુનર્વસવાટ કરવાની સ્પષ્ટ જોગવાઇ વન અધિકાર કાયદામાં આપવામાં આવી છે. અમે જ્યારે લોકોને કાયદાની આ જોગવાઇ અંગે સમજણ આપી ત્યારે એમણે અમને જણાવ્યું કે એમને જો આવી જોગવાઇની માહિતી પહેલેથી હોત તો તેઓ આવી છાપરી બાંધત નહીં.

અહીં સૌથી અગત્યની વાત તો એ છે કે આ છાપરી પણ લોકોએ કંઈ એમ જ કોઈ પણ જાતની જાણ કર્યા વગર છુપાવીને નહોતી બાંધી દીધી. બલ્કે તેઓ ક્યારે શું કરવાના છે, અને શા માટે કરવાના છે એની વિગતવાર જાણકારી વન વિભાગને અગાઉથી આપી હતી. આમ, વન વિભાગે જો ત્યારે જ તેમને વન-અધિકાર કાયદા અંગે સાચી માહિતી આપી હોત, તો લોકોએ છાપરી ઊભી કરવાની આ વાત પણ પહેલેથી જ પડતી મૂકી હોત અને કોઈ ટેન્શન પેદા નહીં થાત. પરંતુ એ સીધો




વજેપુર - આદિવાસીઓએ ઊભી કરેલી છાપરી જેના લીધે બધો હોબાળો મચાવાયો

રસ્તો અપનાવવાને બદલે ત્યારે તો એ એમ જ બેસી રહ્યું અને પછી લોકોએ જ્યારે છાપરી બાંધવાનું શરૂ કર્યું ત્યારે 'આદિવાસીઓ ખેતી માટે નવી જમીનો ખોલવા માટે મોટા પાયે જંગલો કાપી રહ્યા છે'ની કાગારોળ મચાવી મૂકી. એ તો સ્પષ્ટ છે કે આ ઘટનાનો લાભ લઈને સામાન્ય લોકોમાં તેમજ સરકારી તંત્રમાં અન્ય વિભાગોમાં આદિવાસીઓ અને વન અધિકાર કાયદાને બદનામ કરવા માટે જ તેણે આમ કર્યું. ૧૩મી ફેબ્રુઆરીનો ગોઝારો બનાવ બની ગયા બાદ, ૧૫ તારીખે ગાંધીનગરના વન સંરક્ષક અનિલ જોહરીએ અખબારી નિવેદન આપીને સૌ પ્રથમ વાર એ સ્પષ્ટતા કરી કે જો કોઇ વ્યક્તિ પાસે હાલમાં જમીનનો કબજો ના હોય પણ જમીન પરનો હક્ક બતાવી શકશે તો પણ વન અધિકાર કાયદા નીચે જમીનો મળી શકશે અને એ માટે હાલમાં કબજો હોવાનું બતાવવાની કોઈ જરૂર નથી. પરંતુ સવાલ એ છે કે આ સ્પષ્ટતા એમણે કે એમના અધિકારીઓએ અગાઉ લોકોએ તેઓ શું કરવાના છે તેની તેમને જાણકારી આપેલી ત્યારે જ કેમ નહોતી કરી ? એમ કર્યું હોત તો આ પરિસ્થિતિ જ પેદા ન થાત ને ?

## આભાપુરના પોળો જંગલમાં શું થયું ?

વજેપુરથી વિપરીત, આભાપુર પોળો જંગલમાં સરસ ગાઢું જંગલ ઊભું છે. ઉપર આપણે જાયું તેમ વન વિભાગે એવો દાવો કરેલો કે આદિવાસીઓના ટોળાએ આ જંગલમાં પણ આડેધડ હજારો વૃક્ષો કાપી નાખ્યાં છે. આની કોઇ જ નિશાનીઓ અમને આ જંગલમાં જોવા મળી નહીં. અમે ગયા ત્યારે પણ પોળો જંગલ અકબંધ ઊભેલું હતું. એક નાની છાપરી જ ઊભી કરી હતી. આ છાપરી ધોલવાણી રેન્જની પોળો કેમ્પ ઓફિસની બરાબર સામે ઊભી કરવામાં આવી છે. એ છાપરી માટે જરૂરી એ જ અને એટલાં જ ઝાડો કાપવામાં આવેલાં. પગદંડીની આસપાસનાં છૂટાંછવાયાં ઝાડો જ કપાયેલાં. અને તે પણ પાતળાં જ. એવું દેખાઇ આવે છે કે ઝાડોને બહુ કાળજીપૂર્વક પસંદ કરીને એના થડ પર લાલ રંગથી નિશાનીઓ કરેલી. બીજી અગત્યની બાબત એ છે કે આ નિશાનીઓ સાવ નીચે નહીં, પણ નીચેના ૧ કે ૨ ફુટ છોડીને ઉપર કરવામાં આવેલી. અને જ્યાં નિશાનીઓ કરેલી ત્યાંથી જ ઝાડ કાપવામાં આવ્યાં છે. જેને લીધે આવતા વરસાદ પછી તરત જ આ ઝાડો ફરીથી ખૂબ




આભાપુરનું પોળો જંગલ - હજી પણ અકબંધ છે





આભાપુર પોળો જંગલ - કાળજીપૂર્વક પસંદ કરીને કપાયેલાં વૃક્ષો



આભાપુરનું પોળો જંગલ - આદિવાસીઓએ ઊભી કરેલી છાપરી

ઝડપથી વૃદ્ધિ પામવા માંડશે એ નક્કી. ઝાડ પરની આ લાલ નિશાનીઓ પર બહુ મોટો હોબાળો મચાવાયો છે, પણ ખરેખર તો આ નિશાનીઓ એ જ દર્શાવે છે કે ઝાડોને આડેધડ કાપવામાં આવ્યાં નથી.

એ સમયે જે ચોકીદાર ત્યાં હાજર હતો એણે અમને જણાવ્યું કે આશરે ૨૦૦ જેટલા લોકોનું ટોળું ઢોલ-નગારાં સાથે ત્યાં આવેલું. ટોળાને આવતું જોઈને એ અને બીજા ચોકીદારો ઓફિસ છોડીને નાસી ગયેલા. એણે એ પણ અમને કહ્યું કે થોડા લોકો ઝાડ કાપતા હતા, ત્યારે બીજા ઢોલ વગાડતા હતા અને નાચતા હતા.

આવડા મોટા જૂથે જો જંગલ પર હુમલો કર્યો હોત અને રસ્તામાં આવે એ બધાં ઝાડોને આડેધડે કાપ્યાં હોત તો એનાથી કેટલો મોટો વિનાશ સર્જાયો હોત એ તો સ્હેજે કલ્પી શકાય છે. અને છતાં, તેમણે આવો કશો જ વિનાશ કર્યો નહીં તે હકીકત જ દર્શાવે છે કે આ કોઈ જંગલનો નાશ કરવા આવેલા હોય એવા હિંસક લોકોનું ટોળું નહોતું, પરંતુ એકદમ શિસ્તબધ્ધ લોકોનું જૂથ હતું, જેમને જંગલો પ્રત્યે ઊંડી લાગણી હતી. તેઓ એકમાત્ર ઉદ્દેશ પાર પાડવા આવ્યા હતા - નાની છાપરી બાંધીને એ વિસ્તાર પર પોતાનો દાવો રજૂ કરવાનો ઉદ્દેશ. અને આ તેમણે એકદમ શિસ્તબધ્ધ રીતે અને ઉત્સવના વાતાવરણમાં અને જંગલને સાવ ઓછામાં ઓછું નુકસાન થાય એ રીતે પાર પાડ્યું. કેમ્પ ફોરેસ્ટ ઓફિસમાં કોઈ જ નહોતું, તેમ છતાં ઓફિસને પણ કોઈ પણ જાતનું નુકસાન કર્યું નથી. આ બધું જોયા પછી હકીકતમાં તો એમની શિસ્ત અને જંગલો માટેની એમની ઊંડી લાગણી માટે માન થયા વગર ના રહે.

એક કોયડો જોકે હજુ ઉકેલવાનો બાકી હતો. વજેપુરમાં તો તેઓ અગાઉ જે જમીનો ખેડતા હતા તેના પર પોતાનો દાવો રજૂ કરવા માટે તેમણે છાપરી બનાવી હતી, જ્યારે અહીં પોળોમાં તો જે જગ્યાએ છાપરી ઊભી કરી છે એ જમીન ઊબડખાબડ, પથરાળ અને બિલકુલ ખેડવાલાયક નથી. તો પછી અહીં શા માટે એમણે છાપરી બનાવી હશે? લોકોએ અમને જણાવ્યું કે એ સ્થળ પર છાપરી ઊભી કરીને તેઓ ખેતી માટેનો દાવો નહીં પણ જંગલને સાચવવા માટેના અધિકારનો દાવો કરી રહ્યા હતા. વન વિભાગે આ જંગલનું રક્ષણ કરવા માટે આ કેમ્પ ઓફિસ

બનાવી છે, પણ હાલમાં તેઓ પોતે જ રાતે રાતે સાગની ચોરી કરાવી રહ્યા છે અને દોષનો ટોપલો આદિવાસીઓના માથે પાડવામાં આવે છે. એને બદલે એ વધુ સારું છે કે અમે જ આ જંગલોને સાચવીએ અને એનો વહીવટ કરીએ. આ ઉપરાંત, છાપરીથી થોડે દૂર નદી કિનારે અને જૈન મંદિરની પાસે ઝાડ વગરની સપાટ ખેતીલાયક જમીન આવેલી છે, જે વર્ષો પહેલાં બે કુટુંબો ખેડતાં હતાં. એ જમીનો પર એમનો દાવો રજૂ કરવાનો ઉદ્દેશ પણ હતો જ.

અહીં એ નોંધવું જરૂરી છે કે વન અધિકાર કાયદો આદિવાસીઓને જમીનના પટ્ટા માત્ર જ નથી આપતો, પરંતુ આદિવાસી સમુદાયો (ગ્રામ સભા)ને વાંસ સહિતની ગૌણ વન પેદાશો પર માલિકીહક્ક અને જંગલોને સામુદાયિક વન સંસાધન તરીકે જાળવવાના અને વહીવટ કરવાના અધિકાર પણ આપે છે. અને એ આદિવાસીઓ અને જંગલો - એમ બન્નેના હિતમાં છે.

આમ, આદિવાસીઓએ ન તો વજેપુરમાં કે ન તો પોળોમાં કોઇ જંગલનું નિકંદન કાઢ્યું છે. સરકારી તંત્રમાં જો કોઇને આ સત્ય હકીકતની માહિતી હતી, તો તે એકમાત્ર વન વિભાગને જ હતી. (અથવા તો હોવી જોઇતી હતી એવું અપેક્ષિત છે.) તેમ છતાં આ જ વિભાગે જંગલનું જાણે કે નિકંદન નીકળી રહ્યું છે એવા સાવ અતિશયોક્તિભર્યા અને જૂઠા સમાચારો ફેલાવ્યા. વન વિભાગ તો જાણતો જ હતો કે આવું કશું થયું જ નથી, તેમ છતાં એણે આવું જુઠ્ઠાણું ચલાવ્યું એની પાછળ આદિવાસીઓ અને વન અધિકાર કાયદાને વહીવટીતંત્ર અને સામાન્ય લોકોની નજરમાં વગોવવાનો જ ઇરાદો હતો એ અંગે કોઇ શંકા ખરી ?

## શું આદિવાસીઓએ અધિકારીઓ અને આંતરસુબા રેન્જ ઓફિસ પર હુમલો કરેલો ?

ઉપર જોયું તેમ વન વિભાગ અને પોલીસે આ આદિવાસીઓ જંગલોનો વિનાશ કરી રહ્યા હતા એટલો જ દાવો નથી કર્યો, પણ તેમણે વન અધિકારીઓ અને પછી ૧૩મી ફેબ્રુઆરીએ તો આંતરસુબા આશ્રમ ખાતે રેંજ ફોરેસ્ટ ઓફિસ પર પણ સશસ્ત્ર હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. એટલે હવે આ દાવાઓને પણ ચકાસીએ.

### વન વિભાગની ફરિયાદ

૮મી ફેબ્રુઆરીની સાંજે ધોલવાણી રેન્જના રેન્જરે ૧૭ આદિવાસીઓ સામે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી. આ ફરિયાદમાં એમણે જણાવ્યું છે કે ૮મીની સવારે જ્યારે એ અને એસીએફ (આસી. કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ) વજેપુરના પ્લાન્ટેશન વિસ્તારની મુલાકાતે ગયા, ત્યારે આરોપી આદિવાસીઓએ ગેરકાયદેસર રીતે ભેગા થઇને એમને એમની હકુમત હેઠળની જંગલ જમીન પરના પ્લાન્ટેશન વિસ્તારમાં જતા અટકાવ્યા અને એમની ફરજ બજાવતા રોક્યા, તથા જાનથી મારી નાખવાની ધમકી આપી. આ ફરિયાદને પોલીસે ૯મી તારીખે એફઆઇઆર નં. ૧૫/૦૮થી દાખલ કરી અને આરોપીઓ પર ઇન્ડિયન પીનલ કોડની કલમ ૩૫૩, ૧૪૩, ૫૦૬(૨) મુજબના ગુન્હાઓ દાખલ કર્યા.

આ બહુ કૌતુકભરેલી આ જ દિવસોમાં વનખાતું આદિવાસીઓ મોટાપાયે જંગલોનો નાશ કરી રહ્યા હોવાનો મોટો હોબાળો મચાવી રહ્યું હતું. અને છતાં, ફરિયાદમાં જંગલ કાપ્યાનો ઉલ્લેખ સુદ્ધાં નથી. વન અધિનિયમ હેઠળ કોઇ જ ગુન્હો દાખલ કરવામાં આવ્યો નથી.

દેખીતી રીતે આ સાવ ખોટી અને ઉપજાવી કાઢેલી ફરિયાદ છે. આપણે આગળ જોયું તેમ લોકોનો ઉદ્દેશ માત્ર એક છાપરી બાંધવાનો જ હતો અને એ તેઓ વન વિભાગને જાણ કરીને બાંધી રહ્યા હતા. તો પછી તેઓ વન અધિકારીઓને ત્યાં જતા શા માટે અટકાવે ? અને જાનથી મારી નાખવાની ધમકી આપવાનો તો સવાલ જ ક્યાંથી પેદા થાય ?

એ બાજુ પર રાખીએ, અને એક ઘડી આ ફરિયાદના સાચી પણ માની લઇએ તો પણ ખ્યાલ આવે છે કે એમનો વિરોધ શાંત અને શિસ્તબદ્ધ હતો અને હિંસાનો એમાં સદંતર અભાવ હતો. આ અધિકારીઓ ઉપર શારીરિક ઇજાની કોઇ ફરિયાદ નથી એ જ એનો મોટામાં મોટો પુરાવો છે. અને છેલ્લે, એ તો સ્પષ્ટ છે કે ફરિયાદ સાચી પણ હોય, તો પણ આ સાવ મામૂલી ગુન્હા છે. પહેલા બે ગુન્હા ગેરકાયદેસર ભેગા થવું (કલમ ૧૪૩) અને સરકારી અધિકારીઓને પોતાની ફરજ બજાવતા રોકવા (કલમ ૩૫૩) કોગ્નીઝેબલ અને જમીનપાત્ર ગુન્હા છે. જ્યારે મારી નાખવાની ધમકી આપતી કલમ ૫૦૬ (૨) નો ત્રીજો ગુન્હો કોગ્નીઝેબલ પણ બિનજામીનપાત્ર છે.

### પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રની ભૂમિકા

આવા પ્રકારના કેસમાં સામાન્ય રીતે પોલીસ આરોપીઓને હાજર થઇ જવા માટે કહેવડાવતી હોય છે, જેથી આરોપીઓ જામીનની તૈયારી સાથે જ પોલીસમાં હાજર થાય અને તાત્કાલિક જામીન મળી જાય. અને વાત ત્યાં પૂરી થઇ જાય.

જ્યારે આ કેસમાં શું થયું? અહીં તો ડીએસપી, ડીવાયએસપી, પ્રાંત અધિકારી, ડીએફઓ, મામલતદાર, પીએસઆઇ, આરએફઓ વગેરેની ફોજ આ ગામો પર ઊતરી પડી. સાથે બંદૂકધારી એસઆરપી અને કમાન્ડો પણ કરા જ.

સ્વષ્ટ છે કે આટલા બધા અધિકારીઓ વનવિભાગે કરેલી ફરિયાદની તપાસ કરવા માટે ન જ આવ્યા હોય. આદિવાસીઓ જંગલોનો મોટાપાયે નાશ કરી રહ્યા છે એવી જંગલખાતાએ ફેલાવેલી વાતોને કારણે જ તેઓ બધા ત્યાં ઊતરી આવ્યા હશે. જો એવું હોય તો એમની પહેલામાં પહેલી ફરજ એ ચકાસવાની હતી કે જંગલોનું આવું નિકંદન ખરેખર નીકળ્યું છે કે નહીં.

તો શું એમણે એ ચકાસ્યું? એનો સ્પષ્ટ જવાબ છે ના. કારણ કે જો એમણે એમ કર્યું હોત તો એમને તરત જ ખ્યાલ આવી ગયો હોત કે જંગલોનો કોઇ નાશ થયો નથી, અને જંગલખાતાએ ફેલાવેલી વાત તદ્દન જૂઠી અને અતિશયોક્તિભરેલી હતી.

આ ઉપરાંત પરિસ્થિતિને થાળે પાડવાની પણ એમણે કોઇ કોશિશ કરી હોય એવું પણ જણાતું નથી. એ માટે તો એમણે લોકોને વન અધિકાર કાયદાની જોગવાઇઓની સાચી સમજણ આપવાની જ જરૂર હતી. પણ એમણે આવું કશું જ કર્યું નહીં. અને છતાં, લોકોએ તો આ છાપરીઓ બનાવવાની કામગીરી તો બંધ કરી જ દીધી હતી.

એ તો સ્પષ્ટ છે કે આ ઉચ્ચ અધિકારીઓએ આ આદિવાસીઓમાં નરમ નકસલવાદ પ્રસરી રહ્યો છે અને તેઓ જંગલોમાં મોટાપાયે વૃક્ષ કટાઈ કરી રહ્યા છે એ વન-વિભાગે ફેલાવેલી વાત તો વગર ચકાસ્યે જ સ્વીકારી લીધી હતી અને એસ.આર.પી અને કમાન્ડોની ફોજ સાથે આ ગામોની તેમની મુલાકાતોનો હેતુ રાજ્યની સત્તાનું પ્રદર્શન કરવાનો અને અધિકારો માટે લડતા આદિવાસીઓના મક્કમ મનોબળને તોડી પાડવા માટે એમને ડરાવવાનો જ હતો.

પરંતુ, એમ થયું નહીં. સત્તાના આ પ્રદર્શનથી જરા પણ ગભરાયા વગર એમણે આ અધિકારીઓને કહી દીધું કે તેઓ સામી છાતીએ ગોળીઓ ખાશે પણ જળ, જમીન, જંગલ પરના બંધારણે આપેલા હક્કો લઇને જ જંપશે. (એમણે વાપરેલા શબ્દો નોંધવા જેવા છે. તેઓ એમ નથી કહેતા કે અધિકારીઓ ઉપર હુમલો કરશું, પણ એમ કહે છે કે ગોળીઓ ખાઇશું.)

આદિવાસીઓની આ હિંમત અને આ ધૃષ્ટતા? ઉચ્ચ અધિકારીઓથી એ સ્હેજ પણ સહી જાય એમ નહોતી. આ આદિવાસીઓને તો બરાબર પાઠ ભણાવી દેવો જોઇએ, જેથી પાછા કદાપિ માથું ન ઊંચકે. એમને સીધા કરી નાખવાનો નિર્ણય જાણે લેવાઇ ચૂકાયો હતો. આ જૂથના આગેવાનોને રાતે જ ઊંઘતા જ ઝડપી લેવાનું આખું ઓપરેશન ડીવાયએસપી હિમાંશુ શુક્લાને સોંપાયું. એ મુજબ ૧૩મીના મળસ્કે ૫.૦૦ વાગ્યાના સુમારે પોલીસ અને વન અધિકારીઓ અને ગાર્ડોની જુદી જુદી ૫ ટીમે વજેપુર, ખેરવાડા, મોદરી, અભેપુર અને કંડલા એવાં ૫ ગામોમાં અચાનક એક સાથે છાપો માર્યો. તેઓ બળજબરીથી ઘરોમાં દાખલ થયા, ઊંઘતા માણસોને પકડ્યા, એમને પછાડ્યા, માર્યા, અમુક કેસોમાં બહેનોના ઓઢવાના ખેંચી કઢાયા, છાતી પર બંદૂક રાખીને ધમકી અપાઇ. ૬ વ્યક્તિઓને પકડીને વાહનોમાં ઉપાડી જવામાં આવી. એમના ઘરના લોકોને કોઇ માહિતી પણ આપવામાં ન આવી કે એમને શા માટે પકડવામાં આવ્યા અને એમને ક્યાં લઇ જવાઇ રહ્યા હતા અને એમને છોડાવવા માટે તેમણે શું કરવું. સુપ્રીમ કોર્ટની ડી. કે. બાસુ ગાઇડલાઇન્સની કોઇ પરવા કર્યા વગર જ. બીજા ઘણા માણસો ગાડીઓના અવાજ સાંભળીને નાસી ગયા, નહીંતર યોજના તો ૩૦-૩૫ લોકોને ઉઠાવી જવાની હતી. જેમને પકડવામાં આવેલા એમને પહેલાં આંતરસુબા આશ્રમ ખાતેની રેન્જ ઓફિસ પર લાવીને તરત જ હિંમતનગર લઇ જવાયા.

અને આ બધું શેના માટે કરવામાં આવ્યું? પોલીસના કહેવા પ્રમાણે આ લોકોને વન ખાતાની ૮મીની ફરિયાદને કારણે પકડવામાં આવેલા. પરંતુ, આ કોઈ માની શકે? એ ફરિયાદ તો સાવ મામૂલી હતી. એવી ફરિયાદ પર જાણે કોઇ ખૂંખાર આતંકવાદીઓને પકડવા જતા હોય એ રીતે મળસ્કે અંધારામાં છાપો મારવાનો હોય અને લોકોને ઊંઘતા ઝડપવાના હોય ? એ તો સ્પષ્ટ છે કે જિલ્લા વહિવટી તંત્ર આ શિસ્તબદ્ધ અને શાંત આદિવાસીઓ સાથે તેઓ જાણે કોઈ આતંકવાદી હોય એ રીતે વર્તન કરી રહ્યું હતું અને એમને પાઠ ભણાવવાના ઉદ્દેશ્યથી જ આ રીતે મળસ્કે અંધારામાં છાપા મારીને માણસો ઊઠાવી જવાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

## ૧૩ ફેબ્રુઆરીએ આંતરસુબા આશ્રમની રેન્જ ફોરેસ્ટ ઓફિસ ખાતે શું થયું ?

જે રીતે ગામોમાંથી મળસ્કે અંધારામાં પોલીસ ૬ વ્યક્તિઓને ઊપાડી ગયેલી, એની પ્રતિક્રિયામાં સ્વાભાવિક જ સવારે લગભગ ૯.૩૦ વાગ્યાના સુમારે આ ગામોના ૧૫૦-૨૦૦ લોકો આંતરસુબા આશ્રમ રેન્જ ફોરેસ્ટ




આંતરસુબા આશ્રમ ખાતેની રેંજ ઓફિસ - ૧૩મી ફેબ્રુઆરીએ લોકો આ દરવાજાની બહાર જ ઊભા હતા

ઓફિસ પર પોતાના માણસોને છોડાવવા પહોંચી ગયા. અને ત્યાર પછી ગણતરીના કલાકોમાં લોકો પર ગોળીબાર કરવામાં આવ્યો, જેમાં ૨ વ્યક્તિઓએ જાન ગુમાવ્યા અને ૩ જણાને ગંભીર ઈજા થઈ. આપણે ઉપર જોયું તેમ પોલીસના દાવા મુજબ આ આદિવાસીઓ માત્ર પોતાના માણસોને છોડાવવા માટે જ નહોતા આવ્યા, પરંતુ તીર-કામઠાં અને અન્ય શસ્ત્રો સાથે રેન્જ ફોરેસ્ટ ઓફિસ પર હુમલો કરીને ત્યાં સ્થિત કર્મચારીઓ અને અધિકારીઓને મારી નાખવાના ઈરાદા સાથે આવેલા અને એમણે તીરથી હુમલો શરૂ કર્યો ત્યાર પછી જ પોલીસે સ્વ-બચાવમાં ગોળીબાર કરેલો. એટલે જ મરનાર તેમજ ઈજાગ્રસ્ત વ્યક્તિઓ સહિત કેટલાયે લોકો પર ઈ.પી.કો.ની કલમ ૩૦૭ (ખૂન કરવાના ઈરાદા સાથે હુમલો કરવો) તેમજ અન્ય કલમો નીચે પોલીસ ફરિયાદ (એફ.આઈ.આર. ૧૬/૦૮) પણ દાખલ કરી દેવામાં આવી છે.

દેખીતી રીતે જ આ માની ન શકાય એવી વાત છે. એ માટે ઘણાં કારણો આપી શકાય એમ છે, અહીં એમાંથી થોડાંક અગત્યનાં કારણો જ તપાસીશું.

❖ જો આ આદિવાસીઓ હુમલો કરવા અને કર્મચારીઓને મારી નાખવાના ઈરાદા સાથે જ આવ્યા હોત, તો એ તો સ્પષ્ટ છે કે આવતાંની સાથે જ તેમણે ઓફિસ પર હુમલો બોલાવી દીધો હોત. ત્યારે તો પોલીસના કોઈ ઉપલા અધિકારીઓ પણ હાજર નહોતા, એટલે સામેવાળાને કાંઈ ખ્યાલ આવે ત્યાર પહેલાં જ અચાનક હુમલો કરી શક્યા હોત. પરંતુ, તેમણે એવું કશું કર્યું નહીં. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે ઓફિસના કંપાઉન્ડ બહારનો મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવેલો. અને ત્યારે એ દરવાજો ઠેકીને અંદર પહોંચી જવાને બદલે એ બંધ દરવાજાની બહાર જ રોકાઈ ગયેલા અને ઢોલ-નગારાં વગાડીને નૃત્ય કરતા હતા અને સાથે સાથે પોતાના માણસોને છોડવા માટેના સૂત્રોચ્ચાર કરતા હતા. આંતરસુબા આશ્રમના કેટલાયે તટસ્થ માણસોએ પણ આ વાતને અનુમોદન આપ્યું છે. આ જ હકીકત એ દર્શાવે છે કે આ લોકો ફક્ત તેમના માણસોને છોડાવવા માટે જ આવ્યા હતા અને કોઈ પણ નિર્દોષ વ્યક્તિઓ ઉપર હુમલો કરવામાં કે તેમને મારી નાંખવામાં એમને કોઈ રસ નહોતો.

❖ જો આ આદિવાસીઓએ તીર છોડ્યાં હોય તો એનાથી કોઈ પણ વ્યક્તિને ઈજા કેમ ન થઈ? શું આ આદિવાસીઓ નિશાન લેવામાં એટલા કાચા હતા ? ઈજાગ્રસ્ત દેવાજીભાઈનાં પત્ની ચંપાબેને અમને જે કહ્યું એ બહુ સૂચક છે, 'અમારા મરેલાઓ અને ઈજા પામેલાઓના તો છાપામાં ફોટા છપાયા છે, તો પછી એમનામાંથી કોઈના ફોટા કેમ નથી છપાયા ?'

❖ છેલ્લો દાખલો લઈએ. ગામોમાં મળસ્કે રેડ પાડીને ૬ માણસોને પકડી જવાનું ઓપરેશન જેમણે ચલાવેલું એ ડીવાયએસપી હિમાંશુ શુક્લા આશરે ૧૧ વાગ્યે હિંમતનગરથી આંતરસુબા પરત આવેલા. લોકોના ટોળાની વચ્ચે થઈને અંદર જતા હતા, ત્યારે લોકોએ એમની ગાડી રોકી પાડેલી અને એમને ગાડીમાંથી બહાર નીકળવાની ફરજ પડેલી. લોકોના ટોળાએ એમને ઘેરી લીધેલા અને બોલાચાલી પણ થયેલી. પણ આ બધામાં એમના શરીરને સહેજ પણ આંચ નહોતી આવી અને પછી એમને અંદર પણ જવા દીધેલા. એમની ગાડીને પણ ઘસરકો સુધ્ધાં નહોતો પડ્યો. જો આ લોકો અધિકારીઓને મારવાના ઇરાદે આવ્યા હોત, તો આવો મોકો હાથમાંથી જવા દેત ?

અને છતાં, આ બનાવના થોડા જ સમયમાં, કોઈ પણ જાતની ચેતવણી આપ્યા વગર આ શાંત અને શિસ્તબધ્ધ લોકો પર ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો ! પહેલાં ૨૦ જેટલા ટીયરગેસ શેલ અને પછી ૨૦ રાઉન્ડ ગોળીબાર ! લગભગ ૧૧-૩૦ સુધીમાં તો બધું ખતમ થઈ ગયેલું. બે વ્યક્તિઓ - સાંજાજી રામાજી બોડાત અને શૈલેશ રાઠોડ (શિક્ષક, જે તો ત્યાંથી માત્ર પસાર થઈ રહ્યા હતા) - એ જાન ગુમાવ્યા અને ત્રણ વ્યક્તિઓ - દેવાજીભાઈ રામાજીભાઈ ડામોર, નરેશ વેચાતભાઈ નિનામા અને જગદીશભાઈ અમરાજીભાઈ બલાત -ગંભીર રીતે ઈજા પામ્યા. બધાને છાતી કે તેનાથી ઉપરના ભાગમાં જ ગોળી વાગેલી, જે દર્શાવે છે કે મારી નાંખવાના ઉદ્દેશ્ય સાથે જ ગોળીબાર કરાયેલો. કેટલાક નજરે જોનારાઓએ તો ત્યાં સુધી કહ્યું છે કે લોકો પાછા જવા માંડેલા ત્યાર પછી પણ ગોળીબાર ચાલુ હતો.

આ છે વિજયનગરનું સત્ય. પોતાના માણસોની ભાળ કાઢવા આવેલા શાંત, શિસ્તબદ્ધ અને બહાદુર લોકો પર ખાખી વર્દીના કાયર માણસોએ ધોળે દહાડે કોઈ પણ જાતની ચેતવણી વગર અંધાધૂંધ ગોળીબાળ કર્યો ! આ તો જલિયાંવાલા બાગની જ યાદ અપાવે છે. અને હજુ એમની વીતક કથાનો અંત નથી આવ્યો. ઈપીકો કલમ ૩૦૭ના કેસની તલવાર તો હજી એમના માથા પર લટકી જ રહી છે ! ■

## ભલામણો

આદિવાસી મહાસભા તરફથી નિમાયેલ તપાસ સમિતિએ નીચે મુજબ ભલામણો કરી છે :

૧. ગામલોકો સામે જે ફોજદારી કેસો દાખલ કરવામાં આવ્યા છે (કેસ નંબર ૧૫/૦૮ અને ૧૬/૦૮) તે તાત્કાલિક પાછા ખેંચવામાં આવે.

૨. ગોળીબારનો હુકમ કરનાર અધિકારીઓ સામે તાત્કાલિક ખૂન તેમજ ગંભીર ઈજા પહોંચાડવાના ગુન્હા માટેનો કેસ દાખલ કરવામાં આવે અને સમગ્ર બનાવની તપાસ માટે ઉચ્ચસ્તરીય પોલીસ તેમજ ન્યાયિક તપાસ શરૂ કરવામાં આવે.

૩. જે જમીનો માટે લોકોનું ખૂન વહેવડાવવામાં આવ્યું છે એ જમીનો એમને મળશે એની પાકી બાંહેધારી આપવામાં આવે અને એ માટે વન અધિકાર કાયદાની જોગવાઈઓના અમલ કરવા માટેની કાર્યવાહી અન્ય ગામોની સાથે જ આ ગામોમાં પણ તાત્કાલિક શરૂ કરી દેવામાં આવે.

૪. મૃતકોના પરિવારોને તેમજ ગંભીર ઈજાગ્રસ્તોને યોગ્ય વળતર ચૂકવવામાં આવે (મૃતકોના પરિવારોને ઓછામાં ઓછા રૂા. ૧૦ લાખ, અને ઈજાગ્રસ્તોને રૂા. ૫ લાખ) તેમજ આ બનાવ માટે ગામલોકોની બિનશરતી માફી માંગવામાં આવે.

૫. લોકો મોટા પાયે જંગલો કાપી રહ્યા છે એવી સાવ ખોટી અને અતિશયોક્તિભરી વાતો ફેલાવવા માટે વનવિભાગના જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે.

૭. ગુજરાતના બધા આદિવાસીઓને ખાતરી આપવામાં આવે કે વન અધિકાર કાયદાનો નિશ્ચિત સમયમાં સારામાં સારી રીતે અમલ કરવામાં આવશે. આ માત્ર જમીનના પટ્ટા આપવાનો સવાલ નથી. એના અમલમાં ગ્રામસભા દ્વારા લોકોના વન અધિકારો નક્કી કરવાની અઘરી પ્રક્રિયાનો સમાવેશ થાય છે. તે માટે લોકોને યોગ્ય જાગૃતિ અને તાલીમ આપવામાં આવે એ જરૂરી છે. ખોટી ઉતાવળ કરવાથી લાભ કરવાથી હાનિ થવાની શક્યતા વધારે છે. સૌ ભેગા મળીને આ કાયદાના શ્રેષ્ઠ અમલ માટે કામ કરે એ જરૂરી છે. એને રાજકીય પક્ષા-પક્ષીનો મુદ્દો ન બનાવવામાં આવે, એ માટે અમે સૌને અપીલ કરીએ છીએ. ■

# ગુજરાત ચૂંટણી પરિણામ - થોડુંક આંતરખોજ માટે

*- અંબરીષ મહેતા*

ગયા અંકની સંપાદકીય નોંધમાં ગુજરાતના ચૂંટણી પરિણામ વિશે પ્રારંભિક પ્રતિક્રિયા આપી હતી. ત્યાર પછી સામયિકો/ અખબારોમાં આ પરિણામનાં કારણો અને સૂચિતાર્થો વિશે ઠીક ઠીક ચર્ચા થઈ છે. આ ચર્ચાને લાંબા ગાળાના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં આગળ વધારવાની જરૂર છે. આ સંદર્ભમાં અહીં જેના પર હજી બહુ ધ્યાન નથી ગયું એવા એક-બે મુદ્દા પર જ ચર્ચા કરી છે.

લગભગ બધા વિવેચકોએ નોંધ્યું છે તેમ આ પરિણામો માત્ર સાંપ્રદાયિક ધ્રુવીકરણની રાજનીતિને આધારે જ સમજી શકાય એમ નથી. ૨૦૦૨માં જરૂર એવી પરિસ્થિતિ હતી. પરંતુ ત્યાર પછી તો પાંચ વરસ સુધી મોદી સરકાર ચાલી છે, જેમાં એ સિવાય પણ બીજું ઘણું બની ગયું છે. અને એટલે જ એ સરકારની પાંચ વરસની કામગીરીનો મુદ્દો પણ અગત્યનો હતો જ. જે પરિણામ આવ્યાં છે તે સ્પષ્ટ રીતે સૂચવે છે કે એવું કંઈક જરૂર છે જેને કારણે તેઓ લોક-માનસમાં ચીલાચાલુ રાજકારણી કરતાં જુદા હોવાની છાપ ઊભી કરી શક્યા છે.

## વિકાસલક્ષી કામગીરી

ભાજપના બળવાખોર ઉમેદવારોનો જે રકાસ થયો તે એનું સ્પષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. ૨૦૦૨ની ચૂંટણી પછી સૌને ભય હતો કે અન્ય રાજ્યોની જેમ જ આપણે ત્યાં પણ બધાને ખુશ રાખવા માટે મસમોટું મંત્રીમંડળ બનાવવામાં આવશે અને સરકારી બોર્ડો તેમજ કોર્પોરેશનોમાં પક્ષ તેમજ વિ.હિં.પ. અને આર.એસ.એસ.ના સભ્યોને હોદ્દા આપીને એમને 'કમાણી' કરવાની સવલત કરી આપશે. પરંતુ એવું કશું થયું નહીં. એ સામે પક્ષમાં બળવો થયો અને સંઘ પરિવાર પણ નારાજ થયો છતાં જરાયે નમતું જોખ્યું નહીં. પરિણામે લોકોની નજરમાં મોદી હીરો બની ગયા અને બળવાખોરો તો હોદ્દા ન મળવાને કારણે જ વિરોધ કરી રહ્યા છે એવી વ્યાપક છાપ બની ગઇ. આ સંજોગોમાં એમનો આવો કરુણ રકાસ થાય એમાં કોઈ નવાઈ ખરી ?

બીજો દાખલો લઈએ. પાંચ વર્ષના મોદી-શાસનમાં ખેડૂતો માટેની વીજળી અને સિંચાઈના પાણી માટેની સબસિડી ઘટાડીને એના ભાવ ખાસ્સા વધારી દેવામાં આવેલા એ તો આપણે સૌ જાણીએ છીએ. એ સામે ખેડૂતોએ રેલી કાઢેલી, તો ત્યારે પણ એમના પર લાઠી-ચાર્જ કરવામાં આવેલો અને કેટલાયે લોકોને જેલમાં પણ પૂરી દેવામાં આવેલા. ગામે ગામ ઘરે ઘરે વીજળીનાં નવાં મીટર બેસાડવામાં આવેલાં અને એની સાથે ચેડાં કરતા પકડાયા હોય એવા દોઢ લાખ જેટલા લોકો પર વીજ-ચોરીના કેસો ઠોકી દેવામાં આવેલા. આ બધાને કારણે રાજ્યનાં બધાં કિસાન સંગઠનો મોદીનો ઘોર વિરોધ કરી રહ્યાં હતાં. ઘણા એમ માનતા હતા કે આ એક જ મુદ્દો ગામડાંઓમાં મોદીને ભારે પછડાટ આપશે. ભાજપમાં પણ ઘણાને આવો ડર હતો. અને કેટલાક અહેવાલો પ્રમાણે તો ભાજપના ચૂંટણી ઢંઢેરામાં ખેડૂતો માટેની વીજ-સબસિડી વધારવાનું અને વીજ-ચોરીના કેસોમાં સહાનુભૂતિપૂર્વકનું વલણ અપનાવવાનું વચન આપવાની દરખાસ્ત પણ કરવામાં આવેલી (કોંગ્રેસે તો એના ઢંઢેરામાં આવાં વચનો આપેલાં જ હતાં.), પરંતુ મોદીએ કોઈ પણ જાતના ખંચકાટ વગર એ દરખાસ્ત ફગાવી દીધેલી. અને છતાં ગામડાઓમાં પણ એમને આટલા થોકબંધ મતો મળ્યા !

## વીજક્ષેત્રની કાયાપલટ

આવું કેમ થયું ? એનો જવાબ એ છે કે આ ભાવ વધારાની સામે જ્યોતિગ્રામ યોજનાને કારણે છેલ્લાં ત્રણ વર્ષમાં ગામડાઓમાં વીજળીની ઉપલબ્ધિ બાબતમાં મોટી કાયાપલટ થઈ છે. આ અગાઉ ગામડાંઓમાં લાઈટના કાયમના ધાંધિયા હતા એ તો સૌ જાણે છે. વીજળી ક્યારે આવે અને ક્યારે નહીં તેનો કોઈ ભરોસો નહીં. ઉનાળામાં ખાસ જરૂર હોય ત્યારે ખસૂસ નહીં હોય. ખેતી માટેની થ્રી-ફેસ લાઈટ પણ માંડ ૬-૭ કલાક આવે અને એ પણ ક્યારે આવે તેનો કોઈ ભરોસો નહીં. અચાનક આવે ત્યારે બીજાં બધાં કામ પડતાં મૂકીને ખેતરે દોડવું પડે. છેલ્લાં ત્રણ વરસમાં આ સ્થિતિ સમૂળગી બદલાઈ ગઈ છે. બધે ઘર-

વપરાશ માટે ૨૦-૨૪ કલાક માટે નિયમિત રીતે થ્રી-ફેસ લાઈટ મળે છે. તે જ પ્રમાણે ખેતી માટે પણ બધે અગાઉથી જાહેર કરાયેલ સમયે દરરોજ નિયમિત રીતે ૮ કલાક વીજળી મળે છે. દેડિયાપાડાનાં અંતરિયાળ ગામો, જ્યાં અગાઉ માંડ ૩-૪ કલાક લાઈટ રહેતી, ત્યાં પણ હવે ઘર-વપરાશ માટે ૨૦-૨૪ કલાક લાઈટ રહે છે. અને ત્યાંના આદિવાસીઓ પણ ખુશીથી લાઈટના કનેકશન લઈ રહ્યા છે અને નવા મીટર પ્રમાણે બીલો પણ ભરી રહ્યા છે.

ત્રણ વરસના ટૂંકા ગાળામાં આવું મોટું પરિવર્તન કઈ રીતે હાંસિલ કરાયું એની વિગતો પણ જાણવા જેવી છે.  ગામડાંઓમાં લાઈટની કાયમી અનિયમિતતાનું મુખ્ય કારણ એ હતું કે ખેતી અને ઘર-વપરાશની વીજળી માટે એક જ લાઈન હતી. ખેતીના વપરાશ માટેના લાઈટ બીલ વપરાશ પ્રમાણે નહીં પરંતુ મોટરના હોર્સ-પાવર મુજબ વરસમાં એક જ વાર ભરવાનું હોય છે. એટલે એના વપરાશ (એટલે કે સબસિડીની રકમ પર) અંકુશ રાખવા માટે દરરોજ અમુક કલાક જ થ્રી- ફેઝ લાઈટ આપવામાં આવે. એટલે બાકીના સમયે ઘર-વપરાશ માટે પણ લાઈટ મળે ન મળે. સિંગલ ફેઝ લાઈટ આપવામાં આવે તો એમાં પણ ખેડૂતો ખાસ યંત્ર લગાવીને એનાથી થ્રી-ફેઝની મોટરો ચલાવતા. પરિણામે બાકીની લાઈનના વોલ્ટેજમાં મોટા ફલક્ચ્યુએશન આવતા, ઈલેક્ટ્રીક સાધનોને નુકસાન થતું અને ટ્રાન્ફોર્મર પણ બળી જતાં, જે રિપેર થતાં દિવસો નીકળી જતા. અને એનું એ રગશિયું ગાડું ચાલ્યા કરતું હતું.

આમાંથી માર્ગ કાઢવાને એક બાજુ તો વીજક્ષેત્ર માટે જરૂરી સુધારાના ભાગરૂપે જી.ઈ.બી.નું વિભાજન કરીને વીજ-ઉત્પાદન અને ડીસ્ટ્રીબ્યુશનનાં કાર્યોને અલગ અલગ સ્વાયત્ત કંપનીઓને સોંપી દેવામાં આવ્યાં. અને બીજી બાજુ જ્યોતિગ્રામની આ યોજના હેઠળ ગામડાંમાં ઘર-વપરાશ અને નાના-મોટા ઉદ્યોગ-ધંધા માટે વીજળી પૂરી પાડવા રૂ. ૨૧૦૦ કરોડના ખર્ચે આખી નવી સમાંતર ટ્રાન્સમીશન લાઈન નાંખવામાં આવી અને એ રીતે ખેતી અને ઘર-વપરાશ માટેની લાઈનો જ અલગ કરી દેવામાં આવી. આમ, આટલાં વરસોમાં ગામડે ગામડે લાઇટ પહોંચાડવા માટે જેટલી ટ્રાન્સમીશન લાઈન નાંખવામાં આવેલી, તેના જેટલી જ નવી લાઈનો આ ત્રણ વરસના ગાળામાં નાંખવામાં આવી. કુલ ૫૬૦૦૦ કિ.મી.ની નવી લાઈનો નાંખવામાં આવી અને ૧૨૬૦૦ જેટલાં નવાં ટ્રાન્સફોર્મર નાંખવામાં આવ્યાં. પરિણામે ગામડે ગામડે ઘરવપરાશ માટે ૨૪ કલાક થ્રી- ફેઝ લાઈટ આપવાનું શક્ય બન્યું. અને એની સાથે જ આ સુધારો કાયમી ધોરણે ટકી રહે એ માટે ઘરે-ઘર નવાં મીટરો મૂકવામાં આવ્યાં અને વીજ-ચોરી સામે ઝુંબેશ પણ શરૂ કરવામાં આવી. ત્રણ જ વરસમાં આવું મોટું કામ થયું એનાથી આપણે મહદ્અંશે અજાણ રહ્યા છીએ, પરંતુ ગામોના લોકોએ તો પોતાની નજર સામે નવી લાઈનો નંખાતી જોઈ હતી. તે જ પ્રમાણે રસ્તા અને પીવાના પાણી માટેની પાઈપલાઈન (નર્મદાની)નાં કામોમાં પણ ઘણી ઝડપથી કામગીરી થઈ રહી હોવાના અહેવાલો છે અને કેટલીકે જગ્યાઓએ તો પાણી મળવા પણ લાગ્યું છે.

વીજ-ક્ષેત્રને લગતા આ સુધારાને ગામોના લોકોએ જે રીતે આવકાર્યો છે એ ઘણી મહત્ત્વની બાબત છે. એ સૂચવે છે કે લોકોને સબસિડીના પરંપરાગત રાજકારણમાં હવે ઝાઝો રસ નથી રહ્યો. ગુણવત્તાવાળી વિશ્વસનીય સેવા પૂરી પાડવામાં આવે તો એ માટે જરૂરી નાણાં ચૂકવવા માટે પણ તેઓ તૈયાર છે. લોકતંત્રમાં જાહેર સેવાઓને લગતા આવા સુધારાને લોકોનો ટેકો નહીં મળે એ પ્રચલિત માન્યતા અહીં ખોટી પડી છે. આ ઘણી સારી નિશાની છે. અને એના આધારે બીજાં ક્ષેત્રોમાં પણ આવા સુધારા દાખલ કરવાની દિશામાં આગળ વધી શકાય એમ છે.

આમ, વીજળી-સડક-પાણીના ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસના મુદ્દે મોદી સરકારનો રિપોર્ટ-કાર્ડ એકંદરે ઘણો સારો હતો. આ વિકાસનો લાભ વ્યાપકપણે સમાજના બધા વર્ગોના લોકોને મળે છે અને રાજ્યના આર્થિક વિકાસમાં પણ તેનો અગત્યનો ફાળો છે. છેલ્લાં પાંચ વરસ દરમિયાન ગુજરાતનું ઘરેલુ ઉત્પાદન સરેરાશ ૧૦ ટકાના દરે વૃધ્ધિ પામ્યું છે. એની તુલનામાં નેવુંના દાયકામાં સરેરાશ ૭.૫ ટકાનો વિકાસ દર હતો. માથાદીઠ વૃદ્ધિદર ૮ ટકા જેટલો રહ્યો, જે રાષ્ટ્રીય સરેરાશ અને બીજાં રાજ્યો કરતાં ખાસ્સો વધારે છે. અને આ વિકાસ માત્ર ઉદ્યોગ અને સેવાક્ષેત્રો પૂરતો જ સીમિત નથી રહ્યો. ખેત ઉત્પાદન અને આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. આવા બહોળા વિકાસનો લાભ સમાજમાં વ્યાપક સ્તરે પહોંચે એ સ્વાભાવિક છે. આમ, ‘પાંચ કરોડ જનતા નહીં પણ પાંચ કરોડપતિઓનો જ વિકાસ થયો છે’ની વાત સાંભળવી ગમે, પણ હકીકત સામે ટકી શકે એમ નહોતી. અલબત્ત, આ વિકાસ સરકારે નહીં પરંતુ ગુજરાતની પ્રજાએ જ સાધ્યો છે. અને અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાત પહેલેથી વિકાસની બાબતમાં આગળ જ રહ્યું છે. પરંતુ એ ટકી રહે તે માટે જરૂરી પોષક વાતાવરણ પૂરું પાડવામાં સરકારની મહત્ત્વની ભૂમિકા છે, એ નકારી નહીં શકાય.

## સાંપ્રદાયિક ધ્રુવીકરણ અને કાયદાનું રાજ

આની સાથે જ એ પણ સ્પષ્ટ છે કે આ જીત ફક્ત બીજલી-પાની-સડક કે વિકાસના મુદ્દે જ નથી થઈ. આપણે ત્યાં બહુમતી મતદારોનું હિંદુત્વના

મુદ્દે જે સાંપ્રદાયિક ધ્રુવીકરણ થયું છે તેણે પણ એમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો જ છે. ૨૦૦૨થી જ એ ધ્રુવીકરણ પાકું થઈ ગયું હતું. એટલે આમ તો આ વખતે એ માટે કંઈ વધારે કરવાની જરૂર જ નહોતી. છતાં પ્રચારની શરૂઆતમાં પહેલી જાહેરખબરમાં જ ગોધરાકાંડ અંગેના બેનરજી પંચના અહેવાલ પર નિશાન સાધીને એની યાદ તાજી કરાવી દીધેલી. મીડિયાએ પણ સતત સાંપ્રદાયિક કાર્ડ ખેલાશે કે નહીં એ મુદ્દાને ચગાવ્યે રાખ્યો અને જાણ્યે અજાણ્યે મોદીના પ્રચારનું કામ જ કર્યું. અને છેલ્લે બાકી હતું તે સોનિયાબેને 'મોતના સોદાગરો'ની ટિપ્પણી કરીને પૂરું કરી આપ્યું. એનાથી મોદીને 'સોહરાબુદ્દીન' અને 'ગુજરાતના અપમાન'ના મુદ્દા ઉછાળવાનો છુટ્ટો દોર મળી ગયો.

સોહરાબુદ્દીનનો મુદ્દો જે રીતે ઉછાળાયો એ કલ્પના બહારની ઘટના હતી. રાજ્યના મુખ્ય પ્રધાન તેની પોલિસે કરેલા નકલી એન્કાઉન્ટરનો આમ જાહેરમાં બચાવ કરે, અને એ પણ ત્યારે જ્યારે એમની ખુદની સરકારે જ સુપ્રીમ કોર્ટ સામે એફિડેવિટ કરીને કબૂલ કર્યું હોય કે એ નકલી એન્કાઉન્ટર હતું અને ત્યાર પછી એની પત્નીને પણ ખતમ કરી દેવામાં આવેલી, એ ટી.વી. પર જોયું છતાં માની ના શકાય એવી ઘટના હતી. મોટા ભાગના લોકોએ એને મોદીના સાંપ્રદાયિક કાર્ડ તરીકે વર્ણવી છે. પરંતુ હકીકતમાં તો આ સીધો-સાદો કાયદાના શાસન (રુલ ઓફ લો)નો સવાલ છે. આ એક જ ભાષણ દ્વારા મોદીએ સ્પષ્ટપણે દર્શાવી દીધું કે 'કાયદાના શાસન'ની એમને કોઈ તમા નથી. અને એ રીતે દેશના બંધારણની પણ કોઈ તમા નથી. અલબત્ત, બીજા બધા રાજકારણીઓને બહુ તમા છે એવું નથી જ. પરંતુ આ રીતે જાહેરમાં એનાં બણગાં ફૂંકનારા અને એને આધારે મત માંગનારા કદાચ તે પહેલા મુખ્યમંત્રી હશે !

## સેક્યુલારિઝમના નામે મતબેંકો ઊભી કરવાનું કોંગ્રેસનું રાજકારણ

એમની આવી વાતોને ગુજરાતના મતદારો જે રીતે વ્યાપક ટેકો આપી રહ્યા છે તે આપણા સૌ માટે ઊંડી ચિંતાનો વિષય છે. પરંતુ આવું કેમ થયું એનાં કારણોને વ્યાપક ઐતિહાસિક સંદર્ભમાં તપાસવાની જરૂર છે. ગુજરાત બહારના કેટલાક બૌદ્ધિકોએ ગુજરાતના લોકોમાં જ કોઈ પાયાની ખામી હોવાની અને તેઓ મૂળે જ પ્રતિક્રિયાવાદી અને એ રીતે દેશના બીજા ભાગોના લોકો કરતાં જુદા હોવાની જે વાતો વહેતી કરી છે તે એમાં કોઈ મદદ પૂરી પાડી શકે એમ નથી. ઊલટાની આવી વાતો તો શાહમૃગી વૃત્તિ જ છતી કરે છે. એનાથી પોતાના મનપસંદ વિચારોના કુંડાળામાં કદાચ રાચી શકાય, પરંતુ પરિસ્થિતિની સાચી સમજણ ન મળે. આ પરિસ્થિતિ પેદા થવામાં પણ સેક્યુલારિઝમના નામે કોંગ્રેસ વરસોથી જ્ઞાતિ અને ધર્મ આધારિત મત-બેંકો ઊભી કરવાનું જે સંકુચિત અને વિભાજનકારી રાજકારણ ખેલતી આવી છે તેણે બહુ મોટો ભાગ ભજવ્યો છે. ગુજરાતમાં તે 'KHAM' લોબીના જોરે વરસો સુધી થોકબંધ મતો બટોરતી આવી છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ. બીજાં રાજ્યોમાં પણ જ્ઞાતિઓની સ્થિતિ પ્રમાણે નાના મોટા ફેરફારો સાથે આ જ રીતે મત-બેંકો ઊભી કરવામાં આવેલી. વરસો સુધી ચાલેલા આ રાજકારણને કારણે મધ્યમ વર્ગના હિંદુઓમાં ધીરે ધીરે એ લાગણી ઘર કરતી ગઈ કે કોંગ્રેસના રાજમાં તેઓ 'ઊલટા ભેદભાવ' (reverse discrimination)નો ભોગ બની રહ્યા છે અને દેશના રાજકારણમાં એમનો કોઈ અવાજ નથી. આ પ્રતિક્રિયામાંથી જ પછી તેઓ વરસો સુધી જેનાથી દૂર રહ્યા હતા એ ભાજપ અને સંઘ પરિવારના રાજકારણ તરફ આકર્ષાતા ગયા. અડવાણીની ઐતિહાસિક રથયાત્રાને યાદ કરીએ તો એમાં પણ એ તો સ્પષ્ટ છે કે રાજીવ ગાંધીએ રૂઢિવાદી મુસ્લિમોના દબાણમાં આવી જઈને શાહબાનો કેસના સુપ્રીમ કોર્ટના ચુકાદાને બાજુ પર મૂકી દેતો કાયદો પસાર ન કર્યો હોત કે વિ.પી. સિંઘે માંડલ કાર્ડ ખેલીને બળતામાં ઘી ન હોમ્યું હતો તો એ યાત્રા ન થઈ હોત. અને થઈ હોત તો પણ એને લોકોનો વ્યાપક પ્રતિસાદ ન મળ્યો હોત. ત્યાર પછીનો ઈતિહાસ તો આપણે સૌ જાણીએ છીએ.

ગરીબ અને પછાત લોકોની મતબેંકો ઊભી કરવાના કોંગ્રેસના આ રાજકારણમાં શરૂઆતમાં તો વરસોથી પરંપરાગત ભેદભાવોના ભોગ બનેલા એવા દલિત અને આદિવાસી સમુદાયો તેમજ ધાર્મિક લઘુમતીના લોકોને રક્ષણ અને વિકાસ માટેના અવસર પૂરા પાડવાની ઉમદા નેમ હતી. પરંતુ જોતજોતાંમાં એનું સ્થાન શુદ્ધ રાજકીય તકસાધુતાએ લઈ લીધું. પાછળ રહી ગયેલા આ લોકોને વિશેષ લાભો આપવાની વાતો ઘણી થઈ, કાગળ પર ટોકન લાભો અપાયા પણ ખરા, પરંતુ એમની પરિસ્થિતિને સુધારવા માટે જરૂરી નક્કર કામો કોઈ થયાં જ નહીં. ઉચ્ચ શિક્ષણ અને નોકરીઓ માટે અનામત પ્રથા દાખલ કરવામાં આવી, પરંતુ પ્રાથમિક શિક્ષણ માટેની પૂરતી શાળાઓ ખોલવા પર કોઈ ધ્યાન નહીં અપાયું અને મોટા ભાગના લોકોનાં બાળકો વરસો સુધી પ્રાથમિક શિક્ષણથી પણ વંચિત રહ્યાં. મુસ્લિમોની વાત કરીએ તો એમાં પણ સામાન્ય મુસ્લિમોની સ્થિતિ સુધરે એ માટેનાં કોઈ ઠોસ પગલાં ભરાયાં નહીં, અને બીજી બાજુ, ધાર્મિક અસ્મિતાને નામે મૌલવીઓ અને રૂઢિવાદી મુસ્લિમોને તાબે થયા, જેને પરિણામે આમ મુસ્લિમ સમાજ પરની તેમની પકડ યથાવત્ ચાલુ રહી. એની સૌથી ખરાબ અસર સામાન્ય મુસ્લિમો અને ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓ પર પડી.

આ ઉપરાંત, આર્થિક ક્ષેત્રમાં પણ કોંગ્રેસની કેન્દ્ર સરકારોએ વરસો સુધી કેન્દ્રીય આયોજન અને લાયસન્સ, પરમીટ ક્વોટા રાજની સમાજવાદી નીતિઓ અપનાવી, જેને પરિણામે આર્થિક વિકાસની ગતિ રુંધાયેલી રહી, જેની માઠી અસર પણ આ ગરીબ અને વંચિત સમુદાયો પર જ સૌથી વધારે પડી. આમ, કોંગ્રેસની આ રાજનીતિમાં આ લોકોને નક્કર લાભ તો ખાસ કોઈ થયા નહીં, અને છતાં સરકાર જાણે કે એમને માટે જ બધું કામ કરી રહી છે એવો આભાસ જરૂર પેદા થયો. આની સામે મધ્યમવર્ગના હિંદુઓમાં જે પ્રતિક્રિયા પેદા થતી ગઈ તેનો ભોગ પણ એ લોકો જ બન્યા. અને ત્યારે એમને વિશેષાધિકારો આપવાનો દાવો કરતી સરકાર, બંધારણે દેશના દરેક નાગરિકને જાન-માલની સુરક્ષાનો જે બુનિયાદી અધિકાર આપ્યો છે, તેનું રક્ષણ કરવામાં પણ ઊણી ઊતરી !

## એ સામે પ્રતિક્રિયા પેદા થાય એમાં નવાઈ ખરી ?

ધર્મનિરપેક્ષ સમાજવ્યવસ્થાની સ્થાપના કરવાની નેમ સાથે શરૂ થયેલી આ રાજનીતિના પરિણામે રાજકીય અને સામાજિક જીવનમાં જ્ઞાતિઓ અને ધર્મનું વર્ચસ્વ કાળક્રમે ઓછું થતું જવાને બદલે ઊલટાનું વધતું ગયું. દલિત અને આદિવાસીઓને પછાતપણાના આધારે વિશેષ લાભ આપવાની રાજનીતિ એક વાર શરૂ થઈ એટલે એની પાછળ ને પાછળ અન્ય જ્ઞાતિઓમાં પણ પોતાનું પછાતપણું સિદ્ધ કરવાની ઘોડા-દોડ શરૂ થઈ, જે છેવટે માંડલના રાજકારણમાં પરિણમી.

વરસો સુધી ચાલેલા રાજકારણ સામે મધ્યમ વર્ગના હિંદુઓમાં પ્રતિક્રિયા પેદા થાય એ સ્વાભાવિક હતું. અને એ થઈ ત્યારે એને ધ્યાનમાં લઈને દેશનું સામાજિક પોત જળવાઈ રહે એ માટે નીતિઓમાં જરૂરી સુધારા કરવાને બદલે કોંગ્રેસ એ જ રાજકારણને આગળ ધપાવતી રહી. અને એનો વિરોધ કરનારાઓને પ્રતિક્રિયાવાદી કહીને વગોવતી રહી. પરિણામે લોકોની પ્રતિક્રિયા વધારે ને વધારે તીવ્ર થતી ગઈ, જેનો ઉપયોગ ભાજપ અને સંઘ પરિવારે હિંદુત્વને આધારે પોતાની મતબેંકો ઊભી કરવા માટે કર્યો.

આ પ્રતિક્રિયા માત્ર ગુજરાત પૂરતી જ સીમિત નથી રહી. બધાં રાજ્યોમાં એ જોવા મળે છે. જે ફરક દેખાય છે તે ધ્રુવીકરણની માત્રા અને તીવ્રતાનો જ છે. અને એ માટે જ્ઞાતિઓનાં જુદાં જુદાં સમીકરણો જવાબદાર છે. યુ.પી. કે બિહારની વાત કરીએ તો ત્યાં હજી જ્ઞાતિ આધારિત રાજકારણ એની ચરમ સીમાએ છે અને માંડલના મુદ્દે યાદવ કે જાટ જેવી ત્યાંની તાકતવર અન્ય પછાત જ્ઞાતિઓ અને ઉચ્ચ જ્ઞાતિઓ સામ સામે આવી ગઈ છે અને એટલે બહુમતી હિંદુ મતોનું વિભાજન બરકરાર રહ્યું છે. (અલબત્ત, ત્યાં પણ કોંગ્રેસનાં તો સૂપડાં સાફ જ થઈ ગયાં છે.) આની સામે ગુજરાતમાં યાદવોની સમકક્ષ એવા પટેલો પહેલેથી જ સરદાર પટેલની સલાહથી પછાતપણાના આ રાજકારણથી દૂર રહ્યા છે એટલે એમની અને ઉચ્ચ જ્ઞાતિઓ વચ્ચે એવો કોઈ મોટો આંતર-વિરોધ નથી પેદા થયો. પરિણામે હિંદુ મતદારોનું ધ્રુવીકરણ પ્રમાણમાં સહેલાઈથી થઈ શક્યું છે.

## હજીયે કોઇ બોધપાઠ લીધા નથી

આટ-આટલું થયા છતાં હજી આજે પણ કોંગ્રેસે આમાંથી કોઇ બોધપાઠ લીધો હોય એવું દેખાતું નથી. કેન્દ્રમાં યુ.પી.એ. સરકાર બન્યા પછી શિક્ષણ મંત્રી અર્જુનસિંહે કેન્દ્રીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને ખાનગી શિક્ષણ સંસ્થાઓ (લઘુમતી શિક્ષણ સંસ્થાઓ સિવાયની)માં ઓ.બી.સી. માટે અનામત વ્યવસ્થા દાખલ કરીને આ જ વિભાજનકારી રાજકારણને આગળ વધાર્યું છે. ખાનગી કંપનીઓની નોકરીઓમાં પણ અનામત પ્રથા દાખલ કરવાની ચિમકીઓ વારંવાર અપાઈ રહી છે. આ ઉપરાંત, હવે મુસ્લિમોની સ્થિતિ સુધારવા માટેની સાચર કમિટીની ભલામણોના આધારે વડાપ્રધાને ખાસ ૧૫ સૂત્રી કાર્યક્રમ પણ જાહેર કર્યો છે. એમાં ઘણી બાબતો છે, પરંતુ મુખ્ય બાબત ગરીબો તેમજ ક્ષેત્રીય વિકાસ માટેની કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ માટે ફાળવાયેલ રકમમાંથી અમુક રકમ (૧૫ ટકા) લઘુમતિ પરિવારો / વિસ્તારો માટે અનામત રાખવાની છે. અને આમ થઈ રહ્યું છે કે નહીં તેના પર નજર રાખવા માટે દરેક યોજનાના લાભાર્થીઓમાંથી કેટલા લઘુમતિના છે અને કેટલા અન્ય એનો રેકર્ડ પણ રાખવો પડશે. તે જ પ્રમાણે, રાષ્ટ્રીયકૃત તેમજ ખાનગી બેંકોએ પણ કુલ ધિરાણમાંથી કેટલું ધિરાણ લઘુમતિ પરિવારોને અપાયું છે તેની અલાયદી માહિતી રાખવી પડશે. આગામી ૧૧મી પંચવર્ષીય યોજનાના મુસદ્દામાં પણ વિકાસ યોજનાઓમાંથી ૧૫ ટકા રકમ લઘુમતિઓ માટે અનામત રાખવાની જાહેરાત પણ કરવામાં આવી છે.

એ તો સ્પષ્ટ છે કે ગુમાવેલી મુસ્લિમ મતબેંકો પાછી મેળવવાની રાજકીય ગણતરીથી જ આ જાહેરાત કરવામાં આવી છે. બંધારણમાં ધર્મના આધારે અનામત આપવાની જોગવાઈ ન હોવાને કારણે ઉચ્ચ શિક્ષણ અને સરકારી નોકરીઓમાં ધાર્મિક લઘુમતિઓ માટે અનામત પ્રથા દાખલ કરવાનું શક્ય નથી, બાકી તો એ પણ દાખલ કરવામાં આવી જ હોત. (તાજેતરમાં ગૃહ મંત્રી શિવરાજ પાટીલે તો લઘુમતિઓ માટે અનામત રાખવાનું શક્ય હશે તો તે પણ કરવામાં આવશે એવી જાહેરાત કરી જ છે, જોકે બીજે દિવસે અર્જુનસિંહે એનું ખંડન કરેલું.)

આ યોજનાથી ગરીબ મુસ્લિમ પરિવારોને કેટલો (વધારાનો) લાભ મળશે એ તો શંકાસ્પદ જ છે, પરંતુ એ સામે હિંદુઓમાં પ્રતિક્રિયા જરૂર પેદા થશે, જેનો ભોગ આ ગરીબ મુસ્લિમો જ બનશે. માંડલની રાજનીતિનું જ આમાં પુનરાવર્તન થઈ રહ્યું છે. તેના પરિણામે દેશમાં વિભાજનકારી રાજકારણનો જે ઉછાળો આવેલો તેવી જ પરિસ્થિતિ ફરી પેદા થશે એવાં સ્પષ્ટ એંધાણો વર્તાઇ રહ્યાં છે. મોદીએ તો 'કોમ્યુનલ બજેટિંગ'ની આ દરખાસ્ત સામે મોરચો માંડી જ દીધો છે. ગુજરાતની ચૂંટણીનું પરિણામ જાહેર થયું તેના થોડા દિવસ પહેલાં જ દિલ્હીમાં નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની બેઠકમાં તેમણે આ દરખાસ્ત સામે ચેતવણી ઉચ્ચારેલી અને કહેલું કે દેશના સામાજિક પોતને હાનિ પહોંચાડે એવી આ દરખાસ્ત પાછી ખેંચી લેવી જોઈએ અને એમ પણ કહેલું કે ગરીબીને કોઈ ધર્મ નથી. અરુણ શૌરીએ પણ થોડા સમય પહેલાં ઇન્ડિયન એક્ષપ્રેક્ષમાં ત્રણ ભાગના તેમના લાંબા લેખમાં આનાં કેવાં ગંભીર પરિણામો આવશે તે અંગે ચેતવણી ઉચ્ચારી જ છે. મોદી કે શૌરીની રાજનીતિના પ્રખર વિરોધીઓએ પણ એ તો સ્વીકારવું જ પડે કે આ વિભાજનકારી દરખાસ્તથી દેશના સામાજિક પોતને ગંભીર નુક્સાન પહોંચશે એ વાત તો સાચી જ છે. અને કોંગ્રેસમાં સહેજ પણ ડહાપણ બચ્યું હોય તો એણે તરત આ દરખાસ્ત પાછી ખેંચી લેવી જોઈએ.

આ બધામાં સૌથી વધારે દુર્ભાગ્યપૂર્ણ વાત તો એ છે કે પક્ષીય રાજકારણ સાથે જોડાયેલા ન હોય એવા આપણા જેવા સેક્યુલર પ્રગતિશીલ બૌદ્ધિકો અને નાગરિક સમાજનાં સંગઠનો પણ કોંગ્રેસના આ સંકુચિત રાજકારણને ખુલ્લું પાડવાને બદલે એને ટેકો આપતા આવ્યા છે. ભાજપ અને સંઘ પરિવારના સાંપ્રદાયિક રાજકારણનો આપણે જોરશોરથી વિરોધ કરીએ છીએ, જે બરાબર જ છે. પરંતુ સામે પક્ષે કોંગ્રેસના એવા જ સાંપ્રદાયિક અને જ્ઞાતિવાદી રાજકારણ સામે હરફ સુધ્ધાં ઉચ્ચારતા નથી. સ્પષ્ટ રીતે વિભાજનકારી અને સરવાળે ગરીબ મુસ્લિમો માટે જ હાનિકારક એવી સાચર કમિટીની આ ભલામણોનો વિરોધ કરનારાઓમાં પણ આપણા જેવા સેક્યુલારિસ્ટ લોકો ક્યાંય દેખાતા નથી. એથી વિપરીત મોટા ભાગના સેક્યુલારિસ્ટો તો એને ટેકો જ આપી રહ્યા છે અને એના તાત્કાલિક અમલ માટેની માંગણી કરી રહ્યા છે. આવી દોહરી નીતિને કારણે આપણી અને એથી યે વિશેષ તો સેક્યુલારિઝમની વિશ્વસનીયતા સામે જ મોટો ખતરો પેદા થયો છે. અને એને પરિણામે જેમના માટેની આપણી નિસ્બત છે એ ગરીબ, વંચિત અને લઘુમતી સમુદાયોને જ સૌથી વધુ હાનિ પહોંચી રહી છે. આમાં આપણા જેવાઓને એક ડર હંમેશા રહેતો હોય છે કે કોંગ્રેસની આ નીતિઓનો વિરોધ કરવામાં ભાજપ મોખરે છે અને એમાં જો આપણો વિરોધ પણ ઉમેરશું તો એનાથી સરવાળે ભાજપને જ લાભ થશે. પરંતુ અહીં આપણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે આ ખંચકાટને કારણે તો આપણી અને એથી યે વિશેષ તો સેક્યુલારિઝમના વિચારની વિશ્વસનીયતાને જ ગંભીર આંચ પહોંચે છે, જેનો લાભ પણ છેવટે તો ભાજપને જ મળે છે.

## સેક્યુલારિઝમનો મૂળ અર્થ તો ક્યાંય ખોવાઈ ગયો

આ બધામાં સેક્યુલારિઝમ એટલે 'ધર્મ કે જ્ઞાતિને આધારે કોઈપણ જાતના ભેદભાવ વગર સૌને સમાન રક્ષણ અને અવસર' એ મૂળ અર્થ તો ક્યાંનો ક્યાં ખોવાઈ ગયો છે. એને બદલે ધાર્મિક લઘુમતીઓ કે પછાત જ્ઞાતિઓના સમુદાયો માટે ધર્મ કે જ્ઞાતિ આધારિત 'વિશેષાધિકારો' કે લાભો આપવાની વાતો કરવી એ જ જાણે કે સેક્યુલારિઝમ હોય એવો અર્થ થઈ ગયો છે. ઉપર ઉલ્લેખિત લેખમાં શૌરીએ કહ્યું છે કે થોડાં વરસો પહેલાં સુધી સેક્યુલારિઝમ એટલે કોઈ મુસ્લિમ સાથે માનવતાભર્યો વહેવાર કરવો. એ માણસ છે એ રીતે વ્યવહાર કરવો એવો અર્થ થતો, અને એની સાથે એ મુસ્લિમ છે એ રીતે વ્યવહાર કરવો એ સાંપ્રદાયિકતા કહેવાતી. જ્યારે એથી વિપરીત આજે હવે મુસ્લિમ સાથે એ માણસ છે એ રીતે વ્યવહાર કરવાની વાત સાંપ્રદાયિક ગણાય છે અને એ મુસ્લિમ છે એ રીતે વ્યવહાર કરવાની વાત સેક્યુલર કહેવાય છે ! આના પરિણામે એવી સ્થિતિ પેદા થઈ છે જેમાં 'ગરીબીને કોઈ ધર્મ નથી' કે 'દેશના સામાજિક પોતને હાનિ પહોંચાડે એવી વિભાજનકારી નીતિઓ નહીં અપનાવવી જોઈએ' એવી વાત આપણે મોદીના મોઢે સાંભળવી પડે છે. આનાથી મોટી વક્રોક્તિ બીજી કઇ હોઈ શકે ?

અલબત્ત, સ્યુડો સેક્યુલારિઝમ સામેના એમના ઉપાડાનો અર્થ એ હરગિજ નથી કે મોદી કે શૌરી (ભાજપ) સાચા અર્થમાં સેક્યુલર છે. એમનો આ ઉપાડો ખરેખર તો કોંગ્રેસના સંકુચિત રાજકારણ સામે મધ્યમ વર્ગના હિંદુઓમાં પેદા થયેલી પ્રતિક્રિયાને સંકોરીને સાંપ્રદાયિક આગ ભડકાવવા માટેનો જ છે. અને એની પાછળ હિંદુત્વ આધારિત પોતાની મતબેંક મજબૂત કરવાની વિભાજનકારી રાજનીતિ જ કામ કરી રહી છે. એક બાજુ તેઓ મુસ્લિમો સાથે માણસ તરીકે નહીં પરંતુ મુસ્લિમ તરીકે વર્તવા માટે સેક્યુલારિસ્ટોની ટીકા કરે છે, તો બીજી બાજુ તેઓ પોતે પણ મુસ્લિમો સાથે માણસ તરીકે નહીં પરંતુ મુસ્લિમ તરીકે વર્તવાની જ વાત કરે છે. અને એમને 'પાઠ ભણાવીને' દાબમાં રાખવાની જ નેમ ધરાવે છે. અને એ રીતે દેશના બધા નાગરિકોને 'કોઈપણ જાતના ભેદભાવ વગર સમાન અધિકાર અને અવસર' ના આપણા બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારથી વંચિત રાખવા માગે છે. એમાં કોઇ શક નથી કે આ એક ભયાનક અગનખેલ છે. ■

# વાતચીત - લોર્ડ મેઘનાથ દેસાઈ સાથે. . .

(સમાજવાદી વિચારસરણી - અંદોલનના થીંક ટેંક, ઈંગ્લેન્ડના મજૂર પક્ષના પ્રતિનિધિ તરીકે હાઉસ ઓફ લોર્ડસમાં (ભારતની રાજસભાને સમકક્ષ) આજીવન નિયુકત થયેલા, અર્થશાસ્ત્રના પ્રખર વિદ્વાન અને ઈંગ્લેન્ડ સ્કુલ ઓફ ઈકોનોમિકસમાં પ્રોફેસર Emeritus તરીકે વર્ષો સુધી અર્થશાસ્ત્ર ભણાવતા ડૉ. મેઘનાદ દેસાઈએ ઈન્ડિયન એક્ષપ્રેસના પત્રકાર સમૂહ સાથે કરેલ વાતચીતનો ભાવાનુવાદ)

શૈલજા બાજપાઈ : વડોદરા આપની જન્મભૂમિ છે; ૨૦૦૨નાં કોમી રમખાણો બાદ ગુજરાતની મુલાકાત નહીં લેવાનો આપે લગભગ નિર્ધાર કરેલો, ત્યાર બાદ છ વરસે તાજેતરમાં આપ વડોદરા જઈ આવ્યા, આપનો નિર્ણય કેમ બદલાયો ?

લોર્ડ દેસાઈ : વડોદરામાં મારા ઘણા સગાસ્નેહીઓ છે, હું વડોદરા નહોતો જતો તે ચૌક્કસ મારું વિરોધ પ્રદર્શન હતું. બે વસ્તુઓ બની : એક તો નરેન્દ્ર મોદી ફરી નિર્ણાયક રીતે ચૂંટાઈ આવ્યા અને બીજું તે જ અરસામાં ત્યાં એક પ્રવચન આપવાનું આમંત્રણ મળ્યું. આ ક્ષણે, મારી પાસે બે વિકલ્પ હતા કે હું કદાપિ ગુજરાત નહીં જ જાઉં અથવા જઈશ. આવા સંજોગોમાં, હંમેશા જ, દરેકે અસાધારણ નિર્ણય લેવો પડે; ગુજરાતની મુલાકાત લો, તો શું એનો અર્થ એવો થાય કે તમે (ત્યાંની) અનિષ્ટતાના સહયોગી બની જાવ ? એક સમયે મેં તેમ જ વિચાર્યું; ગુજરાત જવું એટલે અનિષ્ટતાને એક પ્રકારની સંમતિ આપવી. પરંતુ પુનઃવિચાર કરતાં મને લાગે છે કે કોઈ એક સ્થળને કેમ નિશાન બનાવવું જોઈએ ? ૧૯૮૪નાં કોમી રમખાણો સમયે, ગુજરાતમાં ૨૦૦૨માં મરાયા તેથી ઘણા વધારે લોકો મરાયા હતા. કોંગ્રેસમાંથી કોઈએ આ બનાવો માટે ખેદ વ્યકત કર્યો નથી. હિન્દી ફિલ્મોમાં બોલાય છે *''દેર હૈ પર અંધેર નહીં''* - તેમાં હું વધારે ને વધારે માનતો જાઉં છું. બિલ્કીસબાનો અને બેસ્ટ બેકરી કેસના ચુકાદાઓ સૂચવે છે કે ધીરે ધીરે ન્યાયનું ચક્ર ગતિમાન થઈ રહ્યું છે.

મને લાગે છે કે છેવટે નાગરિક સમાજ શીખશે કે ફરિયાદોના નિરાકરણ માટે સરકાર પર ભરોસો રાખી ના શકાય. માનવઅધિકારો નાગરિકને બક્ષવા કે તેનું રક્ષણ કરવું તેમાં સરકારનું કોઈ વજૂદ હોઈ ના શકે. માનવ અધિકારોની પ્રાપ્તિ માટે તમારે લડવું જ પડે, અને ફરી જ્યારે પણ તેનું હનન થતું જણાય ત્યારે પણ, તટસ્થ રીતે અને સંપૂર્ણપણે સંડવું પડે એટલું જ નહી, ખરાબ વ્યક્તિના માનવ અધિકારો માટે પણ લડવું જ રહ્યું.

સંજય આનંદ : આપની પસંદગીની કેટલીક ફિલ્મો . . .

લોર્ડ દેસાઈ : *જોગન* ખૂબ સુંદર રીતે બનાવેલી ફિલ્મ. ત્યાગની અર્થહીનતા અને તેને ભપકાદાર રીતે રજૂ કરતી સંસ્કૃતિ પર બનેલી દિલીપકુમાર અને નરગીસની ફિલ્મ. તે ઉપરાંત *અંદાજ* - સેંકડો વખત જોઈ હશે અને કે. એલ. સાયગલની *દેવદાસ* દિલીપકુમારની *દેવદાસ* કરતાં ઘણી બહેતર . . . *આગ* જેમાં રાજકપુરે તેનું હૃદય સીંચી દીધું અને *દો બીઘા જમીન* તો ખરી જ.

સંજય આનંદ : 'દો બીઘા જમીન'માં જમીનથી વિસ્થાપિત થતા ખેડૂતોની વાત છે અને હમણાં આપણે સેઝ વિસ્થાપનની ચર્ચામાં ઘેરાયેલા છીએ. સિનેમા અને સામાજિક બદલાવ વચ્ચે કોઈ કડીઓ છે ?

લોર્ડ દેસાઈ : દેખીતી રીતે સિનેમા, સામાજિક બદલાવ અને તેની કિંમતનો દસ્તાવેજ છે. મારા દષ્ટિકોણથી જુઓ તો સામાજિક બદલાવ અનિવાર્ય તો છે જ સાથે સાથે હંમેશા જ હિંસક પણ. *વેદના વિનાનું, ભલું* એવી કોઈ વિભાવના છે જ નહીં. મારી યુવાનીમાં અમારી આખોમાં સમાજવાદના સ્વપ્નાં હતાં. (પણ) મજૂર પક્ષમાં (ઈંગ્લેન્ડના) અમારે સમાજવાદની આશાઓ છોડી દેવી પડી કેમ કે અમને અહેસાસ થયો કે (મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો) મૂડીવાદ એ એકમાત્ર રસ્તો છે.

પરંતુ સામાજિક બદલાવમાં હંમેશા જેમને મળેલું છે તે વિજેતાઓ, જેમણે ગુમાવેલું છે તે હારેલાને રઝળતા મૂકી દે છે. તેથી સવાલ થાય કે હારેલાઓના બચાવમાં કોણ ? હારેલાઓ વિસ્થાપિત થઈ બદહાલ થશે કે વિસ્થાપિત થઈ આધુનિક થશે ? આદિવાસી સંસ્કૃતિની રક્ષા બાબતની ચર્ચા વિશિષ્ટ છે - કેમ કે મોટાભાગે તો અશકત (એવી) આદિવાસી સંસ્કૃતિની રક્ષા તો જ કરી શકે કે જો તમે (તે) લોકોને દારુણ ગરીબીમાં જ રાખી મૂકો અને તેની સંસાધનીય કિંમત ભારે ઊંચી હોય. આ વિરોધાભાસ છે. અશકત સંસ્કૃતિની સાથે સાથે અસમાન સ્ત્રી-પુરુષ

સંબંધો, બાળમૃત્યુ, પ્રસૂતામૃત્યુના ઊંચા દર પણ હોય જ. પસંદગી શેની કરશો ? લોકો લાંબું જીવે તે કે પોતાની સંસ્કૃતિની રક્ષા કરે ? કે પછી તમે બન્ને કરી શકો ?

સંજય સીંઘ : અર્થશાસ્ત્રના વિધાર્થી તરીકે થી માંડીને એક (પ્રખર) અર્થશાસ્ત્રી સુધીની સફરે તમારા ખ્યાલો કઈ રીતે બદલાયા છે ?

લોર્ડ દેસાઈ : મારામાં જે મૂળગામી બદલાવ આવેલ છે તે મારા રાજકીય અર્થશાસ્ત્રના ચિંતન બાબતના અને મૂડીવાદની ફેરવિચારણા સંબંધના છે. આ ત્યારે થયું કે જ્યારે મૂર પક્ષ ઈંગ્લેન્ડમાં ફરીને ફરી (ચૂંટણીઓમાં) હારતો હતો અને થેચર જીતતા હતા. થેચરને અમે સંપૂર્ણપણે નાપસંદ કરતા. અને સમજી જ નહોતા શકતા કે લોકો એટલા ગમાર કેમ છે કે થેચરને મત આપે છે. પરંતુ ગમાર લોકો ન હતા, અમે જ હતા. આ વાતે અમને અમારી જાતતપાસ માટે પણ મજબૂર કર્યા. અમને ખાતરી થઈ કે ઈંગ્લેન્ડમાં બદલાવ અનિવાર્ય છે, અર્થતંત્રમાં સમૂળગાં પરિવર્તન લાવવાં પડે અને તે વેદનારહિત ના હોઈ શકે. તેમાંથી મેં પાઠ તારવ્યો કે જો બદલાવું હોય તો વેદનાનું જોખમ વહોરવું જ રહ્યું. ખરો રાજનેતા એ હોય કે જે લોકોને વેદના સ્વીકારાવે, જે (વેદના) ભવિષ્યમાં લોકોને લાભદાયી નીવડવાની હોય. આવા વિરોધાભાસો મારા ચિંતનને મદદરૂપ રહ્યા છે. ભારતના મજૂર કાયદાઓ નોકરીઓ-કામની રક્ષા (મજૂરોની) માટેના મનાય છે. પરંતુ તમે નોકરીઓ-કામની રક્ષા કરતા રહેશો તો રોજગાર નહીં ઊભા કરી શકો. છેવટે આપણે એવી સ્થિતિ સર્જી છે કે અર્ધકુશળ મજૂરો ગામડામાં કંગાળ સ્થિતિમાં સબડે છે. તેઓને શહેરોની ફેકટરીઓ-કારખાનાઓમાં ખેંચી શકાતા નથી કેમ કે કોઈએ એવું નક્કી કરી નાંખ્યું છે કે *કામ પર લો - અને છૂટા કરો* (hire and fire) તે કામદારો માટે ખરાબ છે. શહેરીકરણ (*લોકોને*) ઊંચા લાવવા માટે ખૂબ મહત્ત્વનું છે.

ઝિન્નત : અને તમે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાને ખતરનાક ગણાવી છે, તે સાચું ?

લોર્ડ દેસાઈ : (રોજગાર યોજનામાં) તમે આપી આપીને શું આપો છો. વરસમાં સો દિવસની રોજગારી? અન્ય ઘણા સારા વિકલ્પો છે જે સારું કરી શકે. રોજગાર યોજના કહે છે કે તમે હલશો નહી, તમે ત્યાં ગામડાંમાં જ રહો અને રોજગાર કામ તમારી પાસે આવી જશે. ઈતિહાસ તપાસો, ગરીબીમાંથી લોકો કેવી રીતે બહાર આવ્યા છે ? લોકોના પોતાના જાત પ્રયત્નોથી અને મોટાભાગે તો સ્થળાંતર કરીને. રોજગાર યોજનાનો મૂળ ઉદ્દેશ ભલો છે પરંતુ ગરીબીનો તે ઉપાય નથી.

ઝિન્નત : તમે એક વિચાર રજૂ કરેલ કે સ્માર્ટ કાર્ડ મારફતે ગરીબોને દર અઠવાડિયે ચાલીસ રૂપિયા (એક ડોલર) વહેંચવા, શું હજુ પણ આ પ્રસ્તુત છે ?

લોર્ડ દેસાઈ : હું માનું છું કે આ ઉપાયમાં દમ છે. લોકોને સશકત કરવાનો એકમાત્ર માર્ગ લોકોની ખરીદશક્તિ વધારવાનો છે. જો અઠવાડિયે ચાલીસ રૂપિયા તેમને સીધા મળી જાય, વચ્ચે કોઈ દલાલ એજન્ટ ના હોય તો બનશે એવું કે હાલના અનેક (કલ્યાણ) કાર્યક્રમો નકામા થઈ જશે. પરંતુ તેના માટે ઊંચા પ્રકારનું ક્રાંતિકારી અને Non-paternal (વાલીપણા) વિનાનું ચિંતન કેળવવું પડે.

ઝિન્નત : તમે તો કોંગ્રેસ અને ભાજપના ગઠબંધનની પણ વાત કરો છો, તે શકય છે ખરું ?

લોર્ડ દેસાઈ : ભાજપ અને કોંગ્રેસનાં જોડાણ - સંયુકત સરકારનો મેં જે વિચાર રજૂ કર્યો તે વ્યવસ્થાના મુદ્દે છે અને તે કારણો હજુ તેવાં જ છે. અત્યારનાં (યુપીએ, એનડીએ) Inclusive ગઠબંધનો ભારે કિંમતી છે, નવ ટકાના વાર્ષિક વૃદ્ધિ દરે પણ અત્યારે આપણે ચૂકવીએ છીએ તે કિંમત ઊંચી ગણાય. હું વિચારું છું કે બે પક્ષોનું (ભાજપ-કોન્ગ્રેસ) જોડાણ, અત્યારના સત્તર પક્ષોના જોડાણ કરતાં સરકારી સાધનોના બગાડની ગણતરીએ સસ્તું પડશે. હું કોમવાદ, બિનસાંપ્રદાયિકતાની divide ને ગંભીરતાથી લેતો નથી. મહત્ત્વનું છે તે રુલ ઓફ લૉ - કાયદાનું શાસન છે. શું દરેક કાયદા સમક્ષ સમાન છે ? કે પછી એક ભારતીય નાગરિક તરીકે મારે કોઈ એજન્ટ, દલાલ - મારી જ્ઞાતિ કે મારા ધર્મના ઉપરાણા લેનાર મારફતે ન્યાય મેળવવા જવું પડે છે ? જે રીતે રાજકારણે આકાર લીધો છે, ખાસ કરીને મંડલ ચુકાદા બાદથી, એમાં હવે કોઈ નાગરિક જ રહ્યો નથી. આજે કોઈ ભારતીય નાગરિક નથી; કાં તો તમે ફકત દલિત છો કે ફકત ઓબીસી કે ફકત હિંદુ કે ફકત મુસ્લિમ, અને તમારા દરેકના કોઈ ને કોઈ એજન્ટ છે જે તમને તમારા હક્કો મેળવી આપે છે. એક સમયે અંગ્રેજો કહેતા કે ભારત રાષ્ટ્ર નથી પરંતુ  નાના નાના કબીલાઓ-જૂથોનું જોડાણમાત્ર છે અને આજે આપણે તે વાત સાચી ઠેરવવા જઈ રહ્યા છીએ. આ રમત એવી નથી કે જેમાં સરવાળે બધાને ફાયદો હોય. આમાં તો બધાને જ નુકસાન છે. અત્યારે રાજકીય પક્ષો મત બેન્કની ગણતરી પર જ બધું કરે છે. જો તમે, આ દેશના નાગરિક તરીકે ગમે ત્યાં જઈ રહેવા- જીવવાના અધિકાર માટે ખોખારીને જોર દઈને બોલી ના શકો કેમ કે તમને રાજ ઠાકરેની બીક હોય તો સાચે જ મોટી ખરાબી છે. યુપીએના છેલ્લાં ત્રણ વરસના શાસનનો આ જ સરવાળો છે.

અગત્યનું એ છે કે તમે કઈ રીતે આગળ વધો છો - કઈ રીતે વૃદ્ધિ હાંસલ કરો છો. એક બાબત (હવે) જાણીએ છીએ કે ભારતીય અર્થતંત્રની વૃદ્ધિ, સત્તા પર કોણ છે તે પર આધારિત રહી નથી. જો આપણી ૬૦ ટકા વસ્તી આજે પણ ગામડાંમાં હોય તો વૃદ્ધિ માટેનો એક જ ઉપાય છે કે તેમને ગામડાંઓમાંથી શહેરોમાં લાવીએ. આ માટે ૧૫-૨૦ ટકાના દરે ઔદ્યોગિક વૃદ્ધિ દર હાંસલ કરવો પડે અને આવું ચીનમાં થયું પણ છે. તે રીતે જંગી જથ્થામાં ઉત્પાદન અને તે માટેની ટેકનોલોજી પણ ખાસ ઊંચી નહી તેવી સામાન્ય આ રસ્તે, ચીનના લાખો લોકો ગામડાઓમાંથી શહેરો તરફ વળ્યાં છે. આપણા દેશના અત્યારના કાયદામાં આ શકય જ નથી. આવું કરવા માટે તમારે એવી સરકાર જોઈએ કે જે ડાબેરીઓની ઉપેક્ષા કરી શકે, મજૂર કાયદાઓમાં બદલાવ કરી શકે. અને આવું કોઈ એક પક્ષ કરી શકશે જ નહીં; બે પક્ષો (કોંગ્રેસ-ભાજપ)નું જોડાણ જ કરી શકે. એક વાર કાયદો ઘડો અને દસ વરસના વિકાસના રસ્તે આગળ વધો.

ઝિન્નત : પેટ્રોલ-ડીઝલના ભાવો ફરી વધ્યા છે, તમે શું માનો છો ?

લોર્ડ દેસાઈ : વધારો અપૂરતો છે. તમારે કે મારે, કાર માલિકોને સબસીડી આપવાની શી જરૂર છે.

ઝિન્નત : એટલે તમે શું એમ નથી માનતા કે ઈંધણની આયાત ડ્યુટી-ટેક્ષમાં ઘટાડો કરવો જોઈએ ?

લોર્ડ દેસાઈ : ના, સહેજ પણ નહી. હું એવા દેશમાં રહું છું કે જ્યાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં એક સામટો સો ગણો વધારો પણ થયો છે કે કેમ કે કાર-ડ્રાઈવીંગ ખરાબ બાબત છે, પર્યાવરણ માટે, ટ્રાફીક માટે તેથી તેને પ્રોત્સાહન ના અપાવું જોઈએ. અને જો કોઈ કાર ધરાવતો હોય તો માનવું કે તેને બધું જ પોષાય. નિર્દયતાપૂર્વક તેના પર ટેક્ષ નાંખો.

વિકાસ ધૂત : વૈશ્વિકીકરણ બાબતે આપનું મંતવ્ય ?

લોર્ડ દેસાઈ : હું માનું છું કે આખા વિશ્વમાં તે એક શક્તિશાળી હકારાત્મક પરિબળ છે. વૈશ્વિકીકરણ ના હોત તો ચીન અને ભારત આજે જે સ્થાને પહોંચ્યા છે ત્યાં ના હોત. ૧૯૮૦માં ભારતની ગરીબી ૪૦ ટકા હતી તે પરથી આજે ૨૦ ટકાએ પહોંચી છે, તે વૈશ્વિકીકરણ વિના શકય બનત નહીં. ■

*(અનુવાદ : રાજેશ મિશ્રા)*

ઊસ (શેરડીનો સાંઠો) ડોંગા (વાંકો) પરિ રસ નોવ્હે ડોંગા,
કમાન ડોંગી પરિ તીર નોવ્હે ડોંગા,
નદી ડોંગી પરિ જળ નોવ્હે ડોંગા!
ચોખા ડોંગા પરિ વિઠ્ઠલ નોવ્હે ડોંગા,
કાય ભુલલાસી વરલિયા રંગા !!

**- ચોખા મેળા (૧૪ મી સદી)**

મૈં બે-કૈદ, મૈં બે-કૈદ,
ના રોગી ના વૈદ !
ના મૈં મોમન નામૈં કાફર,
ના મુલ્લાઁ ના સૈદ !
બુલ્લા શહુ દી જાત કી પુછને
ના પૈદા ના પૈદ !!

**- બુલ્લે શાહ (૧૬૮૦ -૧૭૪૮)**

જહવાઁ સે આયો, અમર વહ દેસવા,
બાહ્મન છત્રી ન સૂદ્ર બૈસવા,
મુગલ પઠાન ન સૈયદ સેખવા !
દાસ કબીર લે આયે સંદેશવા,
સાર સબ્દ ગહિ ચલૌ વહિ દેસવા !!

**- કબીર (૧૩૯૮ -૧૫૧૮)**

સાંઝી વિરાસત (૨૦૦૬-૨૦૦૭) લોકનાદ માંથી સાભાર

વેદ તો એમ વદે, શ્રુતિ -સ્મૃતિ સાખ તે -
કનક કુંડલ વિષે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં
અંતે તો હેમનું હેમ હોયે.

**- નરસિંહ મહેતા**

# રેશનાલિટી : આધુનિક વિભાવના

*- જયંતી પટેલ*

ભારતના વૈચારિક જીવનમાં તથા વ્યવહારમાં રેશનાલિટી, રેશનાલિસ્ટ, રેશનાલિઝમ જેવા ખ્યાલોએ સારું એવું આકર્ષણ અને ઊહાપોહ જગાવ્યો છે. રેશનાલિઝમ બૌદ્ધિક-માનસિક વલણ છે, વિચાર-પરિવર્તનની એક વિશેષ શૈલી છે. આપણે સહુ રેશનાલિસ્ટ વિચારશૈલી અને તેમાંથી નિષ્પન્ન થતા વલણ તથા વર્તનના હામી છીએ. આ સંજોગોમાં આપણે તથા અન્ય વ્યકતિઓ આ ખ્યાલનું સ્વરૂપ અને મહત્ત્વ પિછાણે તે જરૂરી છે. રેશનાલિટીનો વર્તમાન ખ્યાલ પાશ્ચાત્ય દર્શન અને વ્યવહારની દેન છે. આથી રેશનાલિટીના ખ્યાલની સમજ મેળવવા માટે મૂળ અંગ્રેજી શબ્દનો અર્થ બરાબર સમજી લેવો જરૂરી છે. રેશનાલિટી શબ્દ મૂળ લેટીન શબ્દ *રેશીઓ* પરથી ઊતરી આવ્યો છે. ગણિતમાં આપણે રેશીઓને પ્રમાણ તરીકે ઓળખીએ છીએ. પરંતુ જ્યારે રેશનલ શબ્દમાં તે વિશેષ અર્થ ધારણ કરે છે. ઉપરાંત તેના પરિવારમાં રેશનલ, રેશનાલિટી, રેશનાલિસ્ટ, રેશનાલિઝમ વગેરે શબ્દો પણ સામેલ થયેલા છે. રેશનલ શબ્દનો ગાઢ નાતો રીઝન શબ્દ સાથે છે. રીઝન શબ્દ પણ કારણ, તર્ક, કોઇ વિચાર કે આચરણના ખુલાસા કે ન્યાય પુરઃસરતા દર્શાવવા માટે થતો રહ્યો છે. તર્કશાસ્ત્રમાં તે સુસંબદ્ધ અને પદ્ધતિસરની વિચરણાના અર્થમાં વપરાય છે. આ દૃષ્ટિએ રેશનાલિટીમાં તર્કબદ્ધ રીતે વિચારવાની તથા તારણ ઉપર આવવાની ક્ષમતા અભિપ્રેત છે. શબ્દકોષના આ સ્વીકૃત અર્થ ઉપરાંત દાર્શનિક વિકાસ અને રેશનલ વલણ-વ્યવહારના વિશ્લેષણમાંથી રેશનાલિટીના ખ્યાલને એક ચોક્કસ અર્થ-વ્યંજન સાંપડ્યું છે. એ લક્ષમાં રાખવાની જરૂર છે કે વિચારણા, તર્ક, તારણ ઉપર આવવું વગેરે કાર્યો આપણા મગજના ખાસ લક્ષણરૂપ બુદ્ધિ દ્વારા સંપન્ન થાય છે.

*રેશનલ વિચારશૈલીનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે.* તેમાં સૃષ્ટિમાં વ્યાપ્ત કાર્ય-કારણ સંબંધ, બુદ્ધિ ધરાવતો માનવી, તેની જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતા પ્રત્યક્ષ અનુભવ, માનવીની પોતાની તર્કશક્તિ અને તે દ્વારા પ્રાપ્ત થતાં તારણો કેન્દ્રસ્થાને છે. સત્ય નક્કી કરવામાં રેશનાલિસ્ટ કોઇ પયગમ્બર, ધર્મગ્રંથ, ગુરુ, ધર્મ, રાજ્ય કે અન્ય કોઇના આધિપત્ય કે હકુમતને સ્વીકારતો નથી. રેશનાલિઝમ એક એવી ફિલસૂફી અને નીતિમત્તાની હિમાયત કરે છે, જેની આધારશીલા માનવકેન્દ્રી હોય, માનવીના પોતાના અનુભવ અને તર્ક પર આધારિત હોય. તે સત્યને અનુભવ અને તર્કની એરણ પર ચકાસીને સ્થાપવા માંગે છે. પરિણામે સત્યની ઝાંખીના આધ્યાત્મિક (સ્પીરીચ્યુઅલ), ગેબી કે ગૂઢ અથવા અતિમાનુષી કે આધિભૌતિક (સુપરનેચરલ) દાવાઓનો ઈન્કાર કરે છે. રેશનાલિઝમ અંગે લંડનના રેશનાલિસ્ટ એસોસીએશને આપેલી વ્યાખ્યા આ વાતને સુપેરે રજૂ કરે છે : ''રેશનાલિઝમ એક એવું મનોવલણ છે, જે તર્ક (રિઝન)ની હકુમત (સુપ્રીમસી) નિઃસંશય સ્વીકારે છે અને એવી દાર્શનિક અને નૈતિક પ્રથા સ્થાપવા ચાહે છે, જે અનુભવના આધારે પુરવાર થઇ શકે તથા દરેક પ્રકારની સત્તાઓની મનસ્વી માન્યતાઓથી મુક્ત હોય.'' *(રેશનાલિઝમ મે બી ડિફાઈન્ડ એઝ ધ મેન્ટલ એટીટ્યુડ, વીચ અનરિઝર્વડલી એસેપ્ટસ ધ સુપ્રીમસી ઓફ રિઝન એન્ડ એઇમ્સ એટ એસ્ટાબ્લીશીંગ એ સિસ્ટમ ઓફ ફિલોસોફી એનેડ એથિક્સ વેરીફાયેબલ બાય એક્સપીરીયન્સ અને ઈન્ડેપેન્ડન્ટ ઓફ ઓલ આરબીટરી એઝમ્પશન્સ ઓફ ઓથોરિટી.)* સત્યને સતત માનવ-અનુભવ અને તર્ક દ્વારા ચકાસતા રહેવાનું, માનવમૂલ્યોને આધારે મૂલવતા રહેવાનું તથા સુધારતા જવાનું છે. રેશનલ વિચારશૈલીમાં કોઇ ગેબી, પયગમ્બરી, ધર્મપ્રણીત કે રાજ્યસમર્થિત સત્ય આવી ચકાસણીમાં ખરું ના ઊતરે ત્યાં સુધી તેમાં સંશય કરવાનું કે તેનો અસ્વીકાર કરવાનું વલણ રહેલું છે.

તદુપરાંત એ લક્ષમાં રાખવાની જરૂર છે કે રેશનલ વિચારણા અને વૈજ્ઞાનિક અભિગમ આજે એકબીજાના પર્યાયરૂપ બની ગયા છે. વિજ્ઞાનની પદ્ધતિ રેશનલ વલણ પર આધારિત છે તો રેશનલ વિચારધારા વિજ્ઞાન દ્વારા પ્રાપ્ત જ્ઞાનના સહારે આજે નક્કર અને અપ્રતિકાર્ય ભૂમિકાએ પહોંચી છે.

વ્યવહારમાં આપણે રેશનાલિટી જેવો અંગ્રેજી શબ્દ વાપરીએ છીએ તેનો અર્થ એવો નથી કે ભારતીય ભાષામાં આ પ્રકારના અર્થવાળા શબ્દ જ નથી. ભારતીય દર્શન અને તર્કશાસ્ત્રની એક ધીંગી પરંપરા છે. સંસ્કૃતમાં બુદ્ધિ સાથે સંબંધ ધરાવતા ધી, મેધા, પ્રજ્ઞા, મનીષા, મતિ વગેરે શબ્દો છે અને આપણી પાસે અરબી ફારસીમાંથી આવેલા અક્કલ, સમજ જેવા શબ્દો પણ છે. પરંતુ આમાંથી કોઇ શબ્દ પસંદ કરતાં એ ખ્યાલ રાખવો જોઇએ કે પાશ્ચાત્ય દાર્શનિક વિકાસ અને વલણ-વ્યવહારના સંદર્ભમાં તેને જે એક વૈશ્વિક વ્યાખ્યા સાંપડી છે તે લોપાય નહીં. ઉદાહરણ

તરીકે મને પ્રજ્ઞા શબ્દ ખૂબ નજીકનો અને સારો લાગે છે. પરંતુ ગીતામાં આ શબ્દને જે સંદર્ભ સાંપડ્યો છે તેને કારણે મન પાછું પડે છે. સંદર્ભ એવો છે કે, કુરુક્ષેત્રના મેદાનમાં યુદ્ધ માટે એકત્ર થયેલા સ્વજનો વગેરેને જોઇને અર્જુન યુદ્ધના કારણે થનારા નુકસાન અને વિનાશને કારણે યુદ્ધ ત્યજવાની વાત કરે છે. તેનો ઉત્તર આપતા કૃષ્ણ અર્જુનની આ દલીલોની જાણે ઠેકડી ઉડાવતા હોય તેમ કહે છે : 'પ્રજ્ઞા વાદાંષ ભાષશે.... આ વાક્યાંશમાં પ્રજ્ઞા કોઇ બહાનાબાજી કે જવાબદારી કે કર્મમાંથી છટકવા માટેનાં કારણો શોધવાની રીતરસમ હોય-રેશનલાઇઝેશન હોય - તેવી છાપ ઊઠે છે. જ્યારે સ્થિતપ્રજ્ઞનાં જે લક્ષણો વર્ણવવામાં આવ્યાં છે તેમાં રેશનલ, નિર્લેપ તથા આધ્યાત્મિક પ્રકૃતિની સેળભેળ જોવા મળે છે. ટૂંકમાં, આપણી શબ્દ-પસંદગી ગેરસમજ કે ગૂંચવણ પેદા ના કરે તેનો ખ્યાલ રાખવો જોઇએ. અને સવિશેષ તો આ ખ્યાલની જે વૈશ્વિક અર્થ-વ્યંજના છે તે વિસરાય નહીં તેની તકેદારી રાખવી જોઇએ.

તર્કબદ્ધ અને સુસંબદ્ધ વિચારણા માત્ર પાશ્ચાત્ય દર્શનોનો ઇજારો છે તેવું નથી. વાસ્તવમાં, બુદ્ધિમાન માનવીનું તે પ્રાકૃતિક લક્ષણ છે. અહીં એક બાબત સ્પષ્ટ કરવી જોઇએ કે માનવી રેશનલ જીવ છે પરંતુ પ્રત્યેક માનવીના વિચાર અને વર્તન સદા રેશનલ હોય જ તેમ માની લેવાની જરૂર નથી. જો આમ હોત તો આપણા સમાજમાં વહેમ, અંધશ્રદ્ધા, અન્યાય, અનીતિ વગેરે જોવા ના મળત. એટલે એમ કહી શકાય કે માનવીમાં રેશનલ ઢબે વિચારવાની અને વર્તવાની ક્ષમતા રહેલી છે, આ ક્ષમતાનો ઉપયોગ કરવો કે નહીં, માનવી હોવાને કારણે પ્રાપ્ત રેશનાલિટીની લાયકાત અનુસાર વિચાર-વર્તન કરવું કે નહીં તે વ્યક્તિની પોતાની મુનસફીની બાબત છે, કેળવણી કે સમજની બાબત છે.

આમ છતાં, માનવીને જો આપણે રેશનલ જીવ ગણતા હોઇએ તો દરેક માનવસમાજમાં રેશનલ પરંપરા સાહજિક ગણાય. પરંતુ પશ્ચિમમાં રેશનલ પરંપરામાં, દાર્શનિક વિશ્લેષણ અને વૈજ્ઞાનિક અભિગમનો લાભ લઇને રેશનાલિટીના ખ્યાલે એક વિશેષ પરિમાણ પ્રાપ્ત કર્યું. તર્કશાસ્ત્રની સીમાઓ વળોટીને, દાર્શનિક વિવેચનના દાયરામાંથી આગળ વધીને, વિજ્ઞાન દ્વારા સુલભ થયેલ સૃષ્ટિની ઉત્પત્તિ અને વિકાસ, માનવીની ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ તથા માનવીને પ્રાપ્ત થયેલા મગજના વિશેષ લક્ષણ રૂપ બુદ્ધિ અને તેના પ્રયોગ દ્વારા જ્ઞાનની અવનવી ક્ષિતિજો હાંસલ કરવાની ક્ષમતા તથા સૃષ્ટિમાં માનવીના સ્થાન અને મહત્ત્વ અંગેની સમજે રેશનાલિટીના ખ્યાલને એક નવો આયામ બક્ષ્યો છે. તર્કમાં બુદ્ધિના ઉપયોગની જરૂર છે. ભારતીય પરંપરા નિગમન (ડીડક્ટીવ)ની અને આગમનાત્મક તર્કશાસ્ત્ર પ્રણાલીઓ આજે પણ માન ઉપજાવે તેમ છે. પરંતુ તેનો પ્રયોગ મોટા ભાગના ચિંતકોએ (લોકાયતાદી, તથા અમુક અંશે સાંખ્ય/ન્યાય-વૈશેષિક જેવાં ઔપનિષદિક દર્શનો તેમજ બૌદ્ધ-જૈન ચિંતન પ્રણાલીને બાદ કરતાં) શાસ્ત્રાર્થ તથા કાલ્પનિક - અધ્યાત્મિક વીતંડાવાદ માટે જ કર્યો અને તેમાંથી મુક્ત થઈ શકયા નહી. અલબત, તે માટે વૈજ્ઞાનિક જ્ઞાનની તત્કાલીન મર્યાદાઓને પણ જવાબદાર ગણી શકાય. પ્રાચીન સમયમાં ઘણી વાર એવું પણ બન્યું કે રેશનલ વાતને સામાન્ય માનવીના ગળે ઉતારવા, બૌદ્ધિક-તાર્કિક પદ્ધતિની સંકુલતાનો કે સીમિત વૈજ્ઞાનિક જ્ઞાનનો સહારો લેવાને બદલે, આર્ષદર્શન, અંતઃસ્ફુરણા કે દૈવી સંકેતની વાત કરવામાં આવી.

વર્તમાન રેશનાલિટીનો ખ્યાલ અગાઉના ખ્યાલ કરતાં કેટલીક બાબતોમાં અલગ પડે છે. એક તબક્કે પુરાવા અને પ્રમાણ ઉપર ભાર મુકાવા લાગ્યો. બૌદ્ધિક વિચારણામાં કલ્પનાની ઉડાન પણ હોય. (દકાર્તે અને બેકનના વિચારોના સમન્વયરૂપ કાન્ટની ક્રીટીકલ રીઝનની રજૂઆત) પરિણામે કાલ્પનિક વાતોથી બચવા જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રાપ્ત તથ્યો કે પ્રમાણ (એમ્પીરીસીઝમ) તથા બુદ્ધિ દ્વારા તેના વિવરણ-વિવેચનને સાંકળી લઇ બુદ્ધિપ્રામાણ્યવાદની વાત ઉમેરાઇ. રેશનાલિટીના વર્તમાન ખ્યાલમાં માનવીની તમામ માનસિક ક્ષમતાઓ, તેની ભાવનાઓ, લાગણીઓ, સંવેદનાઓ અને નૈતિક સમજનો સ્વીકાર કરવામાં આવે છે. રેશનલ એટલે લાગણીવિહીન કે નીતિવિહીન - એવા અગાઉના ખ્યાલને ફગાવી દેવામાં આવ્યો છે એટલું જ નહીં પણ નૈતિકતાને રેશનાલિટીના આવિષ્કાર રૂપે મૂલવવામાં આવે છે. માનવીના નૈતિક વર્તનની સંભાવના માનવજીવન પ્રત્યેના સાફલ્યવાદી (હોલિસ્ટીક) રેશનલ અભિગમમાંથી જ નિષ્પન્ન થાય છે.

એ લક્ષમાં રાખવાની જરૂર છે કે ભાવના, લાગણી કે સંવેદના હૃદય સાથે નહીં પણ મગજ સાથે જ સંકળાયેલાં છે, તે માનસિક જગતની જ પેદાશ છે. એ ભેદ જરૂર પાડીએ કે લાગણીશીલ કે ભાવનાશાળી હોવું અને લાગણીવેડા કે ભાવનામાં તણાઇ જવું તે અલગ બાબત છે. લાગણી કે ભાવનાને માનવજીવનને સમૃદ્ધ કરતા, જિજીવિષાના બુદ્ધિગમ્ય પ્રયોગ દ્વારા સર્જાયેલ પારિવારિક અને સામાજિક જીવનના અંગ સ્વરૂપે મૂલવવાનાં છે. આ ભાવના કે લાગણીના આધારે કરવામાં આવતું વર્તન કેટલા પ્રમાણમાં માનવીય અસ્તિત્વનાં પાયારૂપ મૂલ્યો - માનવીય ગૌરવ, સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃત્વ સાથે સુસંગત છે તેની ચિકિત્સા પણ કરવી જોઇએ. તદ્દુપરાંત તે વર્તન માનવીના વર્તમાન અને ભાવિ જીવનની દૃષ્ટિએ ઉપકારક છે કે નહીં તેની, સુલભ વૈજ્ઞાનિક હકીકતો તથા વૈજ્ઞાનિક અભિગમ દ્વારા, મુલવણી કરતા રહેવી જોઇએ.

માનવી પોતાના જીવનવ્યવહારો પ્રત્યે બુદ્ધિપૂર્વક વિચારે, તેના લાભાલાભોનું સરવૈયું કાઢે, તેનું મૂલ્યાંકન કરે અને તારણો પર આવે અને ઉપકારક એવા નૈતિક આચરણની પસંદગી કરે, હિમાયત કરે, તે આખી પ્રક્રિયા બૌદ્ધિક છે. આમ સારા-નરસા, સાચા-ખોટા, હિતકર-અહિતકર વચ્ચેની પસંદગી (માત્ર વ્યક્તિગત નહીં પરંતુ માનવજાત અને સૃષ્ટિ માટે શ્રેયસ્કર આચરણની પસંદગી) કોઈ બાહ્ય કે અલૌકિક તત્ત્વના આધારે કે ભયથી નહીં પરંતુ માનવીની પોતાની બુદ્ધિના આધારે અને દ્વારા થાય છે. રેશનાલિટીના આધુનિક ખ્યાલનું આ વિશેષ પરિમાણ ગૌરવ, માનવી માત્રની સમાનતા અને સ્વતંત્રતા તેમજ ભ્રાતૃત્વની હિમાયત કરતી માનવવાદી (હ્યુમેનિસ્ટ) વિચારધારાની દેન છે.

કેટલાક મિત્રો આ માટે વિવેકબુદ્ધિ શબ્દ પસંદ કરે છે. પરંતુ, સામાન્ય રીતે વિવેકમાં ગણતરીપૂર્વકના વાણી-વર્તનની વાત સમાયેલી છે. સમય-સંજોગો કે સંબંધિત વ્યક્તિઓની લાગણીઓ કે ભાવનાઓને ધ્યાનમાં રાખી કેમ વર્તવું કે બોલવું તેવી સામાજિક સમજનો બોધ સમાયેલો છે. ક્યારેક આવી તડજોડ સહિષ્ણુતા, ‘આપણે ખુલ્લું મન રાખવું જોઈએ’, ‘બીજાની માન્યતાઓનું સન્માન કરવું જોઈએ’, વગેરે પોપટવાક્યોના આધારે કરવામાં આવે છે. પરંતુ આ બહાને આપણે આપણી જાતને છેતરતા તો નથીને ? કોઈ નબળાઈને છાવરતા કે વશ થતા તો નથીને? તેની ચોક્સાઈ રાખવી જોઈએ. ઉત્ક્રાંતિને બદલે કોઈ અલૌકિક સર્જનની હિમાયત કરે, યજ્ઞ દ્વારા વરસાદ લાવવાની કે તેવી કોઈ વાત કરે, પ્રાર્થનાથી રોગી સારા થઈ જાય છે તેવો દાવો કરે, માનસિક રોગને ભૂત-પ્રેતનો વળગાડ ગણાવે, ધર્મ દ્વારા માનવ-એકતાની વાત કરે, માનવી માનવી વચ્ચે વર્ણ, લીંગ કે વર્ગના આધારે ભેદભાવનું સમર્થન કરે, ધર્મઝનૂની ફતવાઓ જાહેર કરે અથવા આપખુદશાહીનાં ગુણગાન ગાય કે આવા પ્રકારની કોઈ વાહિયાત વાત કરે તો તેને સહિષ્ણુતા, માન્યતાનું સન્માન જેવાં કારણો આગળ કરી નિભાવી લઈ શકાય નહી.

ધાર્મિક, સામાજિક, આર્થિક, રાજકીય વ્યવહારોમાં કે વર્તનમાં વિવેકનું વ્યાવહારિક મૂલ્ય હશે પરંતુ વિચારણા કે વૈજ્ઞાનિક તથ્યોનાં તારણ કે અભિવ્યક્તિમાં વિવેક ના હોઇ શકે. ગેલીલીયોએ ધાર્મિક વિવેક જાળવી પોતાનાં વૈજ્ઞાનિક નિરીક્ષણોનાં તારણો વ્યક્ત કર્યાં ના હોત તો ? મગનું નામ મરી ના પાડવું, ભૂંડાથી દૂર ભાગવું, વડીલો કે આપ્તજનોની લાગણીઓને માન આપી પૂજાપાઠ જેવી વિધિઓ પ્રત્યે સમાધાન સાધવું જેવી સંયોગાધીન ગણતરીઓનું સામાજિક મૂલ્ય કદાચ હશે, પરંતુ તેને રેશનાલિટીનું લક્ષણ ના ગણાવી શકાય. (તદુપરાંત, વહેમ - અંધશ્રદ્ધા-કુરિવાજો સામેની ઝુંબેશ વિવેકનું નહીં વૈજ્ઞાનિક અભિગમનું દ્યોતક છે.) જ્યારે નૈતિક સમજ વિવેકમાંથી નહીં પણ માનવીના સમાજજીવન સાથેના નાતા ઉપરાંત સમગ્ર સૃષ્ટિના જીવજગત, પર્યાવરણ જેવા માનવીના વર્તમાન જ નહીં પરંતુ ભાવિ જિજીવિષા સાથેના નાતાને પણ આવરી લે છે. પરિણામે, આધુનિક રેશનલ વ્યક્તિ એક સાફલ્યવાદી માનવી છે. ક્ષુલ્લક, તત્કાલીન સ્વાર્થ કે ગણતરીથી ઉપર ઊઠી વિચાર તથા આચરણ કરનાર બુદ્ધિનિષ્ઠ માનવી છે / થવું રહ્યું. અગાઉના નીતિનિરપેક્ષ રેશનાલિટીના ખ્યાલથી અલગતા દર્શાવવા માટે આવું વિશેષણ એક તબક્કે જરૂરી હશે. પરંતુ આજે આપણે જાણીએ છીએ અને સ્વીકારીએ છીએ કે વિવેક પણ બુદ્ધિનું જ લક્ષણ છે. બુદ્ધિ વિના વિવેક અસંભવ છે. જો રેશનલમાં આપણે નૈતિક વલણને અંગરૂપ ગણતા હોઇએ તો પછી આ વધારાનું વિશેષણ ટાળી શકાય. વધુમાં, નૈતિકતા વિવેકનું નહીં પરંતુ મૂલ્યનિષ્ઠાનું ફરજંદ છે.

વાસ્તવમાં, રેશનાલિટીના આધુનિક ખ્યાલનાં બે નિર્ણાયક લક્ષણ છે : (૧) વૈજ્ઞાનિક અભિગમ (૨) મૂલ્યનિષ્ઠામાંથી (સામાજિક કે ધાર્મિક પ્રથાઓમાંથી નહી) નૈતિકતાની તારવણી. આ જોતાં, રેશનાલિટીના પર્યાયમાં નૈતિક ઉપરાંત વૈજ્ઞાનિક વિશેષણ પણ ઉમેરવું પડે ! પરંતુ આપણે જાણીએ છીએ કે વિજ્ઞાન બુદ્ધિપ્રધાન માનવીનો જ આવિષ્કાર છે અને વૈજ્ઞાનિક વલણ કે અભિગમ તેના પાયારૂપ છે. ઉપરાંત, *માનવજીવનને સમૃદ્ધ અને સુસંકૃત બનાવતાં નૈતિક મૂલ્યો પણ સૃષ્ટિ અને માનવજીવનના વૈજ્ઞાનિક અભિગમથી પુરસ્કૃત અધ્યયન અને વિશ્લેષણ દ્વારા તારવી શકાય અને, છેવટે, નૈતિક વલણ કે વૈજ્ઞાનિક અભિગમ તો બુદ્ધિ સાથે જ નિસ્બત ધરાવે છે.* ખેર, ગમે તે વિશેષણો લગાડીએ પરંતુ રેશનાલિટીના ખ્યાલના આ નૂતન આયામો અંગે આપણે સચેત હોઇએ તે વિશેષ મહત્ત્વનું છે.

રેશનાલિટીના વૈજ્ઞાનિક પાયાની વાત પ્રમાણમાં નવી હોવાથી તે વિષે કંઇક વિગતે વિવેચન કરવું આવશ્યક લાગે છે. વિજ્ઞાને સૃષ્ટિની ઉત્પત્તિ, વિકાસ અને તેનું સંચાલન કરતાં પરિબળો વિષે આપણી સમક્ષ નક્કર હકીકતો રજૂ કરી છે. તદુપરાંત માનવીની ઉત્પત્તિ અને વિકાસ તથા તેમાં અસરકર્તા જિજીવિષા, પર્યાવરણ વિષે પણ સારા પ્રમાણમાં માહિતી પૂરી પાડી છે. તદુપરાંત વૈજ્ઞાનિક પદ્ધતિ અનુસાર હાથ ધરવામાં આવેલા સામાજિક-રાજકીય-આર્થિક પરિબળોના અભ્યાસ દ્વારા પણ આપણા જ્ઞાનમાં વૃદ્ધિ થઇ છે.

આપણે જાણીએ છીએ કે વૈજ્ઞાનિક પદ્ધતિમાં માનવી દ્વારા કોઇ વસ્તુના આચરણનું નિરીક્ષણ કરવામાં આવે છે. વધુમાં આ આચરણ કયા કારણસર હોઇ શકે તે અંગે ધારણા બાંધવામાં આવે છે. તે પ્રકારની અન્ય વસ્તુઓ પણ, તેવા જ સંજોગોમાં આવું આચરણ કરે છે કે નહીં

તે જોવામાં આવે છે. જરૂર પડે નિયંત્રિત સંજોગોમાં પ્રયોગ દ્વારા તેની ચકાસણી થાય છે. અન્ય વ્યક્તિઓ પણ તે પ્રકારના પ્રયોગો કરી આ ધારણાની ચકાસણી કરે છે અને ત્યાર બાદ તે અંગેનો નિયમ રજૂ થાય છે. આ નિયમ વિષે પણ ચકાસણી થતી રહે છે અને પ્રાપ્ત જ્ઞાનના આધારે તેમાં સુધારાવધારા થતા રહે છે.

આ પદ્ધતિની મહત્ત્વની વિશેષતા એ છે કે નિરીક્ષણ વ્યક્તિગત માનવ દ્વારા થાય છે (દા.ત. ગેલીલીયો, ન્યૂટન) પરંતુ તે જે ધારણા કે નિયમ બનાવે છે તે સાર્વત્રિક છે. આપણામાંથી કોઇપણ વ્યક્તિ તેને ચકાસી શકે છે તથા તે મુજબ પ્રયોગ કરતાં એકસરખાં પરિણામો પ્રાપ્ત કરે છે. તે કોઇનું આગવું સત્ય કે આર્ષદર્શન નથી હોતું.

વિજ્ઞાન દ્વારા સૃષ્ટિની ઉત્પત્તિની પ્રથમ ક્ષણોની માહિતી પ્રાપ્ત થઇ છે. તેમાંથી જણાય છે કે સૃષ્ટિના સર્જનમાં કોઇ બાહ્ય અલૌકિક પરિબળનો હાથ નથી તેમજ સૃષ્ટિનો વિકાસ તથા સંચાલન પણ કોઇ બાહ્ય વ્યક્તિ કે પરિબળ દ્વારા થતું નથી. સૃષ્ટિ ચોક્કસ બળો તથા તત્ત્વોની આંતરપ્રક્રિયાના આધારે વિકસે છે તથા સંચાલિત થાય છે. ઉત્ક્રાંતિની આ સમગ્ર પ્રક્રિયા સૃષ્ટિનાં અંતર્ગત નિયમો દ્વારા ચાલે છે અને તે કોઇ બાહ્ય તત્ત્વની મુનસફી પ્રમાણે વર્તતી નથી. કોઇ પારલૌકિક તત્ત્વ તેમાં ફેરફાર કરી શકતું નથી. માનવી, તેનું મગજ અને વિચારશક્તિ પણ સૃષ્ટિના આ નિયમો અનુસાર થયેલી ઉત્ક્રાંતિની જ પેદાશ છે. પરિણામે તે પણ સૃષ્ટિના આ અંતર્ગત નિયમો અનુસાર જ વર્તે છે. આથી કહી શકાય કે માનવીની રેશનાલિટી પણ આ નિયમબદ્ધતાનું જ આવિષ્કરણ છે. અને નિયમોના આચરણ અને પાલન તથા પાયાનાં મૂલ્યોની સાચવણીના આગ્રહમાંથી જ નૈતિકતા સાકાર થાય છે. માનવીની વિચારશક્તિ અને ઇચ્છાશક્તિ (વીલ) કેટલીક આગવી વિશિષ્ટતાઓ ધરાવે છે. તેના કારણે માનવીય વ્યવહારો, સામાજિક-આર્થિક-રાજકીય વ્યવહારોમાં તે પોતાની ઇચ્છાશક્તિના આધારે વર્તવાનું સ્વાતંત્ર્ય ધરાવે છે પરંતુ પ્રાકૃતિક ઘટનાઓના નિયમો કે ક્રમમાં તે ફેરફાર કરી શકતો નથી. અલબત્ત, વિજ્ઞાનના નિયમો સમજી, તેનો ઉપયોગ કરી, અમુક કુદરતી પ્રક્રિયાઓ પર તે અસર પાડી શકે. (દા.ત. કૃત્રિમ વરસાદ, પ્રયોગશાળામાં હાયડ્રોજન-ઓક્સીજન ભેગાં કરી પાણી બનાવવું) પણ પોતાની ઇચ્છાશક્તિથી તે શૂન્યમાંથી સર્જન કરી શકતો નથી કે પ્રાકૃતિક નિયમોને બદલી શકતો નથી.

આ ચર્ચામાંથી ફલિત થાય છે કે નિયમો એક ચોક્કસ સમૂહના આચરણના નિરીક્ષણ દ્વારા તારવવામાં આવે છે. અચેતન વસ્તુઓ આ નિયમો અનુસાર વર્તે છે. ચેતન તત્ત્વોમાં પોતાની ઇચ્છાશક્તિ પણ હોય છે. પરિણામે તે ભૌતિક પદાર્થો જેવા નિયમોના માળખામાં રહીને જ વર્તતા નથી. પરંતુ સૃષ્ટિનો જ એક અંશ છે તેથી તે સૃષ્ટિ કે સમાજ માટે આવશ્યક નિયમો કે ધોરણો અનુસાર ના વર્તે તો તકલીફો સર્જાય. પરિણામે માનવી માટે નિયમો કરતાં અમુક ધોરણો અનુસારનું વર્તન હિતકારક ગણાવા લાગ્યું. માનવવર્તનનાં આ ધોરણો માનવીએ પોતે જ સૃષ્ટિ-સમાજના વ્યવહારોનું નિરીક્ષણ કરી, બુદ્ધિ દ્વારા તેની આવશ્યકતાઓ સમજીને ઘડયાં. આ થયો આપણો નૈતિકતાનો ખ્યાલ. પ્રારંભિક સમયમાં તેના પાલન માટે બળ, અલૌકિક શક્તિ, ઇશ્વર, પાપ-પુણ્ય, સ્વર્ગ-નર્ક જેવા ખ્યાલોનો પણ આશરો લેવાયો. પરંતુ તેનાં ભયસ્થાનો અને મર્યાદાઓ સુવિદિત છે. સ્વાભાવિક રીતે જ સૃષ્ટિ-સમાજના વ્યવહારો અંગેના આપણા જ્ઞાન અને સમજમાં સુધારો વધારો થાય તેમ તેમાં ફેરફાર કરવા પડે. પરિણામે વ્યવહારનાં આ ધોરણોનું મૂળ અંતઃસ્ફુરણા કે દૈવી આદેશ જેવી (જેમાં સુધારાને અવકાશ નથી તેવી) બાબતોમાં શોધવાને બદલે શોધન, સંશોધન અને પરિશોધનની શક્યતાવાળી વૈજ્ઞાનિક-રેશનલ પદ્ધતિમાં શોધવાં રહ્યાં. અલબત્ત, તેમાં આપણે માનવી છીએ તે હકીકત અને માનવી તરીકેની અસ્તી અને હસ્તી ટકી રહે તે માટેનું આચરણ પાયાનું મૂલ્ય છે. સ્વાભાવિક રીતે જ માનવી એક માનવી તરીકે જીવી શકે તેવાં ધોરણોનો આગ્રહ આ મૂલ્યોના પાયામાં હોય. પરિણામે, કોઇપણ વ્યવસ્થામાં માનવીય ગૌરવ, માનવીની વૈયક્તિક સ્વતંત્રતા તથા માનવી પોતાની બુદ્ધિશક્તિનો સુપેરે પ્રયોગ કરી શકે તેવી વિચાર-અભિવ્યક્તિની સ્વતંત્રતા, દરેક માનવી વચ્ચે સમાનતા (આર્થિક-સામાજિક), બંધુત્વને પ્રેરક-પોષક ધોરણોનો આગ્રહ વગેરે પાયાનાં મૂલ્યો ગણાય.

આ તબક્કે, આધ્યાત્મિક-ધાર્મિક અભિગમ અને વૈજ્ઞાનિક-રેશનલ વચ્ચેનો તફાવત પણ લક્ષમાં રાખવો જરૂરી છે. વિજ્ઞાન અને અધ્યાત્મની ખોજનું લક્ષ્ય એક હોઇ શકે. માનવીના કુતૂહલમાંથી ઉદ્‌ભવેલા પ્રશ્નો, સૃષ્ટિ અને પોતાના સર્જન તથા હેતુ અંગેની જિજ્ઞાસા તેનું પ્રેરકબળ હોઇ શકે. પરંતુ તેઓ જે અભિગમ અને પદ્ધતિ દ્વારા આ જ્ઞાન મેળવવા તથા તેનો પ્રસાર કરવા મથામણ કરે છે તેમાં નિર્ણાયક તફાવત છે. વિજ્ઞાન અને ધર્મ/અધ્યાત્મ વચ્ચે એક નોંધપાત્ર તફાવત એ છે કે ધર્મ/અધ્યાત્મ અજ્ઞ (અનનોન)થી જ્ઞ (નોન) તરફ તારણો કરે છે તો વિજ્ઞાન જ્ઞમાંથી પુરવાર થયેલા, સાબિત થયેલા જ્ઞાનના આધારે અજ્ઞાનનાં અંધારાં ઉલેચવા મથે છે. આમ, આ બંને પદ્ધતિ એકબીજાથી વિરોધી છે, તે સાથે રહી શકે નહીં.

પાયાનો સવાલ એ છે કે, જ્ઞાનપ્રાપ્તિની ભરોસાપાત્ર પદ્ધતિ કઇ? તથા

*અનુંસંધાન પાન ૩૯ પર*

# પરમાણુ શસ્ત્રવાદ : રુગ્ણ માનસની દ્યોતક?

## દિનેશ શુક્લ

સર્વવિનાશક પરમાણુ શસ્ત્રો અને જુદાં જુદાં અંતર સુધી તેમનો પ્રહાર કરી શકાય એવાં પ્રક્ષેપાસ્ત્રો અને તેના પર આધાર રાખતી 'સંપૂર્ણ સલામતી'ની વિભાવનાની આસપાસ જે નવી વિચારધારાનો ઉદ્ભવ થયો છે, તેને જાણીતા મનોવિજ્ઞાનિક અને સંસ્કૃતિવિવેચક આશિષ નાન્દી 'પરમાણુ શસ્ત્રવાદ' તરીકે ઘટાવે છે. એ બધાનો વિચાર કેવળ આંતરરાષ્ટ્રીય રાજકારણ, ભૂ-રાજકારણ (જિયો-પોલિટિક્સ), રાજકીય સમાજશાસ્ત્ર કે નીતિશાસ્ત્રને આધારે કરી શકાય તેમ નથી. સામાન્ય રીતે પરમાણુ શસ્ત્રોની ચર્ચા ઉપર જણાવ્યા તે વિષયોના સંદર્ભમાં અને તેમની સંહારક શક્તિના સંદર્ભમાં કરવામાં આવે છે. તેમના જણાવ્યા મુજબ ખરેખર તો પરમાણુ શસ્ત્રવાદની વિચારધારા એ એક પ્રકારની મનોવિકૃતિ અથવા રુગ્ણ માનસની દ્યોતક છે.

સામાજિક અને રાજકીય સંસ્થાઓ, લશ્કરી-વૈજ્ઞાનિક-ઇજનેરી એસ્ટાબ્લિસમેન્ટ, સંરક્ષણ અને વ્યૂહાત્મક સંશોધન સંસ્થાઓ અને તેમની સાથે સંકળાયેલા નિષ્ણાતો આ બધાં કોઇ ને કોઇ રીતે પરમાણુ શસ્ત્રો સાથે સંકળાયેલાં છે. તેમના વિષે તેઓ સૌ તટસ્થ અને નિસ્પૃહભાવે તેમની ચર્ચા કરે છે, વાદ વિવાદ કરે છે. એ થકી એક એવી છાપ ઊભી થાય છે કે તે એક નિર્વૈયક્તિક (ઇમ્પર્સનલ) વિચારધારા છે. એને મનુષ્યના વ્યક્તિત્વ કે માનસ સાથે જાણે કોઇ લેવાદેવા નથી. પણ કેટલાક મનોવિજ્ઞાનીઓએ પરમાણુશસ્ત્રવાદને અમુક પ્રકારની વ્યક્તિઓની મનોરુગ્ણતા સાથે ગાઢ સંબંધ છે, એવું તારવવાનો પ્રયાસ કર્યો છે. પરમાણુ શસ્ત્રવાદ એ કોઇ પણ ભોગે બીજા ('ધ અધર') પર કેવળ આધિપત્ય ભોગવવા તત્પર નહીં, પણ તેનું અસ્તિત્વ જ મિટાવી દેવા ઇચ્છતો એક પ્રકારનો 'માઇન્ડસેટ' છે. પરમાણુ શસ્ત્રવાદની મીમાંસામાં જે ભાષા અથવા રૂઢિપ્રયોગોનો ઉપયોગ થાય છે તે આ 'માઈન્ડસેટ'ની ચાડી ખાય છે. દાખલા તરીકે, ''દુનિયાના નકશા પરથી તેમને ભૂંસી નાંખીશું''.

આવા પ્રકારનું 'માઇન્ડસેટ' ધરાવનારા નિષ્ઠુર, કઠોર 'મર્દાનગી'ની મનોવૃત્તિના જાણે અજાણે ભોગ બનેલા હોય છે. 'બીજા'ને કચડી નાંખવા અથવા નામોનિશાન મિટાવી દેવામાં રાચતું માનસ, વિરોધાભાસી લાગે છતાં, એક પ્રકારની નપુંસકતાની ઊંડી લાગણી અનુભવતું ભયભીત માનસ હોય છે. બીજાને ભયભીત કરીને 'ભયરહિત' અનુભવવામાં પુંસકતા નહીં પણ નપુંસકતા રહેલી છે, એવું મનોવિશ્લેષકો માને છે.

'મર્દાનગી' અથવા પુંસકતાના આ માનસને એકહથ્થુસત્તાવાદ સાથે ગાઢ સંબંધ છે. આવું માનસ ધરાવતી વ્યક્તિઓ કુટુંબમાં કે વિવિધ સામાજિક મંડળો કે સંસ્થાઓમાં અને વિશેષ તો રાજ્યશાસનમાં એકહથ્થુ સત્તા ભોગવવાનું વિશેષ પસંદ કરે છે. પોતાની એકહથ્થુ સત્તાને થનાર જરા સરખા પડકારને તેઓ પોતાની 'મર્દાનગી' અથવા પુંસકતાને પડકાર તરીકે ઘટાવે છે. અને એ કારણે વધુ એકહથ્થુ થવાનો, વધુ કઠોર કે નિર્દયી થવાનો પ્રયાસ કરે છે. પરમાણુ શસ્ત્રવાદ આ અર્થમાં એકહથ્થુ સત્તાવાદની ચરમસીમા છે.

પરમાણુ શસ્ત્રોને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં 'શકિત અથવા સામર્થ્યના અંતિમ ચલણ' (અલ્ટીમેટ કરન્સી ઓફ પાવર) તરીકે અમસ્તાં ગણવામાં નથી આવતાં! ''જો તમારી પાસે પરમાણુ શસ્ત્રો હશે તો તમારો કંઇકે ભાવ પુછાશે, નહીં તો બધાં તમને ઠૂંઠામાં ઠેલશે'', એવું કહેવામાં આવે છે. લોકશાહી શાસનને વૈચારિક રીતે વરેલાં શાસનો અથવા વ્યકિતઓ પણ પરમાણુ શસ્ત્રવાદ સાથે ગાઢ રીતે સંકળાયેલા એકહથ્થુવાદનો જાણે અજાણે ભોગ બને છે અને પરમાણુ શસ્ત્રોની 'અનિવાર્યતા'માં માનતા થઇ જાય છે. આશ્ચર્યની વાત તો એ છે કે તેમાં તેમને કોઇ વિરોધાભાસ જણાતો નથી.

જે દેશોમાં (જેમાં દુનિયાની 'મહાન લોકશાહી'ઓનો પણ સમાવેશ થઇ જાય છે) પરમાણુ શક્તિ અને શસ્ત્રોનાં પ્રતિષ્ઠાનો આવેલાં છે, તેની આસપાસ જડબેસલાખ ગુપ્તતા, સલામતીવિષયક કડકમાં કડક બંદોબસ્ત, તેની નજીક ચકલુંય ફરકી ન શકે એવી ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. ઉપરાંત હરીફ દેશોના આવાં પ્રતિષ્ઠાનો પર ચાંપતી નજર રાખવા કરોડોને ખર્ચે ગુપ્તચર તંત્રોને કામે લગાડવામાં આવે છે. સંસદ કે તેની સમિતિઓ તેમાં કશો ચંચુપાત કરી શકતી નથી. તે માટે બજેટમાં ફાળવવામાં આવેલ નાણાંની કશી ચર્ચા કરવામાં આવતી નથી.

પરમાણુ શસ્ત્રવાદનું આ 'માઇન્ડસેટ'નું એક મહત્ત્વનું લક્ષણ તેની 'સાર્વત્રિકતા' છે. વિચારધારા કે રાષ્ટ્રીયતાના ભેદ, સંસ્કૃતિઓની વિવિધતા કશું એને સ્પર્શી શકતું નથી. પારિસ હોય કે પોખરણ, લાહોર હોય કે તેલ અવિવ હોય, અમેરિકાનાં પ્રતિષ્ઠાનો હોય કે રશિયાનાં પ્રતિષ્ઠાનો હોય કે ચીનનાં પ્રતિષ્ઠાનો હોય, તેમની ગોપનીયતા, રહસ્યમયતા, ગુપ્તતા વગેરે સર્વોચ્ચ કોટિની સલામતીના અભેદ્ય કવચ પાછળ ઢંકાયેલી રહે છે.

મનોવિજ્ઞાનીઓ જણાવે છે કે કેટલીક વ્યક્તિઓ 'જનસંહારની માનસિકતા' (જેનો સાઇડલ મેન્ટાલિટી)થી પીડાતી હોય છે. સમગ્ર મનુષ્યજાતિનું જ નિકંદન કાઢે એવો પરમાણુ શસ્ત્રવાદ આખરે તો આ માનસિકતાની જ પેદાશ છે. માર્કયુસેન અને લિફટોન નામના બે મનોવિજ્ઞાનીઓએ 'જેનો સાઇડલ મેન્ટાલિટી' નામનું એક પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે નાઝી જર્મની અને હિરોશીમા-નાગાસાકીના જનસંહાર સાથે સંકળાયેલા અને આજના પરમાણુ શસ્ત્રવાદના વૈચારિક પુરસ્કર્તાઓની માનસિકતાની તુલના કરી છે. એમાં તેમને અદ્‌ભુત કહેવાય એવાં સામ્ય અને સાતત્ય જોવા મળ્યાં છે.

તેઓ જણાવે છે કે જનસંહારનું માનસ ધરાવતી વ્યક્તિઓ અમુક પ્રકારની લાગણીશૂન્યતા ધરાવે છે. ઉપરાંત એક પ્રકારની અર્થશૂન્યતાથી પીડાતી હોય છે. અસ્તિત્વ માત્ર અર્થહીન છે, એવું તે માનતી હોય છે. તેઓમાં બીજા પ્રત્યેની સંવેદના કે લાગણીનો અભાવ હોય છે. લાખો મનુષ્યોનાં મરણ અથવા મરણની સંભાવના તેમનામાં કશી સંવેદના જગાવી શકતી નથી. લાખો લોકોનાં મરણ તેમના માટે એક ટેકનિકલ અંકશાસ્ત્રી કે બ્યુરોક્રેટિક વિગત બની રહે છે. દુશ્મન દેશના કેટલા માણસો (એમની દૃષ્ટિએ કેવળ જંતુઓ) મર્યા અને એમને મારવામાં કેટલાં સંસાધનો વપરાયાં, તેમાં કેટલો ખર્ચ થયો, 'કોસ્ટ બેનિફિટ રેશિયો' કેટલો આવ્યો, એ જ ગણતરીનો મુખ્ય મુદ્દો બને છે.

લાખોની સંખ્યામાં યહૂદીઓને મોતને ઘાટ ઉતારવામાં કઇ પદ્ધતિ વધુ કરકસરભરી અને છતાં કાર્યસાધક બને તેનો, લાંબી ચર્ચા વિચારણાને અંતે, નાઝી શાસકોએ હિસાબ કાઢેલો. પછી તેઓ એવા તારણ પર આવ્યા કે ૬૦ લાખ યહૂદીઓને મારવામાં ઓછામાં ઓછી ૬૦ લાખ ગોળીઓની જરૂર પડે, જે યુદ્ધમાં જોડાયેલ નાઝી જર્મનીને પોસાય તેમ નથી, એટલે તેમણે ગેસ ચેમ્બરોનો વિચાર અમલમાં મૂકેલો. લાખો લાશોને દફનાવવા માટે મોટા ખાડા સામૂહિક કબરો ખોદવી પડે અને એ માટે હજારો સૈનિકોને તે માટે કામે લગાડવા પડે. એટલે મૃત્યુ પછી જેમને કબરોમાં નાંખવાના છે તે યહૂદીઓ પાસે જ તેમણે સામૂહિક કબરો ખોદાવી, પછી ગેસ ચેમ્બરોમાં પૂર્યા. સામૂહિક કબરો ખોદવાનો શ્રમ બચી ગયો. જેને હેબરમાસ 'સાધનલક્ષી તાર્કિકતા' (ઇન્સ્ટ્રુમેન્ટલ રેશનાલિટી) કહે છે, તેના પ્રયોગમાં માનવસંવેદના કે હૃદયની ઊર્મિઓને કોઇ સ્થાન હોતું નથી. 'હૃદય' પરનો 'મસ્તિષ્ક'નો આ અંતિમ વિજય કહી શકાય ?

જનસંહારની આ માનસિકતા એક એવો મનો-પ્રદેશ પેદા કરે છે, જેમાં જાહેર જવાબદારી કે લોકશાહી ઉત્તરદાયિત્વના પ્રવેશ પર પ્રતિબંધ છે. ન્યુરેમ્બર્ગ ખાતે નાઝી યુદ્ધ ગુનેગારો સામે જ્યારે ખટલો ચલાવવામાં આવ્યો ત્યારે તેમણે પોતાના બચાવમાં એવી દલીલ કરી કે તેઓ પોતે તો સમગ્ર 'યંત્ર'ના એક નાના સરખા 'પૂર્જા' માત્ર હતા. તેમણે પોતાની જાતની, 'સ્વ'ની જાણે કે નવેસરથી વ્યાખ્યા આપી : એક જીવતા જાગતા માણસ તરીકે નહીં પણ એક વિરાટ, નિર્જીવ 'યંત્ર'ના એક નિર્જીવ 'પૂર્જા' તરીકે જ વર્ત્યા હતા.

એટલે જે કંઇ જનસંહાર થયો, તેમાં તેમની કોઇ વૈયક્તિક જવાબદારી હતી જ નહીં. ઉપરથી જે હુકમો છૂટતા, એનું તેઓ વફાદારીપૂર્વક, શિસ્તબદ્ધ અને યંત્રવત્ પાલન જ કરતા હતા. ''શું કોઇ વિરાટ નિર્જીવ યંત્રનો નાનો સરખો પૂર્જો યંત્ર શું કામ કરે છે, શા માટે કરે છે, તે સારું કામ છે કે ખરાબ એનો વિચાર કરે છે ખરો? અમને તો ટાર્ગેટ આપવામાં આવ્યા હતા કે આટલા સમયમાં આટલા માનવજંતુઓનો અમારે નિકાલ કરવો. અને અમે એમાંથી છટકી શકીએ એમ હતા જ નહીં.'' હિરોશીમા અને નાગાસાકી શહેરો પર અણુ-બોમ્બ ઝીંકનારા પાઇલોટો પણ આવી જ દલીલ કરે ને !

ઉત્તરદાયિત્વનાં પોટલાં વ્યક્તિઓના માથે નહીં પણ 'સામૂહિકતાઓ' (રાષ્ટ્ર, વર્ગ, વંશીયતા વગેરે) ના માથે મૂકો એટલે તમે જવાબદારીના ભારમાંથી છટકી શકો. આ એક સરળ અને બધાને ગળે ઊતરી જાય એવો માર્ગ છે. વ્યક્તિઓની કોઇ દરમિયાનગીરી વિના જાણે કે આ 'સામૂહિકતા'ઓ જનસંહારના સ્વયંચાલિત યંત્રો ન હોય! સંવહનનું નિર્દોષ માધ્યમ ગણાતી ભાષા અથવા શબ્દપ્રયોગો પણ આવા કામમાં કેવા ખપમાં આવે છે, એ પણ અભ્યાસ-સંશોધનનો એક આગવો વિષય બને તેમ છે.

કોણ જવાબદાર છે, આવા સામૂહિક હત્યાકાંડ માટે ? લશ્કરી ઔદ્યોગિક સંકુલ, ફાસીવાદ-નાઝીવાદ, સામ્રાજ્યવાદ, માઓવાદ-સ્ટાલિનવાદ, અમેરિકી આધિપત્યવાદ - આ અને આવા અસંખ્ય શબ્દપ્રયોગો સામૂહિક કત્લેઆમની હિમાયત કરનારા, હુકમો છોડનારા,

કત્લેઆમને અંજામ દેનારા, આ સૌને તેમની વૈયક્તિક જવાબદારીમાંથી જાણે કે મુક્ત કરી દે છે. અને જે સમાજોમાં આ માનસિકતા ફેલાય છે ત્યાંના બૌદ્ધિકોને પણ આ અવૈયક્તિક વિશ્લેષણ ઘણું આરામદાયી લાગે છે. જવાબદાર તો આ બધી 'સામૂહિકતાઓ' છે, લશ્કરી ઔદ્યોગિક સંકુલ છે, 'ક્રેમલિન' અથવા 'પેન્ટાગોન છે', એકલ દોકલ બિચારી 'વ્યક્તિઓ' આમાં શું કરી શકે? જનસંહારની વ્યૂહરચના કરનારા, ટેકનિકલ સલાહ આપનારા નિષ્ણાતો, જરૂરી સંશોધન કરનારા વિજ્ઞાનીઓ-ઇજનેરો, અને છેલ્લે હુકમો છોડનારા રાજકારણીઓ બધી જવાબદારીઓમાંથી છટકી જાય છે.

સામૂહિક માનવહત્યાની આ માનસિકતાને શબ-રતિક્રિયા (નેક્રોફિલિયા) સાથે તો કોઇ સંબંધ નહીં હોય ને? શબ-રતિક્રિયા એક પ્રકારની મનોવિકૃતિ છે, જેમાં વ્યક્તિ મૃત્યુના પ્રેમમાં પડે છે. એને શબ સાથે રતિકર્મ કરવાની તીવ્ર ઇચ્છા થાય છે. જે વ્યક્તિ મૃત્યુના પ્રેમમાં પડે તેને શબ સાથે રતિકર્મ કરવાની અદમ્ય ઇચ્છા થાય અને એનો અંતિમ અંજામ મૃત્યુમાં આવ્યા વિના રહેતો નથી. પરમાણુ શસ્ત્રવાદ, જેનું તાર્કિક પરિણામ સૌના મૃત્યુમાં, 'મહામૃત્યુ' (મેગાડેથ)માં આવે તેનું ચાલકબળ મનુષ્યજાતિમાં રહેલ કોઇ શબરતિ-ની મનોવિકૃતિમાં તો નહીં રહેલું હોય ને ?

આ મહામૃત્યુનો ભય લોકોને સતત ભયભીત અવસ્થામાં જીવતા કરી દે એમ બને. મૃત્યુનો સતત ભય મનુષ્યને લાગણીબુઠ્ઠો અને અસંવેદનશીલ બનાવી મૂકે છે. યુદ્ધમાં મૃત્યુનો સાક્ષાત્ અનુભવ કરી ચૂકેલા સૈનિકોનો અભ્યાસ તેની સાક્ષી પૂરે છે.

પરમાણુ શસ્ત્રવાદની હિમાયત ભય અને અસલામતી સામે રક્ષણ મેળવવા માટે કરવામાં આવે છે. રાષ્ટ્રીય હિતમાં પરમાણુ શસ્ત્રોની હિમાયત કરવામાં આવે છે, ત્યારે તે જાણે કે ધર્મવાક્ય બની જાય છે. તેનો પ્રતિવાદ રાષ્ટ્રદ્રોહ ઠરે છે. લાખો લોકો જેની સાથે આપણી કોઇ દુશ્મની નથી, એમનો સંહાર કરવાની શક્તિ (પરમાણુ શસ્ત્રો) મેળવવી અને એની આડમાં જીવવું, એટલે કે આપણે જીવીએ છીએ તેનું પ્રમાણપત્ર લેવા મહામૃત્યુ (મેગાડેથ) સમક્ષ અરજી કરવી! પણ જ્યારે એ મહામૃત્યુ તમે જીવિત છો એવું પ્રમાણપત્ર આપશે ત્યારે સ્વીકારવા માટે તમે જીવતા હશો ખરા?

આ લેખ તૈયાર કરવામાં આશિષ નાંદીના લેખ, 'એપિડેમિક ઓફ ન્યુકલીયરીઝમ'નો આધાર લીધો છે, તેમનો ઋણ સ્વીકાર. ■

*રેશનાલિટી : પાન ૩૬ પરથી ચાલુ*

જે જ્ઞાન પ્રાપ્ત થયું છે તે કેટલું સાચું છે, વિશ્વાસપાત્ર છે, તે કોણ નક્કી કરે અને કેવી રીતે નક્કી થાય? પ્રાપ્ત જ્ઞાન તે વ્યક્તિ પૂરતું જ 'સત્ય' છે કે અન્ય વ્યક્તિઓ પણ તે ચકાસી-પારખી શકે છે? જે જ્ઞાન (હકીકત, ઘટના, પ્રક્રિયા, સમજ, ઇ.) રજૂ કરવામાં આવી રહ્યું છે તે પયગંબરી સત્ય છે કે તેમાં ઉજાગર થયેલી નવી હકીકતો કે અન્ય વ્યક્તિઓ દ્વારા પ્રાપ્ત થયેલી નવી સમજને કારણે પરિશોધન થઇ શકે કે કેમ? જ્ઞાનપ્રાપ્તિની પદ્ધતિમાં પ્રાપ્ત જ્ઞાનની મુલવણી તથા ચકાસણીની જોગવાઇ પણ મહત્ત્વની છે.

અધ્યાત્મની પદ્ધતિ વ્યક્તિપરસ્ત છે, સ્વાનુભૂતિપરસ્ત છે. તેને સમજવા માટે કોઇ 'મહર્ષિ' કે સંત-મહાત્માનાં ચરણ સેવવાં પડે. એટલે કે, તે કહે તે નિર્વિવાદ માની લેવું પડે. વ્યક્તિએ પોતાની અનુભૂતિ કે અંતઃસ્ફુરણાના આધારે જે દાવો કર્યો હોય તેને કોઇ તટસ્થ પદ્ધતિ દ્વારા ચકાસવાની કે પરિશોધનની ગુંજાશ રહેતી નથી. પરિણામે અધ્યાત્મની પદ્ધતિમાં અફર 'પયગમ્બરી સત્ય'ની ભયજનક વાત આકાર પામે છે. અને તેમાંથી જ વિવિધ વ્યક્તિઓના પોતાના આગવા- ઐશ્વરી, અવતારવાદી કે પયગમ્બરી સત્યને આધારે - ધાર્મિક- સાંપ્રદાયિક ફાંટાઓ આકાર પામે છે, અળસિયાની જેમ ફૂટી નીકળે છે. તેમના 'સત્ય'માં શંકા કરનારા કે ફેરફાર સૂચવનારા કાં તો નવો સંપ્રદાય સ્થાપે છે કે 'નાસ્તિક' કે ધર્મદ્રોહી (હેરેટીક) ગણી શૂળીએ ચઢાવાય છે કે જીવતો જલાવી દેવાય છે. આવું વલણ વિચારો પરની આપખુદશાહી સર્જે છે, રાજકીય આપખુદશાહી આવા વલણની જ સહોદર છે.

વાસ્તવમાં, આધ્યાત્મિક અભિગમ સ્વસ્થ અને રેશનલ વિચારણામાં ઉપકારક નથી. એટલું જ નહીં પણ અવરોધક બની રહે છે. આધ્યાત્મિક પદ્ધતિ દ્વારા તારવવામાં આવેલું 'સત્ય' (૧) સાર્વત્રિક કે સર્વસ્વીકાર્ય નથી, (૨) તે વિશ્વસનીય નથી, (૩) તે નૈતિક ધોરણો સ્થાપવામાં કામ લાગતું નથી, (૪) તેના આધારે કોઇ નીતિ-ઘડતરનું કાર્ય હાથ ધરી શકાતું નથી, (૫) તેમાં સુધારણા કે પરિશોધનને અવકાશ નથી (પરિણામે તે આપવલણને પોષે છે- લોકશાહી જીવનશૈલી સાથે સુસંગત નથી), (૬) પોતાનું તારણ જ આખરી સત્ય હોવાનો દાવો વિવિધ વ્યક્તિઓ દ્વારા થતો હોવાથી તેમાં અસહિષ્ણુતા અને સાંપ્રદાયિક ફાંટાઓ સર્જાય છે (આથી જ ધાર્મિક-સંપ્રદાયોના અનેક ફાંટાઓ છે અને વિજ્ઞાનમાં નથી). આમ બંને વચ્ચે ગુણવત્તા અને પરિણામની દૃષ્ટિએ નોંધપાત્ર તફાવતો છે. આમ જોઇ શકાય છે કે રેશનલ અભિગમનો અસ્વીકાર કે તેની સાથે તડજોડ માનવવિકાસ માટે અવરોધક તથા ભારે હાનિકારક સ્થિતિ સર્જે છે. ■

# સત્તા સામે ન્યાયનો અવાજ - જસ્ટિસ ખન્ના

૨૫મી ફેબ્રુઆરીએ જસ્ટિસ એચ.આર.ખન્નાએ ૯૬ વર્ષની વયે આપણી વચ્ચેથી વિદાય લીધી. આપણે એવા જજ ગુમાવ્યા, જેમનું નામ ભારતના ન્યાયતંત્રના ઈતિહાસનાં પાનાંઓ પર સુવર્ણ અક્ષરે લખાશે. તેઓ કંઈ બહુ પ્રભાવશાળી કે વિદ્વાન જજ નહોતા. અલંકૃત શબ્દોથી સજ્જ છટાદાર ચુકાદા લખવાની એમને કોઈ ફાવટ નહોતી. અને લોકપ્રિય વિચારધારા માટે પણ તેઓ જાણીતા નહોતા. અને છતાં આ સરળ અને નિરાભિમાની જજ કોઈ પણ જાતના દબાણ કે પ્રલોભનમાં આવ્યા વિના પોતાના અંતરાત્માના અવાજ મુજબના નિર્ભીક ચુકાદા આપીને આપણા ન્યાયતંત્રના ઈતિહાસમાં પોતાની અમીટ છાપ છોડી ગયા છે.

૧૯૭૧થી ૧૯૭૭ સુધીના સુપ્રીમ કોર્ટના જજ તરીકેના એમના કાર્યકાળમાં એમણે બે સીમાચિન્હરૂપ ચુકાદાઓ આપેલા. એમાંનો પહેલો ૧૯૭૩નો કેશવાનંદ ભારતી કેસનો ચુકાદો હતો. આ કેસમાં, સંસદને બંધારણમાં ફેરફાર કરવાનો અબાધિત અધિકાર છે કે નહીં તે અત્યંત અગત્યના સવાલ પરનું એમનું પ્રદાન ખૂબ મહત્ત્વનું હતું. આજે તો ‘સંસદ બંધારણના મૂળભૂત ઢાંચા સાથે ચેડાં ન કરી શકે’ એ વાત આપણા બંધારણીય કાયદાનો અભિન્ન હિસ્સો બની ગઈ છે. આ સિધ્ધાંતના રચયિતા જસ્ટિસ ખન્ના હતા. એ દિવસોમાં તો સંસદની ‘સર્વોપરિતા’ની વાતો જ જોર પર હતી અને બંધારણમાં પણ તે ધારે તે ફેરફારો કરી શકે એમ છાતી ઠોકીને કહેવાતું. તેવા સમયે આ સિધ્ધાંત રજૂ કરીને જસ્ટિસ ખન્નાએ આપણી લોકશાહીને ‘અનિયંત્રિત’ સંસદના દુષણમાંથી બચાવી લીધેલી. એમાં એમની ભૂમિકા કેમ આટલી મહત્ત્વની હતી એની વિગતો પણ જાણવા જેવી છે. સુપ્રીમ કોર્ટે આ કેસ માટે ૧૩ જજોની બંધારણીય પીઠ બેસાડેલી. ૭૬ દિવસો સુધી ચાલેલી સુનાવણી બાદ ૬ જજો એ તારણ પર પહોંચેલા કે બંધારણમાં ફેરફાર કરવાનો સંસદનો અધિકાર મર્યાદિત છે, જ્યારે બીજા ૬ જજો એમ માનતા હતા કે એના આ અધિકારને કોઈ મર્યાદા નથી. આ સ્થિતિમાં જસ્ટિસ ખન્નાએ બંધારણના મૂળભૂત ઢાંચાની વાત મૂકી અને કહ્યું કે બંધારણમાં ફેરફાર કરવાનો સંસદને સંપૂર્ણ અધિકાર છે, પરંતુ એમ કરતી વખતે એ એના મૂળભૂત ઢાંચા સાથે કોઈ ચેડાં નહીં કરી શકે. એમના આ અભિપ્રાયે એ નાજુક પરિસ્થિતિ સાચવી લીધી અને બહુમતી જજોએ એમના આ અભિપ્રાયને પોતાનો ટેકો આપ્યો !

અલબત્ત, એમના જીવનનો સૌથી મહત્ત્વનો ચુકાદો તો ૧૯૭૬માં ‘*habeas corpus*’ તરીકે જાણીતા થયેલા કેસમાં એમણે જે વિરોધી ચુકાદો આપેલો તે જ હતો. ‘કટોકટી’ના એ કાળા દિવસો હતા જેમાં ‘વ્યક્તિ સ્વાતંત્ર્ય’નો મૂળભૂત અધિકાર છીનવી લેવાયો હતો અને કેટલાયે લોકોને આડેધડ અટક કરીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયા હતા. કાયદાના પીઠબળ વગર અટકમાં લેવાયા હોય એવા આ લોકોને પોતાની મુક્તિ માંગવાનો અધિકાર ખરો કે નહીં એ સવાલ પર દેશની નવ હાઈકોર્ટોએ પોતાના ચુકાદાઓ આપેલા, જેમાં એમણે સ્પષ્ટ રીતે જણાવેલું કે કટોકટીની સ્થિતિમાં પણ આ રીતે અટકમાં લેવાયેલી વ્યક્તિઓને મુક્તિની માંગણી કરવાનો અધિકાર છે. કેન્દ્ર સરકારે હાઈકોર્ટોના આ ચુકાદાઓ સામે સુપ્રીમના દ્વાર ખખડાવ્યા હતા. મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એ. એન. રેની અધ્યક્ષતામાં પાંચ જજોની ખંડપીઠે એ કેસ સાંભળ્યો હતો, જેમાં જસ્ટિસ ખન્ના પણ હતા. દેશની સવોચ્ચ અદાલતની આ ખંડપીઠ આ અંગે શું આખરી ચુકાદો આપે છે તેના પર આખી દુનિયાની નજર હતી. ત્યારે મુખ્ય ન્યાયમૂર્તિ સહિત ચાર જજોની બહુમતીએ પોતાના ચુકાદામાં જણાવેલું કે વ્યક્તિ સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર આંચકી લેવાયો હોવાથી આવી વ્યક્તિઓને કોર્ટ પાસેથી કોઈ રાહત મળી શકે નહીં, પછી ભલેને એમની એ અટકાયતને કાયદાનું કોઈ પીઠબળ ન હોય કે એ અનધિકૃત વ્યક્તિ દ્વારા કરવામાં આવી હોય કે પૂર્વગ્રહથી કરવામાં આવી હોય કે પછી એકને બદલે બીજી કોઈ ભલતી જ વ્યક્તિને પકડી લેવામાં આવી હોય!

આ બહુમતી ચુકાદા સામે પોતાનો વિરોધ નોંધાવવાનું કામ એક જ જજે કરેલું અને તે હતા જસ્ટિસ ખન્ના. તેમણે તેમના વિરોધી ચુકાદા (dissent judgement)માં સ્પષ્ટ રીતે જણાવ્યું કે વ્યક્તિ સ્વાતંત્ર્યનો મૂળભૂત અધિકાર છીનવી લેવામાં આવ્યો હોય ત્યારે પણ કાયદાના પીઠબળ વગર કોઈ પણ વ્યક્તિને અટકમાં લઈ શકાય નહીં, કારણ કે આપણી ન્યાયસંહિતાનો એ પાયાનો સિધ્ધાંત છે કે કાયદાના પીઠબળ વગર કોઈપણ વ્યક્તિના જીવન કે સ્વાતંત્ર્યને આંચકી શકાય નહીં.

એ તો સ્પષ્ટ છે કે અસધારણ નિર્ભયતાવાળી વ્યક્તિ જ કટોકટીના એ દિવસોમાં પોતાના સાથી જજોના અભિપ્રાયથી જુદા પડીને પ્રવર્તમાન સરકારની સામે પડી શકે. ન્યુયોર્ક ટાઈમ્સે પોતાની સંપાદકીય નોંધમાં જસ્ટિસ ખન્નાની આ નિર્ભયતાને બિરદાવેલી અને લખેલું કે :

*If India ever finds its way back to the freedom and democracy that were proud hallmarks of its first eighteen years as an independent nation, someone will surely erect a monument to Justice H. R. Khanna of the Supreme Court. It was Justice Khanna who spoke out fearlessly and eloquently for freedom this week in dissenting from the Court's decision upholding the right of Prime Minister Indira Gandhi's government to imprison political opponents at will and without court hearings.*

આ ચુકાદો લખતી વખતે જસ્ટિસ ખન્ના પૂરેપૂરા સભાન હતા કે આમ કરીને તેઓ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ બનવાની સંભાવના પર પાણી ફેરવી રહ્યા હતા. અને છતાં એ ચુકાદો લખતી વખતે તેમની કલમ એક ક્ષણ માટે પણ લડખડાઈ નહોતી. જસ્ટિસ રેની નિવૃત્તિ પછી સિનિયોરિટી પ્રમાણે મુખ્ય ન્યાયમૂર્તિ બનવાનો એમનો જ વારો હતો. અને એમણે ભાખેલું તેમ જ આ ચુકાદાના નવ મહિના પછી મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ રે નિવૃત્ત થયા ત્યારે ઈંદિરા ગાંધીએ એમને સુપરસીડ કરીને જેમણે બહુમતી ચુકાદામાં સહી કરેલી એવા જસ્ટિસ બેગને મુખ્ય ન્યાયમૂર્તિ બનાવ્યા. આ જાહેરાતની સાથે જ જસ્ટિસ ખન્નાએ સુપ્રીમ કોર્ટમાંથી પોતાનું રાજીનામું આપી દીધું. અને ત્યારે નાની પાલખીવાલા જેવા ધુરંધર વકીલોથી માંડીને સામાન્ય લોકો સુધીના સૌનાં શિર આદરથી ઝૂકી ગયેલાં. તેમણે દેશના મુખ્ય ન્યાયમૂર્તિની પદવી ભલે ગુમાવી હતી. પરંતુ એમ કરીને લોકશાહી અને સ્વતંત્રતાના ચાહક એવા વકીલો તેમજ સામાન્ય લોકોના હૃદયમાં કાયમી સ્થાન મેળવ્યું હતું. એમના જીવતે જીવ જ સુપ્રીમ કોર્ટમાં એમનું ચિત્ર મૂકવાનું અદ્વિતીય પગલું ભરવામાં આવ્યું એ પણ આ જ આદરનું પ્રતીક છે. આ સરળ અને નિર્ભયી જજને લાખ લાખ સલામ. ■ - **તૃપ્તિ**

# વાંચનનો મહિમા

***- કર્દમ ર. મોદી***

આપણી શિક્ષણ વ્યવસ્થાને સુધારવાના જાતજાતના નુસખા અપનાવાય છે પરંતુ ભાગ્યે જ અમલમાં મુકાય છે. તેવો જ એક ચમત્કારિક નુસખો ઈતર વાંચન કલા વિકસાવવાનો પણ છે, જેની વિસ્તૃત છણાવટ નીચે મુજબ છે. આપણે ત્યાં બાલમંદિરથી માંડીને અનુસ્નાતક કક્ષા સુધી કોઇપણ જગ્યાએ શિક્ષક, વિદ્યાર્થી કે વાલી કોઇપણ વ્યક્તિ પાઠયપુસ્તકની બહાર જતી નથી અને જવા માગતી નથી. તે જ કદાચ આ મહામારીનું મૂળ છે. વાલીઓ અને શિક્ષકો સતત તેના સંતાન કે વિદ્યાર્થી પર ''છાનોમાનો ચોપડી તૈયાર કરને''નો કોરડો વીંઝયા કરે છે, જેના પરિણામે લાંબે ગાળે વિદ્યાર્થીના મનમાંથી એ ખ્યાલ પણ નાશ પામે કે પાઠ્યપુસ્તક સિવાય અન્ય કોઇ પુસ્તક અખિલ બ્રહ્માંડમાં અસ્તિત્વ ધરાવે છે. નોટ માત્ર રૂપિયાની જ હોઇ શકે અને ચોપડો માત્ર નામાનો જ હોઇ શકે એવી માન્યતાથી ઘણા ગુજરાતીઓ આમેય પીડાતા હોય છે.

ઈતર વાંચનથી સમય બગડે છે અને એ કરવાથી શું ફાયદો? એના કરતાં ભણવાનું ન વાંચીએ? જેવા સરળ પ્રશ્નો આપણને ઉદ્ભવે, એ અસ્વાભાવિક નથી. પરંતુ જો સિક્કાની બીજી બાજુ તપાસવાની તસદી લેવામાં આવે તો ખ્યાલ આવશે કે હકીકત કંઇ ઓર જ છે. દા.ત. પાઠ્યપુસ્તકમાં નદી શબ્દ આવતો હોય તો નદીને નદી જ કહેવાય અને એના સિવાય કંઇ જ ન કહેવાય એવું વિદ્યાર્થી માનવા લાગે છે. પરંતુ જો એ વાર્તાની ચોપડી વાંચશે અને એમાં સરિતા શબ્દ જોશે તો એને ખબર પડશે કે નદીને સરિતા પણ કહેવાય. આમ, એનું શબ્દભંડોળ વધશે, વાક્યરચનાઓના નવા નવા પ્રકારો મળશે, આલંકારિકતા જાણવા મળશે અને પરિણામ સ્વરૂપે ભાષા પરની પકડ વધશે, જેના આધારે તે પરીક્ષાના પ્રશ્નપત્રમાં પુછાતા નિબંધ જેવા પ્રશ્નો મૌલિકતાથી લખી શકશે. હાલના તબક્કે વિદ્યાર્થીઓ પ્રશ્નોત્તર તો શું નિબંધ પણ મૌલિક રીતે નથી લખી શકતા. ગુજરાત નામના એક રાજ્યમાં સૌથી વધારે વિદ્યાર્થીઓ માતૃભાષામાં નાપાસ થતા હોય તે ''ઊગે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો...'' જેવા કલાપિના શબ્દો પાછળના ભાવને શું સમજી શકતા હશે! આ સ્થિતિ જોઇને કદાચ કલાપિની આંખમાં પણ આંસુ આવી જાય!

ફોન અને મોબાઇલનો વપરાશ વધતાં હવે પત્રાચાર મૃતાવસ્થા પ્રાપ્ત કરી ચૂક્યો છે. આજની યુવા પેઢી પોસ્ટકાર્ડને કૌતુકથી જુએ છે અને એક નિર્જીવ કાગળને, નિર્જીવ ડબ્બામાં નાખવાથી એ સામેની વ્યક્તિ સુધી કેવી રીતે પહોંચી શકે? એ વિશે આજની યુવાપેઢી ગહનતાપૂર્વક વિચારી રહી છે. અહીંયા ટેકનોલોજીનો વિરોધ નથી પરંતુ મૌલિકતાની હત્યાનો અફસોસ છે.

ભાષારૂપી મહાસાગરનું એક નાનકડું બિંદુ એટલે પાઠ્યપુસ્તક. પાઠ્યપુસ્તક એ મર્યાદિત શબ્દભંડોળ અને નિશ્ચિત વાક્યોની જાણકારીથી આગળ જઈ શકે નહીં. એ માટે સંદર્ભ પુસ્તકો સુધી જવું જ પડે. પરંતુ આપણે ત્યાં યેનકેન રીતે પાઠ્યપુસ્તકોથી આગળ વધવાની સખત મનાઈ હોય છે. શાળા કે કોલેજ કે નગરનાં પુસ્તકાલયોની આગળ જાણે એક અદૃશ્ય પાટિયું મૂકેલું હોય છે કે ''સાવધાન! આગળ પુસ્તકાલય છે! શું પુસ્તકાલયો શિક્ષણને નુકસાન કરે છે કે સહાય કરે છે? ઓછામાં ઓછાં બસો વર્ષનો આપણો વર્ગખંડ શિક્ષણનો અનુભવ છે. જેના નિચોડ રૂપે મળ્યું છે એ કે સૌથી વધારે છોકરા માતૃભાષામાં નપાસ થાય છે. આથી હવે વર્ગખંડનો નિયમિત તાસ છોડીને પુસ્તકાલયમાં બેસીને વાર્તાની ચોપડી વાંચતા છોકરાની પીઠ થાબડવાનો સમય પાકી ગયો છે. વિદ્યાર્થીઓ લેસન લાવ્યા કે નહીં એ પળોજણમાં પડવા કરતાં આ અઠવાડિયામાં વિદ્યાર્થીઓએ કેટલી ચોપડીઓ વાંચી તે જાણવું વધારે જરૂરી થઈ પડશે. પ્રશ્નોત્તર લખી લાવનાર વિદ્યાર્થી ભાગ્યે જ આપબળે લખતો હોય છે.

આજે પ્રાથમિક શાળાના બાળકે ગિજુભાઈની વાર્તાઓ ન વાંચી હોય અને ભાષામાં અનુસ્નાતક થયેલા વિદ્યાર્થીએ સરસ્વતીચંદ્ર નામનો ગ્રંથ ન વાંચ્યો હોય એ જાગૃત સમાજ માટે ચિંતાનો વિષય ગણાય. અંગ્રેજી ભાષામાં જે.કે. રોલીંગની બાળ નવલકથા હેરી પોટરની સત્તાવીસ કરોડ કોપીઓ વેચાય છે. લોકો ખરીદવા માટે આખી રાત કતારમાં ખડા રહે છે. જ્યારે આપણે ત્યાં સારામાં સારાં ગુજરાતી પુસ્તકો બારસો પંદરસો પ્રતોથી વધારે આગળ નથી વધી શકતાં. વૃદ્ધ લેખકોએ લખેલ નવલકથાનાં બાળમરણ થઈ જાય છે અને પુસ્તકાલયોની ઊધઈ પોતાની જાતને બડભાગી માને. આવો છે આપણી પ્રજાનો વાંચનપ્રેમ! જે શીઘ્ર ચિંતાનો વિષય બનવો જોઈએ. વિચિત્રતા તો એ છે કે આપણે ત્યાં વાંચનને કે વાંચનારને લોકો કુતૂહલથી જુએ છે. વાંચવું એ જાણે કોઈ શરમજનક કૃત્ય હોય તેમ માનીને લોકો વાંચનક્રિયાથી દૂર રહે છે. વાંચનારને વેદિયો કે''પુસ્તકનો કીડો'' જેવા નિમ્ન કક્ષાના શબ્દોથી નવાજવામાં આવે છે. વળી, આપણી આસપાસ કોઈપણ વ્યક્તિ ક્યારેય, કશું પણ વાંચતી નથી, આથી નવી પેઢીના બાળકને કે વિદ્યાર્થીને ઇતર વાંચન વિશે કોઈ પ્રેરણા કે પ્રોત્સાહન મળતાં નથી. એના જ ફળસ્વરૂપે સમગ્ર સમાજમાંથી પુસ્તક અને પુસ્તકપ્રેમ અદૃશ્ય થઈ ગયાં છે.

શું વાંચવાથી જીવનની સમસ્યાઓ ઊકલી જાય? હરગિજ નહીં. વાંચવાથી સમસ્યાઓ ઉકેલાવાની નથી, બલ્કે વધે પણ ખરી. તો પછી વાંચવાનું શા માટે એ એક યક્ષપ્રશ્ન બની ગયો .

વાંચન એ આપણા ખાલી સમયને ભરી આપે છે. આપણી એકલતાને જીવંત કરે છે. આપણને નવા નવા વિચારો આપે છે. આપણી જાત વિશે વિચારવા પ્રેરે છે. આપણા આઉટ ડેટ થઈ ગયેલા વિચારોને અપડેટ કરે છે. આપણા સ્વનું પરિમાર્જન કરે છે. આપણામાં પડેલી અશક્યતાનું સંભાવનામાં રૂપાંતર કરે છે. અને સંભાવનાને સાકાર કરી આપે છે. બારીનું પ્રતિબિંબ દર્પણ પર પડતું જોઈને દર્પણના કાચમાંથી નીકળવા ધમપછાડા કરતી ચકલીને કોણ સમજાવે કે એની મથામણ સાચી છે પણ દિશા ખોટી છે. પુસ્તકો આપણી ખોટી મથામણો સામે આપણને સમજાવવાનું કામ કરે છે. પુસ્તકો એ મંજિલ નથી પણ મંજિલ સુધી પહોંચાડવાનો માર્ગ છે. માત્ર પચ્ચીસ વર્ષની ઉંમરે (શિક્ષકની) નોકરી છોડી. ''આજથી તારે ખોળે છઉં'' એવું કલમને કહેનાર નર્મદ કે ચાર આંકડાનો પગાર છોડીને બે આંકડાના પગારવાળી છાપાના તંત્રી-પત્રકારની નોકરી સ્વીકારનાર ઝવેરચંદ મેઘાણી ક્યારેય નિરાશ નથી થયા. બલ્કે, સાહિત્યના ઉદ્યાનમાં ફૂલની જેમ ખીલ્યા છે.

તમામ હાલાત દેખતે હુએ એવું લાગે છે કે શિક્ષણ અને સમાજ બંનેની ઊર્ધ્વગતિ માટે વાંચન, કલા અને પુસ્તકપ્રેમ વધારવા માટે જ કાર્યક્રમો હાથ ધરવાની હવે જરૂર છે, જે કામ સમાજ અને સરકાર બંનેના ક્ષેત્રમાં આવે છે. પરંતુ નાનાં બાળકોને ચોકલેટ અને રમકડાંની જેમ જ રંગીન ચિત્રોવાળી ચોપડીઓ આપવા વાલીઓ પણ જાગૃત બને અને જો આવું બનશે તો નવપરિણીત દંપતીને સ્ટીલના ડબ્બાને બદલે પુસ્તક ભેટ આપવાનો રિવાજ પણ સમાજમાં પ્રચલિત થશે, એવા અશક્ય દિવસો દૂર નહીં હોય. મંદિરો, મસ્જિદો અને ચર્ચો બાંધવાને બદલે વાતાનુકૂલિત પુસ્તકાલયો બંધાય એવો દિવસ ઊગે એ શિક્ષિત વ્યક્તિ તરીકેનું સપનું હોવું જોઈએ. ધર્મના નામે ઘર તેમજ દુકાનો સળગાવી નાખનારાએ પોતાના ધર્મનો ધાર્મિક ગ્રંથ ભાગ્યે જ વાંચ્યો હશે. નહિતર એ દુકાનો અને ઘર ન સળગાવે, કારણ કે કોઈ ધર્મગ્રંથ હિંસાનું સમર્થન નથી કરતો. વાંચન વધવાથી જ્ઞાન વધે છે. અને જ્ઞાન વધવાથી સામાજિક સંવાદિતા, કોમી શાંતિ અને દયા-પ્રેમનું વાતાવરણ સર્જાશે. આમ, આપણામાં પડેલા અજ્ઞાનના અંધકારને દૂર કરવા માટે પુસ્તકવાંચન એ જ્ઞાનરૂપી દીવો પ્રગટાવવા સમર્થ છે. માત્ર સ્વપ્રયત્નની ઊણપ છે.


એક શિક્ષિત વ્યક્તિ તરીકે આપણે વાંચવાનું શરૂ કરીએ, બીજાને પ્રોત્સાહન આપીએ અને વાંચનારાઓની પુસ્તક કલબ સ્થાપીએ. જ્યારે મળીએ ત્યારે વાંચેલાં પુસ્તકો વિશે વિચારોની લેવડદેવડ કરીએ. શક્ય છે, આવું કરવાથી સમાજનો ઢાંચો બદલાય. ■

*I have often said that from the amoeba to Einstein there is only one step. Both work with the method of trial and error. The amoeba must hate error, for it dies when it errs. But Einstein knows that we can learn only from our mistakes, and he spares no effort to make new trials in order to detect new errors, and to eliminate them from our theories. The step that the amoeba cannot take, but Einstein can, is to achieve a critical, a self-critical attitude, a critical approach. It is the greatest of the virtues that the invention of the human language puts within our grasp. I believe that it will make peace possible.*

*Karl Popper (1990)*

*But I shall let the little I have learnt go forth into the day in order that someone better than I may guess the truth, and in his work may prove and rebuke my error. At this I shall rejoice that I was yet the means whereby this truth has come to light.*

*Albrecht Durer, quoted by Karl Popper*



RNI No. GUJMUL/2007/21517

Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj Jan-Feb 2008 Volume 2 Issue 1
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara